જ્ઞાનાનંદી આતમધ્યાને, ભજન સ્ફુરણા આદરે તું. પ્ર૦ ૫

---

(૯૩) મહાવીર જિન-સ્તવન.

વિમલાચલના વાસી મારા વ્હાલા-એ રાગ.

મહાવીર પ્રભુ સુખકારી સદા, તુજ પાય નમું પાય નમું;
પ્રભુ આણ ધરૂ શીર ધ્યાન ધરૂં, નિજભાવે રમું ભાવે રમું.
મ૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઘાતિકર્મનો નાશ કરીને, પામ્યા કેવલજ્ઞાન,
આતમસો પરમાતમ જાણી, ધ્યાયું શુકલધ્યાન. સદા. સ. ૧
રત્નત્રયીની સ્થિરતા પામ્યા વામ્યા ભવ જંજાલ;
પરમાતમ પરમેશ્વર પરગટ, કરતા મંગલમાલ. સદા૦ સ. ૨
જ્ઞાનાદિક ચારે ગુણ મળીયાં, ગળીયાં કર્મો આઠ;
કારણ ચાર વિના નહિ કારજ, શ્રી સિદ્ધાંતે પાઠ. સ૦ સ. ૩
સંપ્રતિ શાસન તારૂં પામી, પુરુષાર્થ કરૂં આજ;
કરતાં કારણ ચારે પામી, પરમાતમ પદ થાય. સદા૦ સ. ૪
આતમ તે પરમાતમ સાચો, નિર્મલ સિદ્ધ સમાન;
અંતર આતમ ઘટમાં શોધો, ત્રણ્ય ભુવનનો ભાણ. સ૦. સ. ૫

(૯૪) સ્તવન.

વ્હાલા વીરજિનેશ્વર વીનતડી અવધારશોરે–રાગ.

સાચો અન્તર્ સ્વામી આતમ દિલમાં ધ્યાવજેરે,
અંતર અલખ જગાવી, નિર્ભયપદ ઝટ પાવજેરે.
સાચો૦ ૧
સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમધ્યાને વરીયો;
પ્રભુને અન્તર્ દિલમાં પ્રેમથકી પધરાવજેરે. સાચો૦ ૨
ભક્તિ કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્તા આપ સ્વભાવે;
પોતાને તું ક્ષાયિકભાવે સમાવજેરે. સાચો૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઝટપટ જંઝાળોને ત્યાગી, સત્યજ્ઞાનથી થા તું રાગી;
વીર વીતરાગી આતમ પ્રભુને તું પાવજેરે. સાચો૦ ૪

(૯૫) સ્તવન.

વ્હાલા વીરજીનેશ્વર વીનતડી અવધારજોરે—રાગ.

ચેતન ચતુરાઇથી શિવપુર મારગ ચાલજેરે;
છોડી વિષય વિકારો, મનડું નિજઘર વાળજેરે.
દુનિયાદારી દૂર વિસારી, ઉપયોગે આતમગુણધારી;
ક્ષાયિકભાવે તું કર્મ વિદારજેરે. ચેતન૦ ૧
ઘનઘાતી ચઉકર્મ ખપાવે, આત્મિક શુદ્ધસ્વભાવે ભાવે;
પોતાને તું પર પરિણતિથી વારજેરે. ચેતન૦ ૨
સ્થિરતા આપસ્વરૂપે આવે, પરમાનંદ પ્રેમે ત્યાં પાવે;
ચિદાનંદે ધ્યાન ધરીને આતમ તારજેરે. ચેતન૦ ૩

(૯૬) સ્તવન.

તુમ્હે જોજયો જોજયો રે, વાણિને પ્રકાશે તુમ્હે૦
ઉઠે છે અખંડ ધ્વની, જોજને સંભળાય;
નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમજી જાય. તુમ્હે૦ ૧
દ્રવ્યાદિક દેખી કરીને, જાય નિક્ષેપેજુત્ત;
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્ભુત. તુમ્હે૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પય[1] સુધા ને ઇક્ષુવારિ[2], હારી જાયે સર્વ;
પાખંડી જન સાભળીને, મૂકી દિયે ગર્વ. તુમ્હે૦ ૩
અનંત રહસ્યે અલંકરી, સીમંધર જિન વાણી;
શંસય છેદ મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણી. તુમ્હે૦ ૪
વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ;
નિશ્ચયને વિવહાર જાણે, જાણે નિજ પર ભાવ. તુમ્હે૦ ૫
સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને રમણભાવ;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર. તુમ્હે૦ ૬
નરક સ્વર્ગ અપવર્ગ[3] જાણે, થિર વ્યય ને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ. તુમ્હે૦ ૭
નિજ સ્વરૂપને ઓલખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમ તે, થાયે જિન ગુણ રૂપ. તુમ્હે૦ ૮
વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ જેહ;
નીમાં[4] તે પરભાવ તજીને પામે શિવપુર તેહ. તુમ્હે૦ ૯

---

(૯૭) શ્રી સીમંધર જિન-સ્તવન.

રામચંદ્રને બાગ ચાંપો મોરી રયોરી-રાગ.

સીમંધર દેવ દયાળ, ભવોદધિ પાર કરોજી;
તું પ્રભુ દીન દયાલ, તારક બિરૂદ ધરોજી. ૧

---

૧ દૂધ. ૨ શેરડીનો રસ. ૩ મોક્ષ. ૪ નિયમા, નિશ્ચયે કરીને.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તુમ સમ વૈદ્ય ન કોય, જાનો મરમ ખરોરી;
જાવે જસ વિધ રોગ, તૈસોહી ગ્યાન ધરોરી. ૨

ભ્રાંતિને ચાર કષાય, રોગ અસાધ્ય કહ્યોરી;
મદન મહા દુઃખ દેન, સબ જગ વ્યાપ રહ્યોરી. ૩

તું પ્રભુ પૂરણ વૈદ, ત્રિભુવન જાચ લહ્યોરી;
કિરપા કરો જગનાથ, અબ અવકાશ થયોરી. ૪

વચન પીયૂષ અનુપ, મુજ મનમાંહે ધરોરી;
દીજો પથ્ય પ્રદાન, આતમ દાહ હરોરી. ૫

સમ્યગ દરસણ ગ્યાન, ખમા મૃદુ સરલ ભલોરી;
તોષ અવેદ અભંગ, તો સહુ રોગ દલ્યોરી. ૬

પથ્યોદન જિન ભક્તિ, આતમરામ રમ્યોરી;
તૂંહો સીમંધર જિનેશ, અરિ દલ ક્રૂર દમ્યોરી. ૭

---

(૯૮) શ્રી સીમંધર જિન–સ્તવન.

સ્વામી સુજાત સુહાયા–રાગ.

સીમંધરનાથ નિરાગી નિઃકામી નિઃસનેહી શિવગામી રે;
સ્વામી સ્વારથકારી.

રોષે કરીને નવિ રીસાઇ, તું નિઃસનેહી ગુણ ગાઇ રે.
સ્વામી૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બંધ ઉદિત તીર્થ નામ ભોગવતો,
આતમરસ જોગવતો રે; સ્વામી૦
નિઃકર્મા થાવાને કાજે,
બેસી સમોસરણે ગાજે રે. સ્વામી૦ ૨
તો હું શું કરી તુજ રીઝાવું,
એક ઉપાય ચિત લાવું રે; સ્વામી૦
ધ્યાન તુમારૂં નિત્યે ધરશું,
અમે પણ સ્વારથ કરશું રે. સ્વામી૦ ૩
યાવત સ્વારથ પૂરો પાવું,
તાવત તુજને ધ્યાઉં રે; સ્વામી૦
ભૂપ સરખી પ્રજા જાણો,
લોક વાત મન આણો રે. સ્વામી૦ ૪
ન્યાય મારગમાં સીમંધરનાથે,
નિરૂપાધિક ગુણ છાજે રે; સ્વામી૦
આતમરામ પ્રભુ સેવા પામી,
લહો લક્ષ્મી શિવ કામી રે. સ્વામી૦ ૫

(૯૯) શ્રી શાંતિજિન-સ્તવન.

દયાલરાય-રાગ.

સોળમા શાંતિ જિનેશ્વર હો રાજ, ચક્રી પંચમ એહ હો,
મનમોહન સ્વામી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વીનવું હું શિરનામીને હો રાજ,
તું મુજ અંતરજામી હો; મન૦
ઉપકારી ત્રિહું લોકના હો રાજ;
જિમ જગ રવિ શશિ મેહ હો. મ૦ ૧

માહરે તુમ શું પ્રીતડી હો રાજ,
તું તો સદા વીતરાગ હો; મન૦
ભિન્ન સ્વભાવ તે કિમ મિલે હો રાજ,
ઇમ નહિ પ્રીતિનો લાગ હો. મન૦ ૨

હું મોહે મુંઝયો ઘણું હો રાજ,
તું નિરમોહી ભદંત હો; મન૦
તું સમતા સુખ સાગરૂ હો રાજ,
હું પ્રભુ મમતાવંત હો. મન૦ ૩

હું પરભાવે રાચીયો હો રાજ,
તું ચિદાનંદ સ્વરૂપ હો; મન૦
અસ્થિરતા મુજને ઘણી હો રાજ,
તું શીતળ જગ ભૂપ હો. મન૦ ૪

ઇમ બિહુ ભિન્ન પણા થકી હો રાજ,
કિમ એક તાન મિલાય હો; મન૦
સ્વામી સેવક અંતરે હો રાજ,
કિમ લહું સ્વામી પસાય હો. મન૦ ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પણ ભક્તિ નિર્મળ કરી હો રાજ,
અહનિશિ કરૂં તુમ સેવ હો; મન૦
આશ્રિત જાણી સંગ્રહો હો રાજ,
પાર ઉતારો દેવ હો. મન૦ ૬
તુમ નાથે હું સનાથ છું હો રાજ,
ધન્ય ગણું અવતાર હો; મન૦
પુરૂષોત્તમ પ્રભુના દાસને હો રાજ,
આપો શિવસુખ સાર હો. મન૦ ૭

(૧૦૦) શ્રી સીમંધર જિન-સ્તવન.

સાહિબા સીમંધર જિનજી નાથ અનાથ તણો ધણી રે લો,
સાહિબા વસ્તુ સ્વભાવ પ્રકાશક ભાસક દિન મણી રે લો;
સાહિબા ધર્મ અનંતા સુખ દેતાં પરગટ થયો રે લો,
સાહિબા વસ્તુ સરવ પર્યવસ ભાખે જિન પ્રભુ રે લો. ૧
સાહિબા યુગ પદ ભાવી ને ક્રમ ભાવી પર્યવ કહ્યા રે લો,
સાહિબા જ્ઞાનાદિક યુગ પદ ભાવી પણે સંગ્રહ્યા રે લો;
સાહિબા નવ જીર્ણાદિક થાય તે ક્રમ ભાવી સુણો રે લો,
સાહિબા શબ્દ અરથથી તે પણ દ્વિવિધ પરે મુણો રે લો. ૨
સાહિબા સર્વ અતીત અનાગત સાંપ્રત કાળથી રે લો,
સાહિબા ઇત્યાદિક નિજ બુદ્ધે કરો સંભાળથી રે લો;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સાહિબા સમકાળે ઇમ ધર્મ અનંતા પામીયે રે લો,
સાહિબા તે સવિ પરગટ ભાવથી તુમ્હ શિર નામીયે રે લો. ૩
સાહિબા ષટ દ્રવ્યના જે ધર્મ અનંતા તે સવે રે લો,
સાહિબા નહિ પરછીન્ન સ્વભાવ અભાવ મુજ સંભવે રે લો;
સાહિબા પુષ્ટાલંબન તુંહિ પ્રગટ પણે પામીયા રે લો,
સાહિબા હું પણ હવે તુજ રીતે થવાને કામીયા રે લો. ૪
સાહિબા સીમંધરનાથ પરે હસ્તીમલ્લ થઈ ઝુઝશું રે લો,
સાહિબા જેમ ભવિ જીવને બૂઝવ્યા તિમ અમે બૂઝશું રે લો;
સાહિબા તસ પરે ઉત્તમ શિષ્યને મહેરથી નિરખીયે રે લો,
સાહિબા તુમ સેવક કહે તો અમ્હે ચિત્તમાં હરખીયે રે લો. ૫

(૧૦૧) શ્રી સીમંધર જિન–સ્તવન.

મુજરો મારો લ્યોને રાજ–રાગ.

તું પારંગત તું પરમેસર, વાલા મારા તું પરમારથ વેદી;
તું પરમાતમ તું પુરુષોત્તમ, તું અછેદી અવેદી.
તાહરી દ્રષ્ટિ ઉપશમ ધારી રે.
જગના સોહનીયા. ૧

યોગી અયોગી ભોગી અભોગી, વાલા૦
તુંહી જ કામી અકામી;
તુંહી અનાથ નાથ સહુ જગનો,
આતમ સંપદ રામી. તાહરી. ૨

Ganesh Varni Digambar Jain Institute; Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એક અસંખ્ય અનંત અનૂચર, વાલા૦
અકળ સકળ અવિનાશી;
અરસ અવર્ણ અગંધ અફરસી,
તુંહિ અપાસિ અનાશી. તાહરી. ૩
મુખ પંકજ ભમરી પરે અમરી, વાલા૦
તુંહી સદા બ્રહ્મચારી;
સમવસરણ લીલા અધિકારી,
તુંહી જ સંયમ ધારી. તાહરી. ૪
સત્યકી નંદન અચરિજ એહી. વાલા૦
કહણીમાંહિ ન આવે;
સીમંધરજીનજી વયણ સુધારસ,
પીવે તેહિ જ પાસે. તાહરી. ૫

(૧૦૨) નમિજિન-સ્તવન.

ધર્મ જીનેશ્વર-રાગ.

શ્રી નમિસ્વામી રે જાગી શુભ ચેતના,
રાગ ધર્યો તુમ સાથ; જીણંદજી.
સમકિત પામી રે સાર દશા ધરી,
દીઠો શિવપુર સાથ. જીણંદજી.
નમિજિન ભાસ પોતા સરીખા. ૧
આતમ જાણું રે નિરૂપાધિક પણું,
સ્વભાવિક ગુણ ખાણ; જીણંદજી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જે અસંખ્યા રે પ્રદેશ નિરાવરણા,
લોકાકાશ પ્રમાણ. જીણંદજી. નમિ૦ ૨
નિજ પ્રદેશે રે એકેક હે,
ગુણ અનંત નિવાસ; જીણંદજી.
પરમાનંદી રે શિવસુખ સંપન્ન,
નિરામય સુવિલાસ. જીણંદજી. નમિ૦ ૩
નિર્વિકારી. રે નિરાધારી એ,
દ્રવ્યકર્મ વિનિર્મુક્ત, જીણંદજી,
ભાવ કર્મથી રે ત્યક્ત નિરંજન,
નોકર્મ હીણા ઉક્ત. જીણંદજી. નમિ૦ ૪
દર્શન નાણી રે કેવળ ભાવથી,
અરૂપી અવિનાશ; જીણંદજી.
નિર્વરણી રે નિર્ગ્રંથી નિર્ગ્રંથ,
નિર્લેશ નહિ ફરસ. જીણંદજી. નમિ૦ ૫
સંયોગી રે ઉપાધિક સર્વે,
કનક ઉપલને[1] ન્યાય; જીણંદજી.
ધ્યાનાનળની રે જવાળાએ કરી,
પૃથક કર્યે સુખ થાય. જીણંદજી. નમિ૦ ૬
એહવો ભાસ્યો રે આતમ આપણો,
નમિ જિનનાં સુણી વાચ; જીણંદજી.

---

૧ પત્થર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કીર્ત્તિ વાધી રે દેશ દેશાંતરે,
સેવક કહે જિન સાચ્ચ. જીણંદજી. નમિ૦ ૭

(૧૦૩) અનંતજિન-સ્તવન.

(દીઠાં લોચણ આજ-રાગ.)

ગુણ અનંત અરિહંતના રે, જિનપતિ તેજ અનંત;
સુખ અનંત સહજે દીયેં રે, સેવંતાં ભગવંત.
અનંતજી આવો અધિક ઉછાહ, મુજ મન મંદિર માંહિ. ૧
સુખ અનંત જો મુજ હોયેં રે, સુખે સુખે જીભ અનંત;
ગુણ અનંતના બોલતાં રે, તોહે ન આવે અંત. અનંત. ૨
જ્ઞાન અનંત મુજ દીઓ રે, દરિશણ રિદ્ધિ અનંત;
ભક્ત ભણે તુમ્હથી હજો રે, મુજને શક્તિ અનંત. અ. ૩

(૧૦૪) શ્રી સીમંધર જિન-સ્તવન.

રામચંદ્રને બાગ ચાંપો મોરી રહ્યોરી-રાગ.

સ્વામી સીમંધર જિણંદ, શમરસ કુંભ ભર્યોરી;
તામેથી લવ[1] એક, દીજે કાજ સરેરી. ૧
નવિ ચાહું ઘૃતપૂર, સાકરપાક ભલોરી;
ચિંતામણિ કામધેનુ, સુધારસ સાખિ ફળોરી. ૨

---

૧ અંશ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રાજ્ય રામા સ્વર્ગભોગ, તે સવિ છાર[૨] ગણુંરી;
ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર, દુઃખીયા તેહ ભણુંરી. ૩
સુખીયા તે મુનિરાય, ઉપશમ સાર ભજેરી;
પર પરિણત પરિણામ, કારણ જેહ તજેરી. ૪
ઉપશમ રસ તવિ હોય, નિજ શુદ્ધ ધ્યાન ધરેરી;
મિથ્યાત વિષયનો ત્યાગ, જિન વચ અમીય સિંચેરી. ૫
ભક્તવત્સલ ભગવંત, સેવક દુઃખ ટલેરી;
શ્રીજીનરાજ પ્રભુ પાય, સેવા સાચ ફળેરી. ૬

(૧૦૫) શ્રી શાંતિનાથ જિન–સ્તવન.

ભવીયાં અજીતવીર્ય જીન વંદો–રાગ.

શાંતિ જિણંદ શાંતિ કર સ્વામી, પામી ગુણ મહિ ધામી;
નિઃકામી કેવલ આરામી, શિવ પરિણતિ પરિણામી રે.
પ્રાણી શાંતિ નમો ગુણખાણી. ૧
અંતરથી પ્રભુ નમન કરીને, શુદ્ધાતમ મન ભાવે;
અમલ આનંદી સુમતિ મનાવે, કલુષિત કુમતિ રીસાવે રે.
પ્રાણી૦ ૨
આતમ જે પરમાતમ પરખે, તે પરમાતમ પરસે;
તેહિ જ પરમાતંમતા પાંમે, પરમાતમને દરસે રે.
પ્રાણી૦ ૩

---

૨ રાખ જેવી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મુજ આતમ પરમાતમ પરસ્યો, પરમાતમતા વરસે;
લોહ લોહતા મૂંકી કંચન, થાયે પારસ ફરસે રે.
પ્રાણી૦ ૪

પરમાતમ થઈ પોતે રમસ્યું નિજપદ જિનપદ રાગે;
શ્રી જિનદાસ શાંતિ જિન આગે, પરમાતમતા આંગે.
પ્રાણી૦ ૫

(૧૦૬) શ્રી શીતળજિન-સ્તવન.

ધર્મ જીનેશ્વર-રાગ.

સહેજે શીતળ શીતળ જિન તણી,
શીતળ વાણી રસાળ જીણંદજી;
વદન ચંદ્ર બરાસ અધિક સુણી,
સમજે બાળ ગોપાળ જીણંદજી. સહેજે૦ ૧

સ્વરૂપ પ્રકાશે રે સંશય નવિ રાખે,
દાખે ભવજળ દોષ જીણંદજી;
રાગાદિક શોષક દૂરેં હરે,
કરે સંયમનો રે પોષ જીણંદજી. સહેજે૦ ૨

સુર નર તિરિગણ એકાગ્રથી,
નિસુણે હર્ષ અપાર જીણંદજી;
વૈર વિરોધ ન ભૂખ તૃષા નહીં,
વળી નહીં નિદ્રા લગાર જીણંદજી. સહેજે૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સહુને સુણતાં રે હર્ષ વધે ઘણો,
ઉત્તમ અધિક ઉચ્છાહ જીણંદજી;
તૃપતિ ન પામે રે સ્વાદુપણા થકી,
જિહાં લગી ભાખેરે નાહ જીણંદજી. સહેજે૦ ૪

તાપ મિટે સવિ વિષય કષાયનો,
શીતળ હુવે ભવિ મન્ન જીણંદજી;
અમૃત પાન તૃપતિ જિમ સુખ લહે,
વહે જનમ ધન્ન ધન્ન જીણંદજી. સહેજે૦ ૫

ભવદવ તાપ નિવારો નાથજી,
દ્યો શીતળતા રે સાર જીણંદજી;
શ્રી જિનરાજ તણો દાસ કહે,
જિમ લહુ સુખ અપાર જીણંદજી. સહેજે૦ ૬

(૧૦૬) શ્રી સીમંધર જિન-સ્તવન.

મ્હારો મુઝરો લ્યોને-રાગ.

સીમંધર જિન નયણે નિરખી, આતમથી ઉલસિયો;
નયણે નિરખ્યાં આતમ ઉલસ્યે, એ અચરિજ મન વસિયો.
પ્રભુજી સીમંધર જિન મહારાજ, આજ મૈં નયણે દેખ્યા. ૧
શ્રી સીમંધર જિન નયણે દીઠા, સંશય ન રહે લેશ;
અંધકાર તિહાં મૂલ નહીં જિહાં, સૂરજ કિરણ પ્રવેશ. પ્ર૦ ૨
લૌકિક દૃષ્ટે નયણે નિરખ્યાં, વસ્તુ ગ્રહણ નવિ થાયે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

લોકોત્તર આગમ દૃષ્ટેં કરી, પ્રભુતા પ્રગટ જણાયે. પ્ર૦ ૩
પ્રભુ નિરખ્યાં જે આતમ પરખે, તે ઉત્તમ અવિનાશી;
આતમ પરખે પ્રભુ પરખાયે, તે જાણો નિજવાશી. પ્ર૦ ૪
આગમ દૃષ્ટે નયણે નિરખે, તે પ્રભુ પ્રભુતા નિરખી;
શ્રી ગુરુરાજ કૃપાએ જિન દેખ્યાં, વિકસિત હિયમેં હરખી.
પ્રભુજી૦ ૫

---

(૧૦૭) શ્રી સીમંધર જિન–સ્તવન.

નિરખી શાંતિજીણંદ ભવિકજન હરખોરે–રાગ.

તાહરી અજબ શી જોગની મુદ્રારે, લાગે મુને મીઠી રે;
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે.
લોકોત્તરથી જોગની મુદ્રા,
વાલ્હા મારા, નિરૂપમ આસન સોહે;
સરસ રચિત શુકલધ્યાનની ધારે,
સુર નરનાં મન મોહે રે. લાગે૦ ૧
અષ્ટભૂમિ રતનસિંહાસન બેસી,
વાલ્હા મારા, ચિહૂં દિશે ચામર ઢાળે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે. લાગે૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અમૃત ઝરણિ મીઠી તુજ વાણિ,
વાલ્હા મારા, જેમ આષાઢો ગાજે;
કાન મારગ થઈ હિયડે પેસી,
સંદેહ મનના ભાજે રે. લાગે૦ ૩

કોડિ ગમે ઊભા દરબારે,
વાલ્હા મારા, જય મંગળ સુર બોલે;
ત્રણ ભુવનની રિદ્ધ તુજ આગે,
દીસે ઇમ તરણા તોલે રે. લાગે૦ ૪

ભેદ લહું નહિં જોગ જુગતિનો,
વાલ્હા મારા, સીમંધરજિનજી બતાવો;
પ્રેમ શું સેવક કહે કરુણા,
મુજ મન મંદિર આવો રે. લાગે૦ ૫

(૧૦૮) શ્રી જિનરાજ–સ્તવન.

ચંદ્રબાહુ જિન સેવના–રાગ.

સુવિહિતકારી રે સાહિબા, સુંદર રૂપ નિધાન;
તુજ મુજ રીઝની રીઝમાં, ઉપજે આતમજ્ઞાન. સુ૦ ૧

આકર્ષી સ્વરૂપ તાહરૂં, લક્ષણ લક્ષિત દેહ;
પ્રેમ પ્રગટતા રે આત્મની, વધતી વેલની જેમ. સુ૦ ૨

કિહાં ઉપનો કિહાં નીપનો, રૂપાતીત સભાવ;
અચરિજ એ મુજ વાતનો, કહોને શ્રી જિનરાય. સુ૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પૂરવગતિ રે પ્રયોગથી, જોગ મિલ્યો છે રે આય;
તો ભેદભાવ ન રાખીએ, રાખી ન આવે હો દાય. સુ૦ ૪
કામિત પૂરણ સુરતરૂ, સૂરત મોહનવેલ;
સાચો જાણી મેં સેવીઓ, જિમ ઘન ચાતક મેહ. સુ૦ ૫
કરકમલે જિન કેતકી, ભમર પરે રસ લીન;
ભેદ્યો ચતુર તે આતમા, થઈ રહ્યો તુજ આધીન. સુ૦ ૬

(૧૦૯) શ્રી શાંન્તિનાથ સ્તવન.

અજિતજિણંદશું પ્રીતડી—એ રાગ.

શાંતિ જિણેસર વંદના, પૂર્ણાનંદીહો શાશ્વત સુખસ્થાન;
અપ્રતિહત શાસનધરા, શિરે ધરતાહો તિહુઅણ જન આણ.
શાંતિ૦ ૧
નિજશક્તિ પ્રગટી કરી, પરસત્તાહો નિજથી કરી દૂર;
સાદિ અનંત અક્ષયસ્થિતિ, શુદ્ધ, લક્ષ્મીહો ભોગી ભરપૂર.
શાંતિ૦ ૨
કર્મ્મતણીએ વર્ગ્ગણા, નાસંતાંહો નિર્મ્મલ નિર્વાણ;
કેવલનાણ દિવાયરૂ, આતમજ્યોતેહો પ્રગટ્યા ગુણખાણ.
શાંતિ૦ ૩
મનમંદિર મેળાપથી, મુજ શક્તિહો તુજ સરખી થાય;
સેવક કરે સેવના, સાધ્ય સિદ્ધિહો સાધક પરખાય.
શાંતિ૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૧૦) શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન.

શાંતી સુરત તમારી જોતાં-રાગ.

આજ હો પરમારથ પાયો,
ગ્યાની ગુરુ અરિહંત બતાયો;
રાગને દ્વેષ તણે વસ નાયો,
પરમપુરુષ મેં સોહિજ ધ્યાયો. આજ૦ ૧

કરજોડી જો કો ગુણ ગાવે,
કડુએ વચને કોઈ મલ્હાવે;
તું અધિકો ઓછો ન જણાવે,
સમતાસાગર નામ કહાવે. આજ૦ ૨

સાચો સેવક જાણી ન મિળીઓ,
દુરિજન દેખી અલગો ન ટળિઓ;
અકલ પુરુષ જિણુ વિધિ ઓળખીઓ,
સહજ સરૂપી તિણુવિધ ફળીઓ. આજ૦ ૩

ઝાલી હાથ ન કો તું તારે,
ફેરે કોઈ ન તું સંસારે;
તું કિમ ભાવ કુભાવ વિચારે,
ફળ ઇમ સંગતિ સારાસારે. આજ૦ ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એક નજર સહુ કો પર રાખે,
બીજો કુણ પરમેશ્વર પાખે;[1]
શ્રી જિનરાજ જિનાગમ સાખે,
સેવક સુપાસ તણો એમ ભાખે.[2] આજ૦ ૫

(૧૧૧) શ્રી મહાવીર જિન–સ્તવન.

પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારાં સારો–રાગ

આજ મ્હારા પ્રભુજી મહેર કરીને, સેવક સાહમું નિહાળો;
કરુણાસાયર મહેર કરીને, અતિશય સુખ ભૂપાળો.
પ્રભુજી મ્હેર કરો હો રાજ, સેવક કહીને
બોલાવો. ૧

ભગતવછલ શરણાગત પંજર, ત્રિભુવનનાથ દયાળો;
મૈત્રી ભાવ અનંત વહે અહનિશ, જીવ સયલ પ્રતિપાળો.
પ્રભુજી૦ ૨

ત્રિભુવન દીપક જિપક અરિગણ, અવિઘટ જયોતિ પ્રકાશી;
મહાસારથી નિર્યામક કહિયે, અનુભવ રસ સુવિલાસી.
પ્રભુજી૦ ૩

વાદી તમ હર તરણી સરીખા, અનેક બિરૂદના ધારી;
જિત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલજ્ઞાયક યશકારી.
પ્રભુજી૦ ૪

૧ વિના. ૨ બોલે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચક્રકારક ચઉ વેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે;
તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યાતિમિર પરજાલે.
પ્રભુજી૦ ૫

ઇલીકા ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તેં કીધા;
ઇમ અનેક યશ ત્રિસલાનંદન, ત્રિભુવન માંહે પ્રસિધા.
પ્રભુજી૦ ૬

મુજ મન ગિરિકંદરમાં વસીઓ, વીર ચરમ જિન સિંહ;
હવે કુમત માતંગના[1] ગણથી, ત્રિવિધ યોગે મિટિ બીહ.
પ્રભુજી૦ ૭

અતિ મન રાગે શુભ ઉપયોગે, ગાતાં જિન જગદીશ;
શ્રી જિનરાજ ચરણ સેવી લહે, પ્રતિદિન સયલ જગીશ.
પ્રભુજી૦ ૮

(૧૧૨) શ્રી પાર્શ્વજીન-સ્તવન.

શાંતિજીન એક મુજ વિનતિ-રાગ.

પાસ પ્રભુ વંછિત પૂરિયૈ, ચૂરિયૈં કર્મની રાશ રે;
દાસને ફલ સુખ દીજિયે, એહવી દાસની આશ રે.
પાસ૦ ૧

---

૧ હાથી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અમિત સુખ મોક્ષની પ્રાપ્ત જે, તે સફલી મુઝ આશ રે;
તેહ વિણ આશ સફલી નહીં, એમ કરજોડ કહે દાસ રે.
પાસ૦ ૨

એહવા મોક્ષ સુખ પામવા, હુવે જેહ ઉપાય રે;
તેહ હવે સહજ સુભાવથી, કહો પાસ જિનરાય રે.
પાસ૦ ૩

જ્ઞાન સ્થિરતા થકી મોક્ષની, પ્રાપ્તિની સિદ્ધિ તૂં જાણ રે;
સ્વમુખ શ્રી જિનવર ઉપદિશી, ઇસી આગમ વાણ રે.
પાસ૦ ૪

એહવું આગમ અનુસરી, ધરે સુમતિ મતિ સંત રે;
તે શિવ સુખ પદવી વરે, કરે કર્મનો અંત રે.
પાસ૦ ૫

શ્રી જિનરાજ પ્રભુ આગલે, કરી પ્રશ્ન અરદાસ રે;
ભવ્ય ભણી સુખ આલિવા, કર્યો વચન પ્રકાશ રે.
પાસ૦ ૬

૧૧૩. શ્રી સીમંધરદેવ-સ્તવન.

દીઠો સુવિધિજીણંદ સમાધિ રસે ભર્યો હો લાલ-રાગ.

શ્રી સીમંધર જિનરાજ કે આશ સફળ કરો રે કે, આશ૦
દાસ તણી અરદાસ સદા દિલમેં ધરો રે કે; સદા૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બપઈઓ જિમ જલધર વિણુ જાચે નહિ રે કે, વિણુ૦
તિમ તુમ વિણ હું ઓર ન જાચું એ સહિ રે કે. જાચું૦ ૧

તુમ ઉપર એક તારી કરીને હું રહ્યો રે કે, કરી૦
સાહિબ તું મુજ એક મેં અવર ન સંગ્રહ્યો રે કે, અવ૦
સેવાની પણ ચૂક કદા પડતી નથી રે કે, કદા૦
રિદ્ધિ અનંત ખજાને ખોટ જાણુ કો નથી રે કે. ખોટ૦ ૨

નીકટ ભવ્યતા અછે પ્રભુ માહરી રે કે, અછે૦
તે જાણું નિરધાર કૃપા લહી તાહરી રે કે; કૃપા૦
જિનવર તુજ વિરહ વિલંબ વિચે કરે રે કે, વિચે૦
સંઘયણાદિક દોષ તણો અંતર ધરે રે કે, તણો૦ ૩

પણ તે ભાવે કામ એ વાતની વાત છે રે કે, વાત૦
સેવક કિમ હોયે દૂર જે ખાના જાતિ છે રે કે; ખાના૦
ભોળવીયા નવિ જાય કે, જે તુમ્હે શિખવ્યા રે કે, જે૦
પહિલા હીત દેખાડી જેહને હેળવ્યા રે કે. જેહ૦ ૪

તે અલગા કિમ જાય કરુણા કરો નાથજી રે કે, કરુ૦
વંછિત આપી આશ સફળ કરો તેહની રે કે; સ૦
જ્ઞાનાનંદી પ્રભુ ચરણ સેવા નિત દીજીયે રે કે, સેવા૦
સહજે પ્રગટ સ્વભાવ, અધિક હવે કીજીયે રે કે. અ૦ ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૧૧૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

રામચંદ્રને બાગ ચાંપો મોરી રચોરી–રાગ.

અભિનંદન જિનરાજ આણી ભાવ સુણોરી,
પ્રણમું તુમચા પાય સેવક કરી આપણોરી;
ભવ ભય સાગર તાર સાહેબ સોહામણોરી,
સુરતરૂ જાસ પ્રસન્ન કેમ હોય તે દુમણોરી. ૧
ભક્તવચ્છલ જિનરાજ શ્રવણે જેહ સુણ્યોરી,
તેહશું ધર્મસ્નેહ સહજ સ્વભાવ બન્યોરી;
ઉપશમવંત અથાહ તોહી મોહ હણ્યોરી,
રતિપતિ[1] દુર્જર[2] જેહ દુશ્મન તેં ન ગણ્યોરી. ૨
અક્ષય લહે ફલ તેહ જેહશું હેજ વહેરી,
દોહગ દુરગતિ દુઃખ દુશ્મન ભીતિ દહેરી;
ભવ ભવ સંચિત પાપ ક્ષણમાં તેહ હરેરી,
એમ મહિમા મહીમાંહિ[3] સર્વથા કેમ કહેરી. ૩
સાયર ભળીઉં બિંદુ હોવે અક્ષય પણેરી,
તેમ વિનતિ સુપ્રમાણ સાહિબ જેહ સુણેરી;
અનુભવ ભવનનિવાસ આપો હેજ ઘણેરી,
જ્ઞાનવિમલ સુપ્રકાશ પ્રભુ ગુણ રાસ થુણેરી. ૪

---

૧ કામદેવ. ૨ દુખે કરીને જિતાય. ૩ પૃથ્વીમાં.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૧૧૫. શ્રી જિનરાજ–સ્તવન.

પંથડો નીહાળુંરે બીજા જિનતણોરે–રાગ.

આણા[1] વહીયેરે શ્રી જિનવર તણીરે, જિમ ન પડો સંસાર;
આણા વિણરે કરણી સત[2] કરેરે, નવિ પામે ભવ પાર.
આ૦ ૧

જીવ રખોપૂ રે સંયમ તપ કરેરે, ઉર્દ્ધતુંડ[3] આકાશ;
શીતલ પાણીરે હેમ[4] અતી સહેરે, સાધે યોગ અભ્યાસ.
આ૦ ૨

દેવની પૂજા ભગતિ અતિ ઘણીરે, કરતા દીસે વિશેષ;
આણા લોપિ નિજ મત સ્થાપના રે, ન લહે આતમ લેશ.
આ૦ ૩

આણા તાહરીરે ઉભય સ્વરૂપનીરે, ઉત્સર્ગ નેં અપવાદ;
વ્યવહાર શોભેરે નિશ્ચયનય થકી રે, સ્થિરતા જ્ઞાન સુવાદ.
આ૦ ૪

સુંદર જાણીરે નિજ મતિ આચરેરે, નહિ સુંદર નિરધાર;
ઉત્તમ પાસેરે મનીષિ પાધરીરે, જો જો ગ્રંથ વિચાર.
આ૦ ૫

ધન તે કહીએરે નર નારી સદારે, આસન્નસિદ્ધક જાણ;
જ્ઞાતા[5] શ્રોતારે અનુભવી સંવરીરે, માને જે તુજ આણ.
આ૦ ૬

---

૧ આજ્ઞા. ૨ સો. ૩ ઉંચું માથું રાખીને. ૪ હિમ. ૫ જાણકાર

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાથ કર જોડી માગું એટલું રે; આણા ભવ ભવ ભેટ,
મુજને દીજેરે આતમ ઉજવળતારે, આણા ભવ લચ્છિ એટ.
આ૦ ૯

(૧૧૬) શ્રી અજિતનાથ જિન-સ્તવન.

શાંતિજિન એક મુજ વિનતિ-રાગ.

અજિત જિન તુજ મુજ અંતરો; જોતાં દીસે ન કોયરે;
તુજ મુજ આતમ સારીખો, સત્તા ધર્મથી હોયરે.
અજિત૦ ૧

જ્ઞાન દર્શન ચરણ[1] આદિ દેઈ, ગુણ અછે જેહ અનંતરે;
અસંખ્ય પ્રદેશ વળી સારીખા, એ છે ધણિ પરે તંતરે.
અજિત૦ ૨

એટલો અંતર પણ થયો, આવિરભાવ તિરોભાવ રે,
આવિરભાવે ગુણ નીપના, તિણે તુજ રમણ સ્વભાવ રે.
અજિત૦ ૩

રાગદ્વેષાદિ વિભાવની, પરણતી પરભાવે રે;
ગ્રહણ કરતો કરે પર ગુણતણો, પ્રાણી એહ તિરોભાવેરે.
અજિત૦ ૪

---

૧ ચારિત્ર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એહ અંતર પડ્યો તુજ થકી, તેને મન ઘણું દુઃખરે;
ભીખ માંગે કુણ ધન છતે, છતે આહાર કુણ ભૂખરે.
અજિત૦ ૫

તુજ અવલંબને આંતરો, ટળે માહરે સ્વામ રે.
અચલ અખંડ અગુરૂલહુ, લહે નિરવદ્ય ઠામરે.
અજિત૦ ૬

જે અવેદી અખેદી પણે, અલેશી ને અજોગી રે;
ઉત્તમ પદ વર પામીને થાયે ચેતન ભોગીરે.
અજિત૦ ૭

(૧૧૭) શ્રી સ્તુતિ.

રાગ—મનમોહનજીનરાયા.

સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા, અનેહો મારા વ્હાલા રે
સિદ્ધિએ નમો૦

વરણાદિક ચઉ અળગા કીધા, ષટ્ સંઠાણ નહીં પરસિદ્ધા;
એતો સાદિ અનંત સ્થિત સિદ્ધા રે. સિદ્ધિ૦ ૧

ચિદ્ અવગાહનમાં જે ઠાયા, દેહાતીત તે સિદ્ધ કહાયા;
એતો ચિદાનંદ લય પાયા રે. સિદ્ધિ૦ ૨

અનંત જ્ઞાન દરશન સોહાયા, અવ્યાબાધ સુખે વળી ઠાયા;
એતો ક્ષાયક સમકિત પાયા રે. સિદ્ધિ૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એક સમય સમ રાજ સધાયા, લોક શિખર ફરસીને ઠાયા;
એતો અજ અવિનાશી કહાયા રે. સિદ્ધિ૦ ૪

અરૂપી અક્ષય સ્થિતિ જાસ વખાણી, અગુરુલઘુ અવગાહના જાણી;
એતો અનંત વીરજની ખાણી રે. સિદ્ધિ૦ ૫

આપ સ્વરૂપે જેહ સરૂપી, પુદ્ગલ ત્યાગે વરતે અરૂપી;
એતો નહિ નહિ રૂપારૂપી રે. સિદ્ધિ૦ ૬

સકલ સુરાસુર સુખ સમુદાયા, તેહથી ભિન્ન અનંતું સુખ જે પાયા;
એતો વચનાતીત કહાયા રે. સિદ્ધિ૦ ૭

સિદ્ધ નિરંજનના ગુણ ગાવો, પરમાનંદ મહોદય પાવો;
થિર તન મન કરીને ધ્યાવો રે. સિદ્ધ૦ ૮

સંતજનો કહે સિદ્ધનું ધ્યાન, ધ્યાઇયે તત્પર થઈ એકતાન;
તે હોયે સિદ્ધ ભગવાન રે. સિદ્ધિ૦ ૯

(૧૧૮) જિનેંદ્ર–સ્તવન.

(હરિગીત–છંદ)

સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ ત્હેનાં જે મણિ,
ત્હેનાં પ્રકાશે ઝળહળે પદપીઠ જે ત્હેનાં ધણી;
આ વિશ્વનાં દુઃખો બધાંયે છેદનારા હે પ્રભુ !,
જય જય થજો જગબન્ધુ તુમ એમ સર્વદા ઇચ્છું વિભુ. ૧

વીતરાગ હે કૃતકૃત્ય ભગવાન્ ! આપને શું વિનવું !

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હું દાસ છું મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થીવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે ?
પણ પ્રભો ! પૂરી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ઘટે. ૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યાં ગુણ ઓપતાં મુજ ચિત્તરૂપી શક્તિમાં;
અતિદૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબરૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી ? ૩

ક્યારે પ્રભો સંસારકારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો નિરપેક્ષવૃત્તિ થઈ સદા,
તજીશ ઇચ્છા મુક્તિની પણ સન્ત થઇને હું કદા ? ૪

નિ:સીમ કરૂણાધાર છો છો શરણ આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો;
હું દીન છું ને ઝંખતો પ્રભુ શરણ આવ્યો આપને,
આ અવિરતીના ભિલ્લથી રક્ષો મને રક્ષો મને. ૫

પ્રભુ દેવનાં પણ દેવ છો વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધ ને આ વિશ્વત્રયને છો તમે નાયકપણે;
અધર્મના કાર્યો બધાં દૂરે કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર શાન્ત થઈ હું જે સમે ૬

આજ્ઞારૂપી અમૃતરસોના પાનમાં પ્રીતિ કરી,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વિસરી?
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી.
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો આનન્દથી? ૭

(૧૧૯). જિનેંદ્ર–સ્તવન.

(હરિગીત–છંદ)

ગતદોષ ગુણભંડાર જિનજી દેવ મ્હારે તું જ છે,
સુરનર સભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તે જ છે;
એમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો ૧
તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોનાં ચિત્તમાં,
સુર ઇન્દ્ર કે નરઇન્દ્રની પણ એ જનોની શી તમા ?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
શુભ સદ્‌ગુણોનો ગન્ધ એના આત્મમાંહે મહમહે ૨
મુજ નેત્રરૂપ ચકોરને તું ચન્દ્રરૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનન્દ ઉદધિમાં પડ્યો;
જે ભાગ્યશાળી હાથમાં ચિન્તામણિ આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે? ૩
હે નાથ! આ પરભાવની વ્યાધી સહીત એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શિવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભો!
સુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો ૪

તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો! નિજકૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે;
હે નાથ! નિઃસંગી થઈ ચળચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી. ૫

શાર્દૂલવિક્રીડિત

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ! તને ત્રૈલોક્યના નાથને,
સદ્ગુરુજી સમાન સાક્ષી શિવના નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું જ્હેની કરું માગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં એ હાર્દની લાગણી ૬

---

(૧૨૦) આત્મ કલ્યાણકારી વિચારણા.

(શાર્દૂલવિક્રીડિત છંદ)

સાક્ષાત્ શ્રી જિનદેવને નિરખશું ક્યારે અહો નેત્રથી,
ને વાણી મનોહારી ચિત્ત ધરશું, ક્યારે કહો પ્રેમથી. ૧
સદ્ વૈરાગ્ય રસે રસિક થઈને, દીક્ષેચ્છુ ક્યારે થશું,
ને દીક્ષા ગ્રહવા મુનીશ્વર કને ક્યારે સુભાગ્યે જશું. ૨
સેવા શ્રી ગુરૂદેવની કરી કદા નિજ સંપદા પામશું,
ને સુધ્યાનારૂઢ બનીને વનવાસી ક્યારે થશું. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સર્પે કે મણિમાળમાં કુસુમની શય્યા તથા ધૂળમાં,
ક્યારે તુલ્ય થશું પ્રફુલ્લિત મને શત્રુ અને મિત્રમાં. ૪

ધ્યાનાભ્યાસ રસાયણે હૃદયને રંગી અસંગી બની,
ક્યારે અસ્થિરતા તજી શરીરને વાણી તથા ચિત્તની. ૫

આત્માનન્દ અપૂર્વ અમૃતરસે, ન્હાઇ થશું નિર્મળા,
ને સંસાર સમુદ્રના વમળથી ક્યારે થશું વેગળા. ૬

ક્યારે ગિરગુફા પવિત્ર શિખરે જઈ શાન્ત વૃત્તિ સજી,
સિદ્ધોનાં ગુણનો વિચાર કરશું મિથ્યા વિકલ્પો તજી. ૭

વાસી ચંદન કલ્પ થઈ પરિસહો સર્વે સહીશું સુદા,
આવી શાંત થશે અહો મુજ કને શત્રુ સમૂહો કદા. ૮

શ્રેણી ક્ષીણ કષાયની ગ્રહી અને ઘાતી હણીશું કદા,
પામી કેવલજ્ઞાન નિજસ્વરૂપનો સ્વાદ લઈશું સદા.

ધારી યોગ નિરોધ કોણ સમયે સિદ્ધ સ્વરૂપે થશું,
એવી નિર્મલ ભાવના પ્રણયથી ભાવું સદા ચિત્તમાં. ૧૦

(૧૨૧) દીક્ષા કલ્યાણીક સ્તવન.

વંદો વંદો પરમ વિરાગી ત્યાગી જિનને રે
થાયે જિન દીગંબર મુદ્રાધારી દેવ;
શ્રી સીમંધર પ્રભુજી તપોવનમાં સંચર્યા રે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(વસંતતિલકા)

દીક્ષાગ્રહી મનઃપર્યવજ્ઞાન સાધ્યું,
વિશ્વ બધુ સુરપતિ નાદથી ગાજ્યું;
એવા પ્રભુ પ્રણમીએ પ્રણયે તમોને,
એવા પ્રભુ શિવતણા અર્પો અમોને;

રૂડા તપ કલ્યાણીક આજે પ્રભુનો દીપતો રે,
મંગલ હય ગય રથ નર ધ્વજને સ્વસ્તિક;
શોભિત ચંદ્રપ્રભા શિબીકામાં રત્ન સિંહાસને રે—વંદો.

પ્રચંડ વાયુ અન્ય શીખરોને ચળાવે,
મેરૂ સમો શીખર અચલિત જે સદાએ;
દેવાધિદેવ તુજ સમો જગમાં ન દીઠો,
રત્નત્રયી શીખરથી પ્રભુ આપ શોભો;

જગત પ્રકાશક શાંતી ધારી અહો તુજ દીવ્યતારે,
સાધ્યું ધ્યાન ધ્યેય ને ધ્યાતા એકાકાર;
એવા વન વિહારી પ્રભુજી વીતરાગી થયા રે. વંદો વંદો.

---

(૧૨૨) શ્રી વીર-સ્તવન.

ભુજંગી—રાગ.

શ્રીમાન્, મહાવીર, વિભો, મુનીન્દ્રો,
દેવાધિદેવેશ્વર, જ્ઞાનસિન્ધો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સ્વામિન્, તુમ્હારે પદ પદ્મકા હો-
પ્રેમી સદાહી યહ ચિત્ત મેરા. ૧
તત્ત્વાર્થ શ્રદ્ધાન સદૈવ ધારું,
દો શક્તિ, હો ઉત્તમ શીલ મેરા.
સન્માર્ગપૈ મૈં ચલતે ન હારું,
હો, જ્ઞાન, ચારિત્ર, વિશુદ્ધ મેરા. ૨
સ્વામિન્ તુમ્હારી યહ શાંત મુદ્રા-
કિસકે લગાતી હિયમેં ન મુદ્રા.
કહેં ઇસે કયા યહ બુદ્ધિ ક્ષુદ્રા,
સ્વીકારિયે નાથ પ્રણામ મેરા. ૩
પ્રભો તુમ્હીં હો નિકટોપકારી,
પ્રભો તુમ્હીં હો ભવદુ:ખહારી.
પ્રભો તુમ્હીં હો શુચિ પંથચારી-
હો નાથ સાષ્ટાંગ પ્રણામ મેરા. ૪
જો ભવ્ય પૂજા કરતે તુમ્હારી-
હોતી ઉન્હીં કી ગતિ ઉચ્ચ પ્યારી.
પ્રસિદ્ધિ હૈ 'દાદુર ફૂલ' વારી,
સમ્પૂર્ણ હૈ નિશ્ચય નાથ મેરા. ૫
મેરી પ્રભો દર્શન શુદ્ધિ હોવે,
સદ્ભાવનાપૂર્ણ સમૃદ્ધિ હોવે.
રત્નત્રયીકી શુદ્ધ સિદ્ધિ હોવે,
સદ્બુદ્ધિપૈ હો અધિકાર મેરા. ૬

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

આયા નહીં ગૌતમ વિજ્ઞ જૌંસોં-
ખિરી ન વાણી તવ દિવ્ય તૌલોં
પીયૂષ સે પાત્ર ભરા સતોલોં-
મૈં પાત્ર હોઊં અભિલાષ મેરા. ૭

પ્રભો તુમ્હેં હી દિનરાત ધ્યાઊં,
સદા તુમ્હારે ગુણગાન ગાઊં.
પ્રભાવના ખુબ વિશિષ્ટ હોઓ,
કલ્યાણ હોવે સબ ભાંતિ મેરા. ૮

શ્રીવીરકે મારગ પૈ ચલેં જો,
શ્રીવીર પૂજા મનસે કરેં જો.
સદ્ભવ્ય વીરસ્તવ કો પઢેં જો,
વે લબ્ધિયાં પા સુખપૂર્ણ હોવેં. ૯

(૧૨૩) બનારસીદાસ કૃત.

સવૈયા ઇકતીસા.

જો અડોલ પરજંક મુદ્રાધારી સરવથા,
અથવા સુ કાઉસગ્ગ મુદ્રા થિરપાલ હૈ;
ખેત સપરસ કર્મ પ્રકૃતિકૈ ઉદૈ આયે,
બિના ડગ ભરૈ અંતરીચ્છ જાકી ચાલ હૈ.

જાકી થિતિ પૂરવ કરોડ આઠ વર્ષ ઘાટિ,
અંતરમુહૂરત જઘન્ય જગ-જાલ હૈ;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સો હૈ દેવ અઠારહ દૂષન રહિત તાકૌં,
બનારસિ કહૈ મેરી બંદના ત્રિકાલ હૈ. ૧

(૧૨૪) સવૈયા ઇકતીસા.

પંચ પરકાર ગ્યાનાવરનકૌ નાસ કરિ,
પ્રગટી પ્રસિદ્ધ જગ માંહિ જગમગી હૈ;
જ્ઞાયક પ્રભામૈં નાના જ્ઞેયકી અવસ્થા ધરિ,
અનેક ભઈ પૈ એકતાકે રસ પગી હૈ.
યાહી ભાંતિ રહેગી અનંત કાલ પરજંત,
અનંત સકતિ ફેરિ અનંતસૌં લગી હૈ;
નરદેહ દેવલમૈં કેવલ સરૂપ સુદ્ધ,
એસી ગ્યાન જ્યોતિકી સિખા સમાધિ જગી હૈ.

(૧૨૫) અમૃતચન્દ્ર કલાકે તીન અર્થ.

સવૈયા ઇકતીસા.

અચ્છર અરથમૈં મગન રહૈ સદા કાલ,
મહાસુખ દૈવા જૈસી સેવા કામગવિકી;
અમલ અબાધિત અલખ ગુન ગાવના હૈ,
પાવના પરમ સુદ્ધ ભાવના હૈ ભવિકી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મિથ્યાત તિમિર અપહારા વર્ધમાન ધારા,
જૈસી ઉભૈ જામલૌં કિરણ દીપૈં રવિકી;
ઐસી હે અમૃતચન્દ્ર કલા ત્રિધારૂપ ધરૈ,
અનુભૌ દશા ગરંથ ટીકા બુદ્ધિ કવિકી. ૧

(૧૨૬) ગુરુગમ જ્ઞાન વિચાર.

(રાગ—શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ.)

કર લે ગુરુ ગમ જ્ઞાન વિચારા—કર લે૦ આંકણી.
નામ અધ્યાતમ ઠવણ દ્રવ્યથી,
ભાવ અધ્યાતમ ન્યારા—કર લે૦ ૧

એક બુંદજળથી એ પ્રગટયા,
શ્રુતસાગર વિસ્તારા;
ધન્ય જીનોને ઉલટ ઉદધિકું,
એક બુંદમેં ડારા—કર લે૦ ૨

બીજરુચિ ધર મમતા પરિહર,
લહી આગમ અનુસારા;
પરપખથી લખ ઇણુવિધ અપ્પા,
અહિ કંચુક જિમ ન્યારા—કર લે૦ ૩

ભાસ પરત ભ્રમ નાસહુ તાસહુ,
મિથ્યા જગત પસારા;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચિદ્દાનંદ ચિત્ત હોત અચળ ઇમ,
જિમ નભ ધ્રુકા તારા—કર લે૦ ૪

(૧૨૭) જિનેંદ્ર–સ્તવન.

રાગ–ગઝલ.

રસીલા ધર્મીનાં હૈડાં,
સંયમમાં અહર્નિશ રમતાં;
સલુણાં જિનનાં સ્વપ્નાં,
નજરથી ના જરી ખસતાં. રસીલા ૧
આગમ જો હોય હેડે તો,
બધીયે ઋદ્ધિ પાસે છે;
ખસે દૂર જો હૃદયથી એ,
જીવન આ શૂન્ય ભાસે છે. રસીલા ૨
અસાર સંસારને માની,
જે વીતરાગને ધ્યાવે;
સકલ દૂરિત કરી હાની,
એ સિદ્ધિમાં સધાવે છે. રસીલા ૩
સમતા રસભરી મુદ્રા,
અહો જિન તુલ્ય ભાસે છે;
ધરીને ભાવથી વંદે,
જનમ નિસ્તાર તેને છે. રસીલા ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પુર્ણાનંદને ધ્યેયે,
જે જિનરાજને ગાવે;
અમર નરસુખનો ભોગી,
થઈ અમૃત સુહાવે છે. રસીલા ૫

(૧૨૮) શ્રીશાન્તિનાથ જિન-સ્તવન.

વસંતતિલકા-રાગ.

હે શાન્તિનાથ, જગપૂજ્ય પ્રભો, દયાલો—
દેવેન્દ્ર વિશ્વસુત, શુદ્ધ સુવર્ણ દેહ,
તેરે મનોરમ પદદ્વયમેં રચો યે—
સદ્‌ભાવ ભક્તિ પરિપૂરિત ચિત્ત મેરા. ૧

કૈસી મનોજ્ઞ, રમણીય, સુશાન્ત, તેરી—
ધ્યાનસ્થ મૂર્તિ ભગવન્ યહ સોચતી હે,
સંસારતાપહરણાર્થ મનો સ્વયં હી—
શ્રી: શાંતિકી સકલ આકાર હી ખડી હો. ૨

તેરે પ્રભો વચનકી વિમલ પ્રભા સે,
અજ્ઞાન અન્ધતમ હે કિસકા ન જાતા ?
વિદ્યુચ્છટા અનુપમ સ્થિર શક્તિવાલી
જો છા રહે તમ કહાં ફિર હે દિખાતા ? ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હે નાથ દર્શન કિયે તવ, શાન્તિ આવે,
આવે ન પાસ દુઃખ દારિદ્ર, કલેશ જાવે,
છાવે મહા અતુલ આતમ, રત્ન પાવે;
ધાવે સુમાર્ગ પર, ઠોકર ભી ન ખાવે. ૪

આકાશ ચુમ્બન કરે ભગવાન તેરા—
પ્રાસાદ સુન્દર, ધ્વજા ઉડતી વહાં, સો—
'જો આત્મસિદ્ધિ કરકે જગ જીતતે હૈં,
ઉનકા પ્રભાવ યહ હૈ' બતલા રહી હૈ. ૫

આનન્દ–મંગલ સદા ઉસ ઠૌર હોવે,
અપવર્ગ-સૌખ્ય-ગુણ અનંત સમૃદ્ધિ હોવે,
વિદ્વેષભાવ સબકા સબ દૂર હોવે,
હોવે જહાં ભજન–પૂજન નિત્ય તેરા. ૬

હે શાન્તિનાથ ભગવાન તુઝે નમૂં મૈં,
દેવાધિદેવ જગદીશ તુઝે નમૂં મૈં,
ત્રૈલોક્ય-શાન્તિકર દેવ તુઝે નમૂં મૈં,
સ્વામિન્ નમૂં, જીન નમૂં, ભગવાન્ નમૂં મૈં. ૧

તૂ બુદ્ધ, તૂ જિન, મુનીન્દ્ર, વિભૂ સ્વયંભૂ,
તૂ રામ, કૃષ્ણ, જગદીશ, દયાલુ દાતા,
સંસાર કા તરણ તારણ તૂ કહાયા,
તેરા કિયે સ્મરણ હર્ષ ન કૌન પાયા. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હે જ્ઞાનદર્પણ મહોજ્વલ નાથ તેરા,
આશ્ચર્યકારક મહા જિસમેં પડા હૈ—
ત્રૈલોક્યકે સકલ ભાવ ત્રિકાલ કે ભી,
હોવે ભવિષ્ય ઉસમેં અતિ ઉચ્ચ મેરા. ૩

જો શુદ્ધ બુદ્ધ કર નિર્મલ વૃત્તિયોંકો—
શ્રીશાંતિનાથ પ્રભુ કે સ્તવ કો પઢેંગે,
હોંગે સભી વિમલજ્ઞાની મહાસુખી વે,
આત્મજકો અતુલ શાન્તિભરા કરેંગે. ૪

---

(૧૨૯) શ્રી સીમંધર જિન-સ્તવન.

રાગ-[ભારતકા ડંકા......]

સીમંધર આતમ આરામી, ભાગ્યે મલીયા જગવિશરામી
અંતર આનંદ અતિ પામી, ત્હારૂં નામ રટું પલ પલ
સ્વામી. ૧

અનંતકાળે પ્રભુ આવી મલ્યો, મ્હારા મનનો મનોરથ
સકળ ફલ્યો.
પ્રભુશીવરમણીના છો કામી; ત્હારૂં નામ રટું પલ પલ
સ્વામી. ૨

પ્રભુ મહાવિદેહનો તું વાસી, ત્હારા દર્શને પાપ જાવે નાસી
અક્ષય ગુણ ગણ રત્ન ધામી, ત્હારૂં નામ રટું પલ પલ
સ્વામી. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એહ જિનવરનો મહિમા મોટો, જેનો જગમાં જડે ન
કદી જોટો.
જેના ધ્યાને કોટી શિવગામી, ત્હારૂં નામ રટું પલ પલ
સ્વામી. ૪
મ્હારામન ઘરમાં પ્રભુ આવી રહો, પછી ખામી શાની
વિભુ મ્હારે કહો
લહે હર્ષ સેવક અંતરજામી, ત્હારૂં નામ રટું પલ પલ
સ્વામી. ૫

(૧૩૦) શ્રી સીમંધર જિન–સ્તવન.

(રાહ. કાળી કંબલી વાલે તુમપેં લાખો સલામ.)

મહાવિદેહના વાસી પ્રભુને પ્રાત: પ્રણામ.
શ્રેયાંસનંદન રૂડા દીઠા,
લાગે અમીરસથી પણ મીઠા;
અવર અનિઠ તમામ, પ્રભુને...૧

તુજ સુખડાની માયા લાગી,
અંતર આતમની જ્યોત જાગી;
સમરૂં સદા તુજ નામ, પ્રભુને...૨

ઝળહળ જ્યોતી દીપે તમારી,
ભવિ તમ તિમિરની હરનારી;
અભિનય ભાનુ સ્વામ, પ્રભુને...૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સીમંધર અલબેલા સ્વામી,
જગ પરમેશ્વર જગ હિતકામી;
જ્ઞાન દર્શન ગુણ ધામ, પ્રભુને...૪
તુજ દર્શન અમૃત રસ પીધું,
ભવો ભવનું અમ કારજ સીધું;
અવર શું મુજ ન કામ, પ્રભુને...૫

(૧૩૧) શ્રી જિન–સ્તવન.

રાગ–(બુલબુલ હમારૂં ઉડી ગયું કયાં.)

જિણંદ શાસન રુચિ ગયું તો,
સમકીત સુખડી મળી ગઇ;
મુણિંદ ધ્યાને દિલ થયું તો,
ભવની ભુખડી ગળી ગઇ.
કેવલનાણી ગુણ મણી ખાણી,
ભવિપ્રાણી સુખકારી વાણી;
સાંભળી ભવ ભીતિ ટળી ગઇ—ભવની.
આતમ રામી અંતરજામી,
છબી તમારી ભવિ હિતકામી;
દીનતા દેખી ચળી ગઇ—ભવની.
દેવ દુજા મેં સઘળા જોયા,
પણ તુજસુ મેરા મન મોહ્યા;
આતમ મેધા હળી ગઈ—ભવની.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૩૨) શ્રી સીમંધર જિન–સ્તવન.

રાગ–(પુજન તો કર રહા હું.)

ભક્તિ તો કર રહા હું, તારો જરૂર તારો.
પ્રભુ જગ સ્વામી તુમ હો, નિજ તીર્થ નાથ તુમ હો;
તુમ પાસે આ રહા હું, તારો જરૂર તારો............૧
પ્રભુ સેવ્ય નામ તુમરા, સેવક નામ હમરા;
સેવા તો કર રહા હું, તારો જરૂર તારો.........૨
પ્રભુ કલ્પવૃક્ષ તુમ હો, પ્રભુ કામધેનુ તુમ હો;
આશા તો રખ રહા હું, તારો જરૂર તારો............૩
પ્રભુ માત તાત તુમ હો, પ્રભુ ભ્રાત ત્રાત તુમ હો;
શરણું તો લે રહા હું, તારો જરૂર તારો.........૪
જિણંદ તુમ હો અચ્છા, તુમ ગુણ રત્ન સ્વચ્છા;
જિન ગુન ગા રહા હું, તારો જરૂર તારો............૫
સીમંધર નામે દુઃખ જાવે, અમૃત સુખ પાવે;
હરરોજ રટ રહા હું, તારો જરૂર તારો...........૬

(૧૩૩) પ્રભુની પ્રતિમાની અનુપમતા વિષે.

અનુપમ છબિ અવિકારી નાથકી, અનુપમ છબિ અવિકારી
પદ્માસન દૃઢ મુદ્રા જિનકી દૃષ્ટિ નાસિકા ધારી,
વીતરાગતા ભાવવિરાજે, ભવિજનકો હિતકારી.

નાથકી૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વસ્ત્રાભરન બિના તન સોહે, બાલકવત અવિકારી,
વિષય અનંગ મહાવિષનાશન મંત્રસિખાવનહારી.
નાથકી૦ ૨

યદ્યપિ જ્ઞાન બિન હિબિત જ્ઞાનકો કારન હૈ અનિવારી,
બચન બિના મુનિ જીગજીવનકો, દે શિક્ષા હિતકારી.
નાથકી૦ ૩

આગમ અરુ અનુમાન સિદ્ધ યેં, જિન પ્રતિમા ભવતારી,
કૃતકૃત્ય જિનેશ્વરકી છવિ, પૂજો શિવમગચારી.
નાથકી૦ ૪

(૧૩૪) શ્રી સીમંધર જિન–સ્તવન.

દીઠી સીમંધર તણી મૂર્તિ અલબેલડી, મૂર્તિ અલબેલડી
ઉજ્જવલ ભર્યો અવતાર રે

મોક્ષગામી ભવથી ઉગારજો શીવગામી ભવથી ઉગારજો.
પગલે પગલે પ્રભુના ગુણો સંભારતા, ગુણો સંભારતા
અંતરના વિસરે ઉચાટ રે—મોક્ષગામી૦

આપના દર્શનથી મેં આત્મા જગાડીયો આત્મા જગાડીયો
જ્ઞાન દીપક પ્રગટાવ રે—મોક્ષગામી૦

આત્મા અનંત પ્રભુ આપે ઉગારીયા, આપે ઉગારીયા
તારો સેવકને ભવપાર રે—મોક્ષગામી૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૩૫) પદ.

રાગ–આશાવરી.

અબધૂ ક્યા માગું ગુન હીના, વે ગુન ગનિ ન પ્રવિના.
અબધૂ૦

ગાય ન જાનું બજાય ન જાનું, ન જાનું સુરભેવા,
રીજ ન જાનું રીજાય ન જાનું, ન જાનું પદ સેવા.
અબધૂ૦ ૧

વેદ ન જાનું કિતાબ ન જાનું, જાનું ન લચ્છન છંદા,
તરક વાદ વિવાદ ન જાનું, ન જાનું કવિ ફંદા.
અબધૂ૦ ૨

જાપ ન જાનું જુવાબ ન જાનું, ન જાનું કવિ બાતા,
ભાવ ન જાનું ભગતિ ન જાનું, જાનું ન સીરા તાતા.
અબધૂ૦ ૩

ગ્યાન ન જાનું બિગ્યાન ન જાનું, ન[1] જાનું ભજ નામા,
આનન્દઘન પ્રભુકે દ્વારે, રટન કરું ગુણધામા.
અબધૂ૦ ૪

---

૧ પાઠાંતર—न जानु पद नामा.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૩૬) પદ.

રાગ—સોરઠ.

કંચન વરણો નાહ રે, મુને કોઈ મિલાવો, કં૦
અંજન રેખ ન આંખ ન ભાવે, મંજન શિર પડો દાહ રે
મુને કોઈ૦ ૧

કૌન સેન જાને પર મનકી, વેદન વિરહ અથાહ રે, મુને૦
થર થર ધ્રૂજે દેહડી મારી, જિમ વાનર ભરમાહ રે;
મુને૦ ૨

દેહ ન ગ્રેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દૂહા ગાહા રે, મુને૦
આનન્દઘન વાલો બાંહડી ઝાલે, નિશ દિન ધરું ઉમાહા રે;
મુને૦ ૩

(૭૧૩) શ્રી વીર—સ્તવન.

ચાલ—કાલી કમલી વાલે.

જય જય વીર જિનંદા તુમકો લાખોં પ્રણામ
તુમકો ક્રોડો પ્રણામ.
જય જય ત્રિશલાનન્દા તુમકો લાખોં પ્રણામ.
છબિ પરમ દિગમ્બર પ્યારી, મન મોહની મૂરત એ ન્યારી.
તુમ દેખે હોય આનંદા, તુમકો લાખોં પ્રણામ. ૧

તુમ વીતરાગ પ્રભુ હિતકારી, પ્રભુજી લોકાલોક નિહારી,
જય કેવલ જ્યોતિ અમંદા, તુમકો લાખોં પ્રણામ. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મિથ્યાત મહાતમ હારી, જિન બચન કિરણ વિસ્તારી,
તુમ તીન ભુવન કે ચંદા, તુમકો લાખોં પ્રણામ. ૩

તુમ પતિત ઉધારન હારે, ગુણ ગાતે હૈ સુરનર સારે,
સબ પાતક પાપ નિકંદા, તુમકો લાખોં પ્રણામ. ૪

"શિવરામ" શરણ મેં આયા, પ્રભુ ચરણન શીશ નવાયા,
અબ કાટ કર્મ કા ફંદા, તુમકો લાખોં પ્રણામ. ૫

---

(૧૩૮) જિન વાણી-સ્તુતિ.

ચાલ-કાલી કમલી વાલે.

હે જિનવાણી માતા તુમકો લાખોં પ્રણામ,
તુમકો ક્રોડા પ્રણામ;
શિવ સુખદાની માતા તુમકો લાખોં પ્રણામ. ટેક

તૂ વસ્તુ સ્વરૂપ બતાવે, અરૂ સકલ વિરોધ મિટાવે,
સ્યાદ્વાદ વિખ્યાતા તુમકો લાખોં પ્રણામ. ૧

તૂ કરે જ્ઞાતાકા મણ્ડન, મિથ્યાત કુમારગ ખણ્ડન,
હે તીન જગત કી ત્રાતા, તુમકો લાખોં પ્રણામ. ૨

તૂ લોકાલોક પ્રકાશે, ચર અચર પદાર્થ વિકાશે,
હે વિશ્વ તત્ત્વ કી જ્ઞાતા, તુમકો લાખોં પ્રણામ. ૩

તૂ સ્વપર સ્વરૂપ સુઝાવે, સિદ્ધાન્તકા મર્મ સમઝાવે,
તૂ મેટે સર્વ અસાતા, તુમકો લાખોં પ્રણામ. ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હે માત કૃપા અબ કીજે, અબ પરભાવ સકલ હર લીજે,
"શિવરામ"સદા ગુણ ગાતા, તુમકો લાખો પ્રણામ. ૫

---

(૧૩૯) શ્રી જિનેંદ્ર–સ્તવન.

ધર્મ ધ્વજ ફરકે છે મોરે મંદીરીયે–રાગ.

મુઝે તુમ વિણ નહિ સ્વામી ચેન પડે,
મુઝે તુમ વિણ નહિ બીજે ક્યાંય ગમે.

શેર

તુમહી હો જીનરાજ તારક તુમહી હો કૃપાળજી,
તીન ભુવન કે નાથ સ્વામી અનોપમ તુમ દેદારહે;
મોહે તારો તાતજી ભક્તિ વડે,
મેરા ભાગ્ય હે પ્રભુજી બહુત બડે. મુઝે૦ ૧

સુર અસુર નરનાથ કેરે સ્વામી સેવા તુજ કરે,
પ્રભાવ તેરા અજબ સ્વામી ભાવ રોગ સહુ ટળે;
મુઝને નિરંતર પ્રભુજી શરણે રાખો,
મુજને કેવળ રત્ન પ્રભુજી આપો. મુઝે૦ ૨

સુરતરૂ ચિંતામણી પ્રભુ કામધેનું તું મળ્યો,
અતુલ ભાગ્યે પાદપાસી મુજ મનોરથ સબ ફળ્યો;
મુઝે મોહ રોગ પ્રભુ જલદી ટળે,
ચાહું આતમ રાજ પ્રભુ તુજ વડે. મુઝે૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૪૦) શ્રી સીમંધર જિન–સ્તવન.

સીમંધર જિણંદા સીમંધર જિણંદા,
તુમ દરિશણ હુયે પરમાણંદા;
અહનિશિ ધ્યાઉં તુમ દીદારા,
મહિર કરીને કરજ્યો પ્યારા. સીમંધર૦ ૧

આપણને કેડે જે વળગા,
કિમ સરે તેહને કરતાં અળગા;
અળગા કીધા પણ રહે વળગા,
મોર પીંછ પરે ન હુએ ઊભગા. સીમંધર૦ ૨

તુમ્હ પણ અળગે થયે કિમ સરશે,
ભગતી ભલી આકરષી લેશે;
ગગને ઉડે દૂરે પડાઇ,[૧]
દોરી બળે હાથે રહે આઇ. સીમંધર૦ ૩

મુજ મનડું છે ચપળ સ્વભાવે,
તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે,
ઇમ કિમ બેહુ તણો મેળ થાયે. સીમંધર૦ ૪

તે માટે તું સાહિબ માહરો,
હું છું સેવક ભવોભવ તાહરો;

---

૧ પતંગ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એહ સંબંધમાં મ હશો ખામી,
સેવક ભાવના ભાવે શિરનામી. સીમંધર૦ ૫

(૧૪૧) શિખર માહાત્મ્ય.

જય બોલો જય બોલો સમ્મેદ શિખર કી જય બોલો
ઊંચા નીચા પર્વત સોહે, સીતા નાલા મન કો મોહે;
અજબ નિરાલી શાન, શિખર કી જય બોલો૦ ૧
અનંત જિનેશ્વર મુક્તિ ગયે હૈં, મુનિ અનન્તે સિદ્ધ ભયે હૈં;
તીરથ રાજ મહાન, શિખર કી જય બોલો૦ ૨
ચૌબીસ ટોંક બની હૈં ગિર પર, પાર્શ્વનાથ કી સબસે ઊપર;
ભક્ત માનતે આન, શિખર કી જય બોલો૦ ૩
પ્રભુ મહિમા પરખે જો કોઈ, તાકો ચઉગતિ ભ્રમણ ન હોઈ;
અંત મિલે 'શિવ' થાન, શિખર કી જય બોલો૦
શાશ્વત તીરથધામ શિખર કી જય બોલો૦ ૪

(૧૪૨) શ્રી નેમનાથ જિન–સ્તવન.

(ચાલ—સાંવરિયા પારસનાથ શિખરપર ભલે વિરાજેજી)

સાંવરિયા નેમિનાથ તુમ તો ભલે વિરાજોજી
સોરઠ દેશ સુહાવના જી જુનાગઢ મનહાર,
ઊંચા નીચા પર્વત સોહે તીર્થ ગઢ ગિરનાર. સાંવ૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સોરીપુર સે બ્યાહન આયે સ્વામી નેમકુમાર,
તોરન સે રથ ફેર સુધારા સુન પશુવન લલકાર. સાંવ૦ ૨
ધર વૈરાગ્ય પરિગ્રહ ત્યાગે જાના જગત અસાર,
મોડ તોડ કર દિક્ષા ધારી જાય ચઢે ગિરનાર. સાંવ૦ ૩
ધ્યાનારુઢ ભયે નેમીશ્વર કરી તપસ્યા સાર,
અષ્ટ કર્મ સબ નષ્ટ કિયે પ્રભુ જાય વરી શિવનાર. સાંવ૦ ૪

---

(૧૪૩) શ્રી સીમંધર જિન–સ્તવન.

કોઇક વિધિ જોતાં થકાંરે–એ દેશી.

સીમંધર જિન રાજીઆ રે!
પુંડરગીરી શણગારરે; પ્રભુ સુખ દરિઆ!
વાલેસર! સુણો વિનતી રે,
તું મુજ પ્રાણ આધારરે. પ્રભુ ગુણ ભરિઆ! ૧
તુજ વિણ હું ન રહી શકું રે,
જિમ બાલક, વિણ માત રે; પ્રભુ સુખ૦
ગાઈ દિન અતિવાહીએ રે,
તાહરા ગુણ અવદાત રે. પ્રભુ ગુણ૦ ૨
હવે મુજ મંદિર આવીયે રે,
મ કરો દેવ! વિલંબ રે; પ્રભુ સુખ૦
ભાણા ખડખડ કુણ ખમે રે,
પૂરો આશ્યાલંબ રે. પ્રભુ ગુણ૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મન મંદિર છે માહરૂં રે,
પ્રભુ ! તુજ વસવા લાગ રે; પ્રભુ સુખ૦
માંયા કંટક કાઢીઆ રે,
કીધો ક્રોધ–રજ ત્યાગ રે. પ્રભુ ગુણ૦ ૪
પ્રગટી સુરુચિ સુવાસના રે,
મૃગમદ મિશ્ર કપૂર રે; પ્રભુ સુખ૦
ધૂપ ઘટી ઇંહાં મહમહે રે,
શાસન શ્રદ્ધા પૂર રે. પ્રભુ ગુણ૦ ૫
ચારિત્ર શુદ્ધ બિછાવણાં રે,
તકિઆ પંચ આચાર રે; પ્રભુ સુખ૦
ચિહું દિશિ દીવા ઝગમગે રે,
જ્ઞાન રતન વિસ્તાર રે. પ્રભુ ગુણ૦ ૬
અધ્યાતમ ધ્વજ લહલહે રે,
મણિ તોરણ સુવિવેક રે; પ્રભુ સુખ૦
જ્ઞાન પ્રમાણ ઇંહાં ઓરડા રે,
મણિ પેટી નય ટેક. પ્રભુ ગુણ૦ ૭
ધ્યાન કુસુમ ઇંહાં પાથરી રે,
સાચી સમતા સેજ રે; પ્રભુ સુખ૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઈહાં આવી પ્રભુ! બેસીએ રે,
કીજે નિજ ગુણ હેજ રે; પ્રભુ ગુણ૦ ૮

સીમંધર જિન રાજીયા રે,
સુવર્ણપુરે શણગાર રે. પ્રભુ ગુણ ભરિઆ!
મન મંદિર જો આવશ્યો રે,
એક વાર ધરી પ્રેમ રે. પ્રભુ સુખ દરિઆ!
ભગતિભાવ દેખી ભલો રે,
જઈ શકશ્યો તો કેમ રે! પ્રભુ સુખ ગુણ૦ ૯
અરજ સુણી મન આવીઆ રે,
સીમંધર જિણંદ દયાલ રે. પ્રભુ સુખ૦
ઓચ્છવ રંગ વધામણા રે,
પ્રગટ્યો પ્રેમ વિશાલ રે. પ્રભુ ગુણ૦ ૧૦
અર્ઘપાદ્ય કરુણા ક્ષમા રે,
સત્ય વચન તંબોલ રે. પ્રભુ સુખ૦
ધરશું તુમ્હ સેવા ભણી રે,
અંતરંગ રંગરોલ રે. પ્રભુ ગુણ૦ ૧૧
હવે ભગતિ રસ રીઝીયા રે,
મત છેડો મન ગેહરે; પ્રભુ સુખ૦
નિરવહજો રૂડી પરે રે,
સાહિબ! સુગુણ સનેહ રે. પ્રભુ ગુણ૦ ૧૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભ્રમર સહજ ગુણ કુસુમના રે,
અમર-મહિત જગનાથ રે; પ્રભુ સુખ૦
જો તું મનવાસી થયો રે,
તો હું હુઓ સનાથ રે. પ્રભુ ગુણ૦ ૧૩
શ્રી જીનરાજ પ્રભુ તણો રે,
અરજ કરે એમ શિષ્ય રે; પ્રભુ સુખ૦
રમજો મુજ મન મંદિરે રે,
પ્રભુ! માગું હું નીશ દિશરે. પ્રભુ ગુણ૦ ૧૪

(૧૪૪) શ્રી જિન સ્તવન.

રાગ-(ભારતના ડંકા આલમમેં)

પ્રભુ નિર્માંચી નિષ્કામી છો,
દીન દુઃખી તણા વિશરામી છો;
પ્રભુ અજરામર પદ ગામી છો,
તમે જિનપતિ અંતરજામી છો......તમે૦
તમે જ્ઞાનાનંદના દરીયા છો,
અનંતઅનંત ગુણ ભરીયા છો;
તમે શિવ રમણીના કામી છો, તમે......૧
તમે જીવ જીવનના રસીયા છો,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સવિ કર્મ કલંકથી ખસીયા છો;
તમે જગપતિ આતમ રામી છો, તમે......૨

તમે બોધી બીજના દાયક છો,
પ્રભુ જૈન ધર્મના નાયક છો;
તમે ક્ષમા રાણીના સ્વામી છો, તમે......૩

તમે જ્ઞાન દીપક ધરનારા છો,
પ્રભુ મોહ તિમિર હરનારા છો;
તમે ભોગ રોગના વામી છો, તમે......૪

તમે મુનિપતિ ભવિજન ભ્રાતા છો,
વળી ત્રણ જગતના ત્રાતા છો;
તમે આતમ તેજના ધામી છો, તમે......૫

એવા પ્રભુ નાથજી મળીયા છો,
મુજ આંગણે સુરતરૂ ફલીયા છો;
પદ આતમ દાતા નામી છો, તમે......૬

---

(૧૪૫) શ્રી વીર જિન-સ્તવન.

(રાગ—નાગરવેલીયો રોપાવ તારા રાજ મહેલોમાં.)

જ્યોતિ ભક્તિની જગાવ,
મારા મનો મંદિરે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વ્હાલા વીરજી તું આવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૧

ભવ તારક જિનજી પ્યારા,
દિવ્ય જ્ઞાન દર્શન ધારા;
દિવ્ય જ્ઞાન પ્રગટાવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૨

ત્રિશલા નંદન જગ સારા,
તુજ સમ કો છે આધારા;
તારા સુગુણો વસાવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૩

સિદ્ધારથ કુલે દીવો,
તુહિં જગ ચિરંજીવો;
જડ જીવન ઉડાવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૪

નિર્યામક તુંહિ સાચો,
પણ ઉતારૂં હું છું કાચો;
જીવન નાવ તરાવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૫

તુંહિ શિવ સુંદરીનો ભોગી,
વળી નિજ ગુણ ગણનો યોગી;
આતમ સુખ ચખાવ,
મારા મનો મંદિરે............જ્યોતિ. ૬

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૪૬) શ્રી નેમિનાથ જિન-સ્તવન.

રાગ-ધન્ય ધન્ય દેવદેવી નરનાર.

નમિયે નેમિનાથ મહારાજ, નમિયે નેમિનાથ;
રાગદ્વેષ મોહ રિપુ જીતીને, કીધું આતમ કાજ.
બાલ પણે પશુડાં ઉગારી, ત્યાગી રાજુલનાર;
જઈ ગિરનારે શિવ સુખ લેવા, લીધો સંજમસાર.
નમિયે. ૧

શુક્લ ધ્યાનનું ધ્યાન ધરીને, લીધું કેવલજ્ઞાન;
સમસરણમાં દેઈ દેશના, કરાવ્યું આત્મભાન.
નમિયે. ૨

અનંત ગુણે અરિહંત બીરાજે, જયજય મંગલકાર;
સુરનર કિન્નર પ્રભુ ગુણ ગાવે, ઉતરવા ભવપાર.
નમિયે. ૩

ચાર ગતિ સંસારે ભમતાં, દીઠો દેવ દયાળ;
અજરામર પદ લેવા કાજે, ભજીયે થઈ ઉજમાળ.
નમિયે. ૪

ધનધન તે નરનારી જાણો, ધ્યાન ધરે જિનરાજ;
ભક્તિથી સેવક એમ ભાખે, તે લહે શાશ્વત્ રાજ.
નમિયે. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૪૭) શ્રી મહાવીર સ્વામી-સ્તવન

(ભારતકા ડંકા આલમમેં-એ રાગ.)

ભવપાર કરી ભવિ ભાવ ધરી,
ભજીયે નિત્ય મહાવીરસ્વામીકો;
જસ ગુણ ગણકા કછુ પાર નહી,
દેખા નહીં એસે નામીકો. ભવ૦ ૧

ત્રિશલા સુત મહાવીર નામ બડા,
જપતા જો નહીં ભવકૂપ પડા;
ઈસ પ્રભુજીકી મોહે ધુન લગી,
પામરતા મોરી જાય ભગી. ભવ૦ ૨

સિદ્ધારથ નંદન ફંદ હરો,
નિજ દાસકો ભવજલ પાર કરો;
તુમ નામ રટન દિન રાત કરૂં,
નિજ દિલમેં ખૂબ આનંદ ધરૂં. ભવ૦ ૩

શ્રીવીર પ્રભુ ઉપસર્ગ સહી,
મનમેં નહીં જિન જરી ભેદ ધરી;
શુદ્ધ દ્વાદશાંગીકા જ્ઞાન દિયા,
દ્રવ્ય ગુણ પર્યાય વિકાશ કિયા. ભવ૦ ૪

ભંગ સાત સ્યાદ્વાદ સાર દિયા,
ભટકે નહીં હૃદયે સ્થાપ લિયા;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નવતત્ત્વ જ્ઞાન પ્રકાશ કિયા,
તસ દ્વારા સમકિત દાન દિયા. ભવ૦ ૫

ચરણાનુયોગ તસ ભાવ ભરા,
પાયા સો શિવ વધુકોટી વરા;
સેતે શિવ આનંદ નિત્ય નરા,
એ સ્વરૂપ સારમેં સાર ખરા. ભવ૦ ૬

તુજ સેવક યહ આનંદ ચહે,
મુજ આત્મ કમલ શુભ રેહ લહે;
એ તત્ત્વ સાર દિયો મુજકો,
એ દેતાં વાર નહીં તુજકો. ભવ૦ ૭

---

(૧૪૮) શ્રી શાન્તિનાથ જિન–સ્તવન.

દેશી–(અબોલડા શાને લીધા છે)

એક વાર બોલો શાન્તિનાથ,
અબોલડા શાને લીધા છે. એ ટેક.
એકવાર બોલો સીમંધરનાથ,
અબોલડા શાને લીધાં છે.
શાન્તિકરણ શ્રી શાન્તિ જિણંદા,
મનમોહન જગસારા. અબોલડા૦ ૧
જસ નામે ભય સઘળા ભાગે,
ઘેર ઘેર મંગલમાળા. અબોલડા૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેહને દિગકુમરી હુલરાવે,
ઇન્દ્રો પણ ગુણ ગાય તારા. અબોલડા૦ ૩

છોએ ખંડના ભોગ તજીને,
દીક્ષા સુંદરી વરનારા. અબોલડા૦ ૪

કેવલ કમલા તુમે વરીને,
શિવ વધુ સાથે રમનારા. અબોલડા૦ ૫

એહને ભજતાં સુખીયા થઈએ,
દુઃખડાં નાવે લગારા. અબોલડા૦ ૬

તુજને ભજે તેનો ધન જન્મારો;
અમૃત પદ પામનારા. અબોલડા૦ ૭

---

(૧૪૯) શ્રી સીમંધર જિન-સ્તવન.

અલબેલડા શાને લીધા છે—રાગ.

એક વાર બોલો સીમંધરનાથ,
અબોલડા શાને લીધા છે.
એક વાર દિવ્યધ્વનિ છોડો,
અબોલડા શાને લીધા છે.
એક વાર બોલો વિદેહીનાથ,
અબોલડા શાને લીધા છે. અબોલડા૦ ૧

જીન પ્રતિમા જીન સરિખા લાગે,
વિરહના દુઃખ નાશે. અબોલડા૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સમવસરણ પ્રભુ રૂડું રચાણું,
દેવ દેવી હરખાય. અબોલડા૦ ૩

શુક્લ ધ્યાન યુક્ત મુદ્રા સોહે છે,
કેવળથી ભરપૂર. અબોલડા૦ ૪

એકવાર પ્રભુ દીવ્ય ધ્વની છૂટે જો,
આનંદનો નહિ પાર. અબોલડા૦ ૫

પંચમ કાળ નહિ ચોથો છે કાળ,
વાણી છૂટે તો રસાળ. અબોલડા૦ ૬

સેવકના દીલ ખૂશ કરોને,
આનંદ મંગળ વરતાય. અબોલડા૦ ૭

સદ્‌ગુરુદેવ મારા વિનતી કરે છે,
વાણી છોડો વીતરાગ. અબોલડા૦ ૮

હવે પ્રભુજી ઢીલ ન કરો,
પાત્ર બેઠા છે તુજ પાસ. અબોલડા૦ ૯

હવે પ્રભુજી શું વાટ જુઓ છો,
વાણી છોડો આજ કાલ અબોલડા૦
બોલો બોલોને વીતરાગ અબોલડા. ૧૦

અનંત રહસ્ય પ્રભુ વાણીએ નિકળે,
સમાધાન સર્વના થાય. અબોલડા૦ ૧૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અતિશય વંદન હોજો અમારૂં,
સીમંધર ભગવાન. અબોલડા૦ ૧૨
બોલો બોલોને વીતરાગ અબોલડા,
એકવાર બોલો સીમંધરનાથ અબોલડા શાને લીધા છે. ૧૩

(૧૫૦) શ્રી સીમંધર જિન–સ્તવન.

હાંરે આજ મલિઓ મુજને તીન ભૂવનનો નાથ જો;
ઉદયો ઃખ સુરતરૂ મુજ ઘટ ઘર આંગણે રે જો;
હાંરે આજ અષ્ટ મહા સિદ્ધિ આવી મ્હારે હાથ જો.
નાઠા આઠા દહાડા દરિસણ પ્રભુ તણે રે જો. ૧

હાંરે મ્હારે હિયડે ઉલસી ઉલસિત રસની રાશિ જો,
નેહ સલુણી નજર નિહાલી તાહરી રે જો;
હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો,
તારે નેહે ભેદી મીજી માહરી રે જો. ૨

હાંરે મ્હારી પૂગી પૂરણ રીતે મનની હોશ જો,
દુરજનીયા તે દુઃખ ભરિ આવટસ્યે પડયા રે જો;
હાંરે પ્રભુ તું તો સુરતરૂ બીજા જાણ્યા તૂસ જો,
તુજ ગુણ હીરો મુજ હિયડા ઘાટે જડયો રે જો. ૩

હાંરે પ્રભુ તુજસ્યું મ્હારે ચોળ મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાલી શકે રે જો;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગેરે દુરજનનો કો મુજ થકે રે જો. ૪

હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહન વેલજો,
મોહ્યા તીન ભુવનજનદાસ થઈ રહ્યા રે જો;
હાંરે પ્રભુ જે નવિ રંજ્યા તે સુરતરૂ ને ઠેલી જો,
દુ:ખ વિષ વેલિ આદર કરવા ઉમહ્યારે જો. ૫

હાંરે પ્રભુ તાહરી ભક્તિ ભીનું આહરૂં ચિત્ત જો,
તલજિમ તેલે તેલે જેમ સુવાસના રે જો;
હાંરે પ્રભુ તાહરી દીઠી જગમેં મોટી રીત જો;
સુફલ ફલ્યા અરદાસ વચન મુજ દાસના રે જો. ૬

હાંરે મ્હારે પ્રથમ પ્રભુજી પુરણ ગુણનો ઈસ જો,
ગાતાં સીમંધર જીનજી હુંસે મનતણી રે જો. ૭

(૧૫૧) નેમ જીનેશ્વર–સ્તવન.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ દેશી.)

પ્રીતલડી બંધાણી રે નેમ જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાલી રે લાગી નેહશું,
[1]જલદ–ઘટા જિમ શિવસુત વાહન દાય જો. પ્રીત૦ ૧

૧–મેઘ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
    તન મન ધન એ કારણથી પ્રભુ મુઝ જો;
મ્હારે તો આધાર રે સાહિબ રાવલો,
અંતરગતની પ્રભુ આગલ કહું [1]ગુજઝ જો. પ્રીત૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
    સેવકનાં જે સહેજે સુધારે કાજ જો,
એહવે રે આચરણે કેમ કરી રહું;
    બિરૂદ તુમારૂં તારણ તરણ જહાજ જો. પ્રીત૦ ૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
    તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો;
તુજ કરુણાની લ્હેરે રે મુજ કારજ સરે,
    શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રીત૦ ૪

કરુણાધિક કીધી રે સેવક ઉપરે,
    ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વંછિત ફળીયાં રે જિન આલબને,
    કર જોડીને ભક્ત કહે મન રંગ જો. પ્રીત૦ ૫

૧–ગુહ્ય (વાત).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૫૨) શ્રી સીમંધર જિન-સ્તવન.

(આવેલ આશા ભર્યા-રાગ.)

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તલસે;
સજલ જલદ[1] જિમ ગાજતો, જાણું વરસે અમૃતધાર; મન૦
સાંભળતાં લાગે નહિ, ખીણ ભૂખને તરસ લગાર. મન૦ ૧
તિર્યંચ મનુષ ને દેવતા સહુ, સમજે નિજ નિજ વાણ[2];
જોજન ખેત્રે વિસ્તરે, નય ઉપનય રતનની ખાણ. મન૦ ૨
બેસે હરિ[3] મૃગ એકઠા, ઉંદર માંજાર[4]ના બાળ; મન૦
એહવા પ્રભુની વાણીયે, કો ન કરે એહની આળ.[5] મન૦ ૩
સહસ વરસ જો નીગમે[6], તોહે તૃપ્તિ ન પામે મન્ન; મન૦
સાતાયે સહુ જીવના, રોમાંચિત હુવે તન્ન. મનડું૦ ૪
વાણી સીમંધરજિણંદની, શિવરમણીની દાતાર; મનડું૦
વીતરાગી જીણંદજીનો, પ્રભુ હોજો જય જયકાર. મ૦ ૫

(૧૫૩) સીમંધર જિન-સ્તવન.

હાંરે મુજ પ્રાણાધાર તું સીમંધર જિનરાય જો,
મળીઓ ભાગ્યે ને હળીઓ પ્રીત પ્રસંગથી રે લો;

૧ મેઘ. ૨ ભાષામાં. ૩ સિંહ. ૪ બિલાડીના. ૫ સતામણી.
૬ પસાર થઈ જાય.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાંરે મુજ સુંદર લાગી માયા તાહરી જોર જો,
અલગો રે ન રહું હું પ્રભુ તુજ સંગથી રે લો. ૧

હાંરે માનુ અમીય કચોલાં ઉપશમ રસ તુજ નેન જો,
મનોહર રે પ્રસન્ન વદન પ્રભુ તાહરૂં રે લો;
હાંરે પ્રભુ કોઈની નહિ તીન ભુવને તુજ સમ મૂરતિ જો,
એહવી સુરતી દેખી ઉલસ્યું મન માહરૂં રે લો. ૨

હાંરે પ્રભુ અંતર પડદો ખોલી કીજે વાત જો,
કરૂણ નજરથી તુજ સેવકને બોલાવીએ રે લો;
હાંરે પ્રભુ અમીરસ છાંટા છાંટીને એકવાર જો,
સેવકના ચિત્તમાંહિ આણંદ ઉપજાવીએ રે લો. ૩

હાંરે પ્રભુ કરુણાસાગર દીનદયાળ કૃપાળ જો,
મહેર કરી મુજ અંતરમાં આવી વસો રે લો;
હાંરે પ્રભુ નિજ બાલક પરે મુજ લેખવજો જિણંદ જો,
ચરણની સેવા દેજો સેવક જાણીને રે લો. ૪

હાંરે પ્રભુ સમતા રસ ભરપૂર દીસે દેદાર જો,
જ્ઞાન પ્રબળતાથી દીસે સુખ ચંદ્રઆંરે લો;
હાંરે પ્રભુ જિનપ્રતિમા તે જિનવર સરીખા જોય જો,
ઉપશમ જિન મૂરતિરે મુજ દીલમાં વસી રે લો. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૫૪) શ્રી સીમંધર જિન-સ્તવન.

(આવેલ આશા ભર્યા-રાગ.)

અનુપમ સીમંધર શ્યામનો રે, પાયો મેં દીદાર;
સાહિબ મનમાં વસ્યો.
ચંદ્ર જિસ્યો મુખ ઉજળો રે, ઉજવળ ગુણ નહિ પાર.
સાહિબ૦ ૧

જગજનનાં દિલ રીઝવે રે, તારે આણી હેત; સાહિબ૦
કો કહેશે વીતરાગને રે, રાગ તણાં એ હેત. સાહિબ૦ ૨

તે તો તત્ત્વમતિ નહિ રે, ફોગટ પાવે ખેદ; સાહિબ૦
ગિરૂઆ સહજે ગુણ કરે રે, તે નવિ જાણે ભેદ. સાહિબ૦ ૩

તાપ હરે જિમ ચંદ્રમા રે, સીત હરે જિમ સૂર; સાહિબ૦
ચિંતામણી દારિદ્ર હરે રે, આપે વાસ કપૂર. સાહિબ૦ ૪

તિમ પ્રભુનો ગુણ સહજનો રે. જાણે જે ગુણ ગેહ; સાહિબ૦
જિન પ્રભુ આદી જ્ઞાનીનો રે. સેવક ભાવે ધરે નેહ સાહિ૦ ૫

(૧૫૫) શ્રી શાંતિ જિન-સ્તવન.

(ધર્મજીનેશ્વર-રાગ.)

શાંતિ જિણેસર સુજને તુમ્યે મિલ્યા,
જેહમાંહિ સુખકંદ વાલ્હેસર;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તે કળિયુગ અમ્હે ગિરૂઓ લેખવું,
નવિ બીજા યુગ વૃંદ વાલ્હેસર૦ ૧
આરો સારો રે મુજ પાંચમો,
જિહાં તુમ દરિશણ દીઠ; વાલ્હેસર૦
મરૂભૂમિ પણ થિતિ સુરતરૂ તણી,
મેરૂ થકી હુઈ ઇઠ. વાલ્હેસર૦ ૨
પંચમ આરેરે તુમ્હ મેલાવડે,
રૂડો રાખ્યો રે રંગ; વાલ્હેસર૦
ચોથો આરોરે ફિરિ આવ્યો ગણું,
તુજ સેવક કહે ચંગ. વાલ્હેસર૦ શાંતિ૦ ૩

(૧૫૬) શ્રી સીમંધર જિન-સ્તવન.

હાંરે પ્રભુ સીમંધરસ્વામી દીઠા શ્રી જગનાથજો,
લાગીરે તુજથી દઢ ધર્મની પ્રીતડીરે લો;
હાંરે પ્રભુ સરસ સુકોમળ સુરતરૂ દીધી બાથજો,
જાણ્યુ રે મેં ભૂખે લીધી સુખડીરે લો. ૧
હાંરે પ્રભુ સકલ ગુણે કરી ગિરૂઓ તુંહી જ એકજો,
દીઠારે મન મીઠા ઈઠા રાજીઓરે લો;
હાંરે પ્રભુ તુજશું મિલતાં સાચો મુજશું વિવેકજો,
હુંતો રે ધણીઆતો થઈને ગાજીઓરેલો. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાંરે પ્રભુ નહિ છે માહરે હવે કેહની[1] પરવાહજો,
જોતારે સાહી[2] મુજ હેજે[3] બાંહડીરે[4] લો;
હાંરે પ્રભુ તુજ પાસેથી અળગો ન રહું નાહજો,
દ્દાડેરે કુણ તાવડ[5] છાંડિ છાંહડિરે[6] લો. ૩

હાંરે પ્રભુ ભાગ્યે લહીયેં તુજ સરીખાનો સંગજો,
આણેરે જમવારે ફિરિફિરિ દોહિલોરે લો;
હાંરે પ્રભુ જોતાં મનોહર ચિંતામણીનો નંગજો,
જોતાંરે કિમ નહી જગમાં સોહિલોરે લો. ૪

હાંરે પ્રભુ ઉતારો મત ચિતડાથી નિજ દાસજો,
ચિંતારે ચૂરંતાં પ્રભુ ન કરો ગઈરે લો;
હાંરે પ્રભુ પ્રેમ વધારણ સેવક તણી અરદાસજો,
ગણતાંરે પોતાનો સવિ લેખે થઈરે લો. ૫

(૧૫૭) શ્રી સીમંધર જિન–સ્તવન.

(પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારા સારો–રાગ.)

સીમંધર જિનજી ધર્મ ધુરંધર, પૂરવ પુણ્યે મિલિઓ;
મન મરૂથલમેં સુરતરૂ ફળિઓ, આજ થકી દિન વળીઓ.
પ્રભુજી મહેર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;
સાહિબ ગુણનિધિ ગરીબનિવાજ, ભવ દવ પાર ઉતારો. ૧

---

૧ કોઇની. ૨ પકડી. ૩ હેતે. ૪ હાથ. ૫ તડકો. ૬ છાંયડો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહિ પાડ તુમારો;
મુજ સરીખો પામર જો તારો, તો તુમચિ બલિહારો. પ્ર૦ ૨

હું નિર્ગુણ પણ તાંહરી સંગતિ, ગુણ લહું તેહ ઘટ માનં;
નિંબાદિક[૧] પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન. પ્ર૦ ૩

નિર્ગુણ જાણી છેહ મ દેશો, જોવો આપ વિચારી;
ચંદ કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગા ધારી. પ્ર૦ ૪

સત્યવતી નંદન સત્યદાયક, નાયક જિનપદવીનો;
પાયક[૨] જાસ સુરાસુર કિંનર, ઘાયક[૩] મોહ રિપુનો. પ્ર૦ ૫

તારક તુમ્હ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો;
શ્રી જિનરાજ ચરણને સેવી, હુવે ભવ જલ તારો. પ્રભુ૦

(૧૫૮) શ્રી સીમંધર જિન-સ્તવન.

(આંવેલ આશાભર્યા-રાગ.)

તારક બિરૂદ સુણી કરી, હું આવી ઊભો દરબાર;
શ્રી સીમંધર સાહિબા.

પ્રભુ ઘણી તાણ ન કીજીએ, મુજ ઉત્તારો ભવ પાર.
શ્રી સીમંધર ૧

૧ લીમડો વગેરે. ૨ દાસ. ૩ મારનાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કાળાદિક દૂષણ દાખતાં, દાતાર પણું કિમ થાય; શ્રી૦
જો વિણ અવલંબન તારીએ, તો જગ સઘળો જશ ગાય.
શ્રી સીમંધર ૨

બાળકને સમજાવવા, કહેશો ભોળામણી વાત; શ્રી૦
પણ હઠ કીધી મૂકીશ નહિ, વિણ તારે ત્રિભુવન તાત.
શ્રી સીમંધર ૩

જો મન તારણનું અછે, તો ઢીલ તણું શું કામ; શ્રી૦
ચાતક નિરમુખ દૂખણે, થઈ મેઘ ઘટા જગ શ્યામ.
શ્રી સીમંધર ૪

તુજ દરશણથી તાહરો, હું કહેવાણો જગ માંહે; શ્રી૦
હવે મુજ કુણ લોપી શકે, બળિયાની ઝાલી બાંહે.
શ્રી સીમંધર ૫

પાંચશે ધનુષ તનું શોભતું, વૃષભ લંછન જગદીશ; શ્રી૦
હરખ ધરીને વિનવું, પ્રભુ તુમ ચરણને શીશ.
શ્રી સીમંધર ૬

(૧૫૯) શ્રી સીમંધર જિન–સ્તવન.

(ઋષભજિણંદ શું પ્રીતડી રાગ.)

સીમંધર જિન સાહિબા,
વિનતડી હે મારી અવધાર કે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સાર કરો હવે માહરી,
ચિત્ત ચોખે હે કરુણા હૃદયે નિહાલ કે. સીમંધર૦ ૧

સહુ સ્વારથીઓ જગ અછે,
વિણ સ્વારથ હે દુઃખનો કોણ જાણ કે;
તું વિણ બીજો કો નહીં,
પરમારથ હે પદનો અહિઠાણ કે. સીમંધર૦ ૨

તું ગાજે શીર ગાજતે,
આશ પરની હે કરવી શું કામ કે;
છાંયડી બાવલ કો લીએ,
સુખદાયક હે છાંહ સુરતરૂ પામી કે. સીમંધર૦ ૩

મીઠી જુઠી વાતની,
સંકલના હે નવિ જાણે બાલ કે;
બોલ અમોલ કરે પિતા,
જગમાંહી હે તું લીલ ભૂપાલ કે. સીમંધર૦ ૪

સ્વરૂપ નિર્મળ વધારસ્યો,
સેવકને હે તું વાંછ્યું દેઈ દાન કે;
ભક્તિવશે કહે બાલ એ,
ભક્તવચ્છલ હે બિરૂદ સુણ્યો કાન કે. સીમંધર૦ ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૬૦) શ્રી સીમંધરનાથ–સ્તવન.

હાંરે મ્હારે સીમંધર જિનશું લાગી પૂરણ પ્રીત જો,
સાહિબજીની સેવા ભવદુઃખ ભાંજશેરે લોલ;
હાંરે જિનપ્રતિમા જિનવર સરખી દિલમાં જોય જો,
ભક્તિ કરતાં પ્રભુજી ખૂબ નિવાજશેરે લોલ. ૧
હાંરે જેને જોતાં લાધ્યો રત્ન ચિંતામણિ હાથ જો,
તેહને રે મૂકીને કુણ ગ્રહે કાચનેરે લોલ;
હાંરે જેને હૈડે લાગી પ્રભુજી શું રઢજો,
તેહને મન બીજાનો સંગ નવી ગમે રે લોલ. ૨
હાંરે જે પામ્યા પરિમલ પ્રીતે અમૃતપાન જો,
ખારૂં જલ તે પીવા કહો કુણ મન કરે રે લોલ;
હાંરે જે ઘરમાં બેઠા પામ્યા લખમી જોર જો,
ધનને કાજે દેશ દેશાંતર કોણ ફરે રે લોલ. ૩
હાંરે જેણે સેવ્યા પૂરણ ચિત્તે અરિહંત દેવ જો,
તેહનારે મનમાંહે કેમ બીજા ગમેરે લોલ;
હાંરે એ તો દોષ રહિત નિષ્કલંકી ગુણ ભંડાર જો,
મનડું રે અમારૂં પ્રભુ સાથે રમેરે લોલ. ૪
હાંરે મુને મલિયા પૂર્ણ ભાગ્યે સીમંધરનાથ જો,
દેખીને હું હરખ્યો તન મન રંજિયોરે લોલ;
હાંરે એ તો દોલતદાયી પ્રભુજીનો દેદાર જો,
મેં તો જોતાં પ્રભુને કર્મદલ ગંજીયો રે લોલ. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૬૧) શ્રી સીમંધરદેવ-સ્તવન.

શ્રી સીમંધર સ્વામીજીને, કરૂં રે પ્રણામ;
મૂરતિ સુરતિ નિરખી હરખ્યો, આહરો આતમરામ;
આશ સુખના હો ઠામ, મીઠી આંખે દેખત મોરી ભાવઠ ગઈ. ૧
અચરજ તારી વાર્તામાં, થયો રે કરાર;
મૂઢ પણે વિસારી મૂકી, નવિ કીધો નિરધાર. આશા૦ ૨
અવગુણ મુજમાં છે ઘણા, પણ સાહેબ ન આણો મન;
લોક કલંકી થાપીઓ, પણ શશીહર રાખ્યો તન. આશા૦ ૩
ભમતાં ભમતાં જોઈઆ મેં, તુમ્હ સરીખો દેવ,
દીઠો નહિ તેણે કારણે મેં, નિશ્ચે કરવી સેવ. આશા૦ ૪
જ્ઞાનાનંદ પદ તેં દીયો, મહેર કરી મહારાજ;
એટલો દિન લેખે થયોને, સફળ થયો ભવ આજ. આશા૦ ૫

---

(૧૬૨) શ્રી વીર જિન-સ્તવન.

(દુર્લભભવ લહી દોહીલો એ-રાગ.)

આજ સફળ દિન માહરો એ, ભેટ્યો વીર જિણંદ કે;
ત્રિભુવનનો ધણી એ.
ત્રિશલારાણીનો નંદ એ કે, જગ ચિંતામણિનાથ; ત્રિ૦
દુઃખ દોહગ દૂરે ટળ્યાં એ, પેખી પ્રભુ મુખ ચંદ કે.
ત્રિ૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા એ, ઉલટ અંગે ન માય કે; ત્રિ૦
આવી મુજ ઘર આંગણે એ, સુરગવિ[1] હેજ સવાય કે.
ત્રિ૦ ૨

ચિંતામણિ મુજ કર ચઢયું એ, પાયો ત્રિભુવન રાજ કે; ત્રિ૦
મુહ માગ્યા પાસાં ઢળ્યા એ, સિધ્યાં વંછિત કાજ કે.
ત્રિ૦ ૩

ચિત્ત ચાહ્યા સાજન મિળ્યા એ, દુરજન ઉડયા વાય કે; ત્રિ૦
સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરૂ છાંય કે.
ત્રિ૦ ૪

તેજ ઝલાહલ દીપતોએ, ઉગ્યો સમકિત[2] સૂર કે ત્રિ૦
શ્રી દેવગુરૂરાજનોએ ભક્ત લહે સુખપૂર કે.
ત્રિ૦ ૫

(૧૬૩) શ્રી સીમંધર જિન સ્તવન.

[ઋષભ જિણંદશું પ્રીતડી–એ દેશી.]

શ્રી સીમંધર સાહિબા,
સુણો સંપ્રતિ હો ભરતક્ષેત્રની વાત કે;
અરિહા કેવલી કો નહિ,
કેને કહિયે હો મનના અવદાત કે શ્રી સીમંધર૦ ૧

૧ કામધેનુ ગાય. ૨ સમકિતરૂપી સૂર્ય.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એહવું કહેતાં જુગતું નહિ,
તુમ સોહે હો જગ કેવલનાણ કે;
ભૂખ્યાં ભોજન માગતાં,
આપે ઉલટ હો અવસરના જાણ કે. શ્રી સીમંધર૦ ૨
કહેશ્યો તુમે જુગતા નહિ,
જુગતાને હો વલી તારે સાંઇ કે;
યોગ્ય જનનું કહેવું કિશ્યું,
અલ્પશક્તિવંતને હો તારો ગ્રહી બાંહી કે. શ્રી સીમંધર૦ ૩
થોડું હી અવસરે આપીયે,
ઘણાની હો પ્રભુ છે પછી વાત કે;
પગલે પગલે પાર પામીયે,
પછી લહીયે હો સઘલા અવદાત કે. શ્રી સીમંધર૦ ૪
મોડું વહેલું તમે આપશો,
બીજાનો હો હું ન કરૂં સંગ કે;
શ્રી સીમંધરપ્રભુ શિષ્યનો,
રાખીજે હો પ્રભુ અવિચલ રંગ કે. શ્રી સીમંધર૦ ૫

(૧૬૪) શ્રી સીમંધર જિન–સ્તવન.

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ–એ દેશી.)

સાચો હો પ્રભુ સાચો તું વીતરાગ,
જાણ્યો હો પ્રભુ જાણ્યો મેં નિશ્ચે કરીજી;
કાચો હો પ્રભુ કાચો મોહ જંજાળ,
છાંડી હો પ્રભુ છાંડી તેં સમતા ધરીજી. ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સેવે હો પ્રભુ સેવે દેવની કોડી,
જોડી હો પ્રભુ જોડી નિજ કર આગલેજી;
દેવ હો પ્રભુ દેવ ઇંદ્રની નાર,
દૃષ્ટિ હો પ્રભુ દૃષ્ટિ તુઝ ગુણ રાગલેજી. ૨

ગાવે હો પ્રભુ ગાવે કિન્નરી ગીત,
ઝીણે હો પ્રભુ ઝીણે રાગે રસ ભરીજી;
બોલે હો પ્રભુ બોલે ખગ યશવાદ,
ભાવે હો પ્રભુ ભાવે મુનિ ધ્યાને ધરીજી. ૩

સોહે હો પ્રભુ સોહે અતિશય રૂપ,
બેસે હો પ્રભુ બેસે કનક સિંહાસનેજી;
ગાજે હો પ્રભુ ગાજે મધુરો નાદ,
રાજે હો પ્રભુ રાજે સંઘતુઝ શાસનેજી. ૪

તું તો હો પ્રભુ તું તો તાહરે રૂપ,
ભુંજે હો પ્રભુ ભુંજે સંપદ આપણીજી;
નાઠી હો પ્રભુ નાઠી કર્મ તતિ દૂર,
ઉઠી હો પભુ ઉઠી તુઝથી પાપણીજી. ૫

જોવો હો પ્રભુ જોવો મુજ એકવાર,
સ્વામી હો પ્રભુ સ્વામી સીમંધર ધણીજી;
વૃદ્ધિ હો પ્રભુ વૃદ્ધિ જ્ઞાનાદી અપાર,
પામે હો પ્રભુ પામે શિવ લક્ષ્મી ઘણીજી. ૬

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૬૫) શ્રી અનંતનાથ જિન-સ્તવન.

(ઋષભ જિણંદસું પ્રીતડી-એ દેશી.)

અનંત જિણંદસું પ્રીતડી,
નીકી લાગી હો અમૃતરસ જેમ;
અવર સરાગી દેવની,
વિષ સરીખી હો સેવા કરૂં કેમ. અ૦ ૧

જિમ પદમિની મન પિઉ વસે,
નિરધનીયા હો મન ધનકી પ્રીત;
મધુકર કેતકી મન વસે,
જિમ સાજન હો વિરહીજન ચિત્ત. અ૦ ૨

કરષણી મેઘ આષાઢ જ્યું,
નિજ વાછડ હો સુરભિ જિમ પ્રેમ;
સાહિબ અનંત જિણંદસું,
મુઝ લાગી હો ભક્તિ મન તેમ. અ૦ ૩

પ્રીતિ અનાદિની દુઃખ ભરી,
મેં કીધી હો પર પુદ્ગલ સંગ;
જગત ભમ્યો તિણ પ્રીતસું,
સ્વાંગ ધારી હો નાચ્યો નવનવ રંગ. અ૦ ૪

જિસકો અપના જાનીયા,
તિન દીવા હો છીનમેં અતિ છેહ;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પરજન કેરી પ્રીતડી,
મેં દેખી હો અંતે નિઃસનેહ. અ૦ ૫
મેરા કોઇ ન જગતમેં,
તુમ છોડી હો જિનવર જગદીશ;
પ્રીત કરૂં અબ કોનસું,
તું ત્રાતા હો મોહે વિસવાવીસ. અ૦ ૬
આતમરામ તું માહરો,
સિરસેહરો હો હૈયડાનો હાર;
દીનદયાલ કૃપા કરો,
મુઝ વેગે હો અબ પાર ઉતાર. અ૦ ૭

(૧૬૬) શ્રી સીમંધર જિન–સ્તવન.

(સાહિબ અજિત જિણંદ જુહારિયે–એ દેશી.)

સાહિબ શ્રી સીમંધર સાહિબા,
સાહેબ તુમ પ્રભુ દેવાધિદેવ;
સનમુખ જુઓને મ્હારા સાહિબા,
સાહેબ મન શુદ્ધે કરૂં તુમ સેવ.
એક વાર મળોને મ્હારા સાહિબા. ૧
સાહેબ સુખ દુઃખ વાતો મ્હારે અતિ ઘણી,
સાહેબ કોણ આગળ કહું નાથ; સનમુખ૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સાહેબ કેવળજ્ઞાની પ્રભુ જો મળે,
સાહેબ તો થાઉં હું રે સનાથ. એક વાર૦ ૨
સાહેબ ભરતક્ષેત્રમાં હું અવતર્યો,
સાહેબ આછું એટલું પુણ્ય; સનમુખ૦
સાહેબ જ્ઞાની વિરહ પડયો આકરો,
સાહેબ જ્ઞાન રહ્યું અતિ ન્યૂન. એક વાર૦ ૩
સાહેબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે,
સાહેબ રવિ કરે તેહ પ્રકાશ; સનમુખ૦
સાહેબ તિમહીજ જ્ઞાની મળે થકે,
તે તો આપે રે સમકિત વાસ. એક વાર ૪
સાહેબ મેઘ વરસે છે વાડમાં,
સાહેબ વરસે છે ગામોગામ; સનમુખ૦
સાહેબ ઠામ કુઠામ જોએ નહિં,
સાહેબ એવાં મ્હોટાનાં કામ. એક વાર૦ ૫
સાહેબ હું વસ્યો ભરતને છેડલે,
સાહેબ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર; સનમુખ૦
સાહેબ દૂર રહી કરૂં વંદના,
સાહેબ ભવસમુદ્ર ઉતારો પાર. એક વાર૦ ૬
સાહેબ તુમ પાસે દેવ ઘણા વસે,
સાહેબ એક મોકલજો મહારાજ !; સનમુખ૦
સાહેબ મુખનો સંદેશો સાંભળો,
સાહેબ તો સહેજે સરે મુજ કાજ. એક વાર૦ ૭

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સાહેબ હું તુમ પગની મોજડી,
સાહેબ હું તુમ દાસનો દાસ; સનમુખ૦
સાહેબ તુમ સેવકની નમ્ર પ્રાર્થના,
સાહેબ મને રાખો તમારી પાસ. એક વાર૦ ૮

(૧૬૭) શ્રી શાંતિનાથ-સ્તવન.

(દીઠી હો પ્રભુ દીઠી-રાગ.)

શાંતિ હો જિન શાંતિ કરો શાંતિનાથ,
અચિરા હો જિન અચિરાનંદન વંદનાજી;
કેવળ હો પ્રભુ કેવળ લહીયે દીદાર,
ભાગી હો જિન ભાગી ભાવઠ ભંજનાજી. ૧

પ્રગટી હો જિન પ્રગટી રિદ્ધિ નિદાન,
માહરે હો જિન માહરે જસ સુરતરૂ ફળ્યોજી;
તોરણ હો જિન તોરણ બાંધ્યા બાર,
અભય હો જિન અભયદાન દાતા મળ્યોજી. ૨

દાયક હો જિન દાયક દીનદયાળ,
જેહને હો જિન જેહને બોલે હુએ મુદાજી;[1]
જિનની હો જિન જિનની વાણી મુજ,
પ્યારી હો જિન પ્યારી લાગે તે સદાજી. ૩

---

૧ આનંદ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઉદયો હો જિન ઉદયો જ્ઞાનદિણુંદ,
ધાઠો હો જિન ધાઠો અશુભ શુભ દિન વળયોજી;
મળીઓ હો જિન મળીઓ ઇષ્ટ સંયોગ,
સુંદર હો જિન સુંદરતા તન મન ભળયોજી. ૪

સાખી હો જિન સાખી ઈંદ નરિંદ,
અવર હો જિન અવર અનુભવ આતમાજી;
પ્રેમે હો જિન પ્રેમે સેવક સુજાણ,
ગાયા હો જિન ગાયા ગુણ એ તાતનાજી. ૫

(૧૬૮) શ્રી સીમંધર જિન–સ્તવન.

(લલના રાગ.)

પ્રણમુ પ્રેમે પ્રહ સમે, જિનવર સીમંધરનાથ ભવિયણ;
એ જગમાંહીં જોવતાં, સાચો શિવપુર સાથ.
ભવિ૦ પ્રણ૦ ૧

સુખદાયક સાહિબ મિલ્યો, તો ફળ્યો સુરતરૂ બાર; ભવિ૦
દેખી પ્રભુ દીદારને, પામી જે ભવ પાર.
ભવિ૦ પ્રણ૦ ૨

નામથી નવનિધિ પામી, દરિશણ દુરિત પલાય; ભવિ૦
પ્રહ સમે પ્રેમે પ્રણમતાં, ભવભવ પાતિક જાય.
ભવિ૦ પ્રણ૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સુરતી એ જિનવર તણી, સાચી સુરતરૂ વેલ; ભવિ૦
નિરખંતાં નિત નયણશું, ઉગમે આનંદ રેલ.
ભવિ૦ પ્રણ૦ ૪

શાંતિ સુધારસ શું ભરી, એ મૂરતિ મનોહાર; ભવિ૦
પ્રણમે જે નિત પ્રેમશું, ધન ધન તસ અવતાર.
ભવિ૦ પ્રણ૦ ૫

પુણ્ય હશે તે પામશે, એ જિનની નિત સેવ; ભવિ૦
સકળ ગુણે કરી શોભનો, અવર ન એહવો દેવ.
ભવિ૦ પ્રણ૦ ૬

ચરણકમળ એ પ્રભુ તણા, સેવંતાં નિશદીસ; ભવિ૦
જ્ઞાનાનંદ તણી સંપદા, પામીયે વિસવાવીશ.
ભવિ૦ પ્રણ૦ ૭

(૧૬૯) શ્રી પદ્મજિન–સ્તવન.

(રાજુલ કહે છે નાથ બોલ્યા પાળજો રે–રાગ.)

પદ્મ જિનેશ્વર વિનતી, મુજ મનનીજી;
વિનતી કરૂં વારંવાર, સુણો ભવભવનીજી. ૧

ઘણા પુન્યે તુમ્હ પામીયો, સુખદાતાજી;
મુખ પંકજ દીદાર, થઈ મન શાતાજી. ૨

મેં નિશ્ચય સેતી તું ધર્યો, ચિત્ત હરખેજી;
નાણું લઈ જેમ કોઈ ખરો, નિજ પરખેજી. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કંચન કસોટી ચાટતાં ખરૂં ખોટુંજી;
તિમ તુંહી જ મુજ સ્વામી, મહાત્મય મોટુંજી. ૪
પ્રેમ ધરીને નીરખીયો, સુણ સ્વામીજી;
મીઠી મહેર કરી રે, નવનિધિ પામીજી. ૫

(૧૭૦) શ્રી સીમંધર જિન-સ્તવન.

(ધરમ પરમ અરનાથનો-રાગ.)

સીમંધર થાસું વિનવું, વિનતિ અવધારોજી;
સેવક હું છું તાહરો, મને પાર ઉતારોજી.
સીમંધર૦ ૧

ધન્ય વિદેહનાં માનવી, નિત્ય દર્શન કરતાંજી;
પાય તુમારા સેવીને, શિવરમણી વરતાંજી.
સીમંધર૦ ૨

કોટી દેવ જઘન્યથી, પ્રભુ પાસે ઠાવેજી;
એક ત્યાંથી અહીં આવતાં, ઘાસ દર્શન પાવેજી,
સીમંધર૦ ૩

તિહાં તો આરો સુખમો, ઇહાં દુખમો આરોજી;
પ્રભુ ચરણના રાગથી, મને લાગે એ સારોજી.
સીમંધર૦ ૪

ભરતે કલેશ વધી પડયો, વાદ સમય સ્થપાયોજી;
ભુંડી હુંડાએ દાખવ્યું, સ્વેચ્છાચારી પૂજાયોજી.
સીમંધર૦ ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રભુ રાગે હું બચી ગયો, મેં એ ફંદ નસાયોજી;
તુજ કૃપાએ આ ચિત્તમાં, આગમસાર વસાયોજી.
સીમંધર૦ ૬

જ્ઞાન ચારિત્ર મારૂં પ્રભુ, રહે સ્થિર એમ કિજોજી;
લોક હેરીમાં હું ના પડું, વરદાન એ દીજોજી.
સીમંધર૦ ૭

આવતા ભવે પ્રભુ પાદની, સેવા વ્રતયુત દીજોજી;
યથાખ્યાત મુજ આપીને, સાથે મોક્ષમાં લીજોજી.
સીમંધર૦ ૮

આત્મ કમલમાંજિન ! તુમે, અવિચલભાવે બિરાજોજી;
સાર સકલ મુજ આપીને, અષ્ટ કર્મોને કાપોજી.
સીમંધર૦ ૯

(૧૭૧) શ્રી સીમંધર જિન–સ્તવન.

(દીઠી હો દીઠી–રાગ.)

ફળિયા હો પ્રભુ ફળિયા મનોરથ મુજ,
મળિયા હો પ્રભુ મળિયા દેવ જિનેશ્વરૂજી;
ઉજ્જવળ હો પ્રભુ પૃથ્વી ઉજ્જવળ કીધ,
પૂરણ હો પ્રભુ પૂરણ આશા સુરતરૂજી. ૧
આપે હો પ્રભુ આપે સવિ સુખ રિદ્ધિ,
થાપે હો પ્રભુ થાપે નિજ પદ લોકનેજી;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વ્યાપે હો પ્રભુ વ્યાપે પ્રભુ ગુણ જેહ,
કાપે હો પ્રભુ કાપે તેહના શોકનેજી, ૨
ધનધન હો પ્રભુ ધનધન તું જગમાંહિ,
મુજ મન હો પ્રભુ મુજ મનમેં તુંહિ જ વસ્યોજી;
નિરખી હો પ્રભુ નિરખી તાહરૂં રૂપ,
હરખી હો પ્રભુ હરખી તન મન ઉલસ્યોજી. ૩
સમતા હો પ્રભુ સમતા અમૃતસિંધુ,
ગમતા હો પ્રભુ મન ગમતા સ્વામી મળ્યાજી;
તેહવા હો પ્રભુ તેહવા દીઠા આજ,
જેહવા હો પ્રભુ જેહવા કાને સાંભળ્યાજી. ૪
માહરી હો પ્રભુ માહરી પૂગી આશ,
તાહરી હો પ્રભુ તાહરી કરુણા હૂઈ હવેજી;
જિનજી હો પ્રભુ જિનજી તારો દાસ,
વીનવું હો પ્રભુ વીનવું હું ભાવે કરીજી. ૫

(૧૭૨) શ્રી જિન-સ્તવન.

(જિનવર પૂજો-રાગ.)

જગલોચન જબ ઉગીઓ રે, પસર્યો પુહવિ પ્રકાશ;
ગુણરા લાયક.
અનુભવ એ મુજ વાતનો રે, ઉદય હુઓ ઉજાસ. ગુણ૦ ૧
ઉગ્યો ઉગ્યો રે જિનવર ઉગ્યો, હાંરે પ્રભુ ઉગ્યો મહાપ્રભાત;
ગુણરા લાયક.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભજન થકી ભવ ભયહરૂ રે, દરિસણથી દૂર દુઃખ; ગુણ૦
પઇવ કપુરની વાસતે રે, પામે મહા સુર સુખ. ગુણ૦ ૨

અવિહડ એહને કારણે રે, ધરે ધરમશું ધ્યાન; ગુણ૦
ચિત્ત વિત્ત પાત્ર સંજોગશું રે, પ્રગટે બહુરિદ્ધિ દાન. ગુણ૦ ૩

સ્વરૂપ વધારણ સાહિબો રે, કામિતકામનો ધામ; ગુણ૦
જલહર જલ વરસે સદા રે, ન જોવે ઠામ કુઠામ. ગુણ૦ ૪

પશ્ચિમ ઇંદુ રવિ પૂરવે રે, જગત નમે જસ પાય; ગુણ૦
ચિત્ત વિત્ત પાત્રને કારણે રે, પામું આતમ લાભ. ગુણ૦ ૫

(૧૭૩) શ્રી ચંદ્રપ્રભુ જિન–સ્તવન.

હાંરે મારે ચંદ્રવદન જિન ચંદ્રપ્રભુ જગનાહજો,
દીઠા મીઠા ઇચ્છા જિનવર આઠમો રે લો; હાંરે૦
હાંરે પ્રભુ મનડાનો માનીતો પ્રાણ આધાર જો,
જગ સુખદાયક જંગમસુર સાખી સમો રે લો; હાંરે૦ ૧

હાંરે પ્રભુ શુદ્ધ આશય ઉદયાચળ સમકિત સૂર[1] જો,
વિમલદશા પૂરવ દિશે ઉગ્યો દીપતો રે લો; હાંરે૦ ૨

હાંરે પ્રભુ સદ્દહણા અનુમોદ પરિમલ પૂર જો,
પરછાયો મન માનસસર અનુભવ વાયરે રે લો; હાંરે૦ ૩

---

૧ સૂર્ય.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાંરે પ્રભુ ચેતન ચકવા ઉપશમ સરવર નીર જો,
શુભમતિ ચકવી સંગે રંગ રમલ કરે રે લો. હાંરે૦ ૪

હાંરે પ્રભુ જ્ઞાનપ્રકાશે નયણલાં મુજ હોય જો,
જાણુંરે ખટદ્રવ્ય સ્વભાવે ચૈતન્યપ્રભુ રે લો; હાંરે૦ ૫

હાંરે પ્રભુ જડ ચેતન ભિન્નાભિન્ન નિત્યાનિત્ય જો,
રૂપી અરૂપી આદિ સ્વરૂપ જ્ઞાયકપણે રે લો; હાંરે૦ ૬

હાંરે પ્રભુ લખ ગુણદાયક લખમણા રાણી નંદ જો,
ચરણ સરોરૂહ સેવા મેવા સારીખી રે લો; હાંરે૦ ૭

(૧૭૪) શ્રી નેમનાથ જિન-સ્તવન.

(સ્વામિ સુજાત સુહાયા-રાગ.)

નેમિ જિણેસર મુજ પરમેસર, અલવેસર ઉપગારી રે;
સુણ સાહિબા સાચા.
જગજીવન જિનરાજ જયંકર, મુજને તુજ સુરતિ પ્યારી રે.
સુ૦ ૧

મહિર કરીજે વંછિત દીજે, સેવક ચિત્ત ધરીજે રે; સુણ૦
સેવા જાણી શિવસુખ ખાણી, ભક્તિ સહિનાણી દીજે રે.
સુ૦ ૨

કામકુંભને સુરતરૂથી પણ, પ્રભુ ભક્તિ મુજ પ્યારી રે; સુણ૦
જેઓએ ખિણ એક લગી સેવી, શિવસુખની દાતારી રે.
સુણ૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભગતિ સુવાસના વાસે વાસિત, જે હોયે ભવિ પ્રાણી રે; સુણ૦
જીવન મુક્ત ચિદાનંદ રૂપી, તે કહિયે શુદ્ધ નાણી રે.
સુણ૦ ૪

પ્રભુ તુમ ભક્તિ તણી અતિ મોટી, શક્તિ એ જગમાં વ્યાપે રે;
એકવાર પણ ભાવે સેવી. ચિદાનંદ પદ આપે રે.
સુણ૦ ૫

પૂરણ પૂરવ પુણ્ય પસાયે, જો તુમ્હ ભગતિ મેં પાસી રે; સુણ૦
તો હું દુત્તર એ ભવ દરિયો, તરીઓ સહેજે સ્વામી રે.
સુણ૦ ૬

સાહિબ સેવક જાણી સાચો નેક સુનજરે જો જો રે; સુણ૦
સેવકં કહે ભવભવ જિનજી, તુમ્હ ભગતિ મુજ હોજો રે.
સુણ૦ ૭

(૧૭૫) શ્રી નેમનાથ જિન-સ્તવન.

(આદિત્ય અરીહંત-રાગ.)

નેમિ જિનેસર દેવ નયણે દીઠા રે,
મૂરતિવંત મહંત લાગે મીઠા રે;
મધુરી જેહની વાણી જેવી શેલડી,
સાંભળતાં સુખ થાય કામિત વેલડી. ૧
જાગ્યાં માહરાં ભાગ્ય તુજ ચરણે આયો,
પાપ ગયાં પલાય ગંગાજળ ન્હાયો;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હૂવે વુઠયા મેહ અશુભ દિવસ નાઠા,
દૂર ગયા દુઃખ દંદ દુશ્મન થયા માઠા. ૨

હવે માહરો અવતાર સફળ થયો લેખે,
પણ મુજને એક વાર કૃપા નજરે દેખે;
સુરમણિથી જગદિશ તુમે તો અધિક મિલ્યા,
પાસા માહરે દાવ સુહ માગ્યા ઢળીયા. ૩

ભૂખ્યાને માહારાજ જિમ ભોજન મિલે,
તરસ્યાને ટાઢું નીર અંતર તાપ ટળે;
થાકયો તે સુખપાળ બેસી સુખ પામે,
તેમ ચાહંતાં મિત્ત મિલતાં હિત જામે. ૪

તાહરે ચરણે નાથ હેજે વળગ્યો છું,
કદીય મ દેજો છેહ નહિ હું અળગો છું;
શ્રી સદ્ગુરૂ જ્ઞાની પ્રભુજી ઉપગારી,
સેવક નમે તુમ પાય થાયે શીવગામી. ૫

(૧૭૬) શ્રી સીમંધર જિનેશ્વર-સ્તવન.

(પદ્મપ્રભ ગુણનીધીરે લાલ-એ દેશી.)

સીમંધર જિનેશ્વર જાણજોરે લાલ,
મુજમનનો અભિપ્રાયરે જિનેશ્વર મોરા;
તું આતમ અલવેસરૂરે લાલ,
રખે તુજ વિરહો થાયરે. જિનેશ્વર મોરા. ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તુજ વિરહો કેમ વેઠીયેરે લાલ,
તુજ વિરહો દુઃખદાયરે. જિન૦
તુજ વિરહો ન ખમાયરે જિ૦
ખીણ વરસાંસો થાય રે જિન૦
વિરહો મ્હોટી બલાયરે જિનેશ્વર મોરા,
તુજ વિરહો કેમ વેઠીયેરે લાલ.
તાહરી પાસે આવવું રે લાલ.
પહેલાં ન આવે (આવતું) તું હાય રે જિનેશ્વર મોરા;
આવ્યા પછી તો જાયવું રે લાલ,
તુજ ગુણ વશ્યે ન સોહાય રે;
જિનેશ્વર મોરા, તુજ વિરહો કેમ વેઠીયે રે લાલ. ૨
ન મળ્યાનો ધોખો નહી રે લાલ,
જસ ગુણનું નહિ નાણ રે જિન૦
મિળિયા ગુણ કળિયા પછી રે લાલ,
વિછુરત જાએ પ્રાણ રે. જિ૦ તુ૦ ૩
જાતિ અંધને દુઃખ નહી રે લાલ,
ન લહે નયનનો સ્વાદ રે જિન૦
નયણ સવાદ લહી કરી રે લાલ,
હાર્યાં ને વિખવાદ રે જિ૦ તુ૦ ૪
બીજે પણ ક્યાંહિ નવિ ગમે રે લાલ,
જિણે તુજ વિરહે બચાય રે જિનેશ્વર મોરા;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

માલતી કુસુમે મ્હાલીયો રે લાલ,
મધુપ કરીરે ન જાય રે. જિને૦ તુજ વિ૦ ૫

વન દવ દાધાં રૂંખડાં રે લાલ,
પાલ્હવે વળી વરસાત રે જિનેશ્વર મોરા;
તુજ વિરહાનળના દહ્યા રે લાલ,
કાળ અનંત ગમાત રે જિ૦ તુજ વિ૦ ૬

ટાઢક રહે તુજ સંગમાં રે લાલ,
આકુળતા મિટી જાય રે જિનેશ્વર મોરા;
તુજ સંગે સુખીયો સદા રે લાલ,
ભક્ત ભાવે તુઝ સેવ રે જિને૦ તુજ વિ૦ ૭

---

(૧૭૭) શ્રી સીમંધર જિન-સ્તવન.

રસીયા સીમંધર જિનજી કેસર, ભીની દેહડી રે લો.
આરા નાથ જી રે લો;
રસીયા મનવાંછિત વર પૂરણ, સુરતરૂ વેલડી રે લો. મારા૦ ૧
રસીયા અંજન રહિત નિરંજન,
નામ હીયે ધરો રે લો; મારા૦
રસીયા જીગત કરી મન ભગતે,
પ્રભુ પૂજા કરો રે લો. મારા૦ ૨
રસીયા શ્રીનંદન આનંદન,
ચંદનથી શીતે રે લો; મારા૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૭૯) શ્રી સુપાર્શ્વનાથ જિન–સ્તવન.

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ—એ દેશી.)

સુનિએ હો પ્રભુ હો સુનિએ દેવ સુપાસ,
મનકી હો પ્રભુ મનકી વાત સવે કહુંજી;
થાં વિન હો પ્રભુ થાં વિન ન લહું સુખ,
દીઠે હો પ્રભુ દીઠે મુખ સુખ લહુંજી. ૧
છોડું હો પ્રભુ છોડું ન થાંકી ગેલ,
પામ્યા હો પ્રભુ પામ્યા વિણ સુખ શિવ તણાંજી;
ભોજન હો પ્રભુ ભોજન ભાંજે ભૂખ,
ભાંજે હો પ્રભુ ભાંજે ભૂખ ન ભામણાજી. ૨
ખમયો હો પ્રભુ ખમયો મ્હાકો દાસ,
ચાકર હો પ્રભુ ચાકર મ્હેં છાં રાઉલાજી;
મીઠા હો પ્રભુ મીઠા લાગે બોલ,
બાલક હો પ્રભુ બાલક બોલે જે વાઉલાજી. ૩
કેતૂં હો પ્રભુ કેતૂં કહિએ તુઝ,
જાણો હો પ્રભુ જાણો સવિ તુમ્હે જગધણીજી;
ધારી હો પ્રભુ ધારી નિવહો પ્રેમ,
લજ્જા હો પ્રભુ લજ્જા બાંહ ગ્રહ્યા તણીજી. ૪
સેવક હો પ્રભુ સેવક જાચે એમ,
દેજો હો પ્રભુ દેજો દરશન સુખ ઘણોજી. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૮૦) શ્રી સીમંધર જિન–સ્તવન.

(દીઠા લોયણ આજ–રાગ.)

જ્ઞાની શિર ચૂડામણીજી, જગજીવન જિનચંદ;
મળીઓ તું પ્રભુ એ સમેજી, ફળીઓ સુરતરૂ કંદ.
સીમંધર જિન તુમ્હ શું અવિહડ નેહ, જિમ બપઇયા[1] મેહ[2],

મારુ મેં મરૂમંડલેજી, પામ્યો સુરતરૂ સાર;
ભૂખ્યાને ભોજન ભલુંજી, તરસ્યાં અમૃત વારિ.
સીમંધર૦ ૨

દુષિત દૂષમા કાળમાંજી, પૂરવ પુણ્ય પ્રમાણ;
તું સાહિબ જો મુજ મિળ્યોજી, પ્રગટ્યો આજ પ્રભાત.
સીમંધર૦ ૩

સમરણ પણ પ્રભુજી તણુંજી, જે કરે તે કૃતપુણ્ય;
દારશણ જે એ અવસરેજી, પામે તે ધન્ય ધન્ય.
સીમંધર૦ ૪

ધન્ય દિવસ ધન્ય એ ઘડીજી, ધન્ય મુજ વેલા રે એહ;
જગજીવન જગ વાલહોજી, ભેટ્યો તું સસનેહ.
સીમંધર૦ ૫

---

૧ ચાતક. ૨ વરસાદ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

આજ ભલી જાગી દિશાજી. ભાગી ભાવઠ દૂર;
પામ્યો વાંછિત કામનાજી, પ્રગટ્યો, સહજસનૂર.
સીમંધર૦ ૬

અંગીકૃત નિજ દાસનીજી, આશા પૂરો રે દેવ;
જિન સેવક કહે તો સહિજી, સુગુણ સાહિબની સેવ.
સીમંધર૦ ૭

---

(૧૮૧) શ્રી સીમંધર જિન-સ્તવન.

(આવેલ આશા ભર્યા-રાગ.)

શ્રી સીમંધર સ્વામીજી રે, મહેર કરો મહારાજ કે,
હું સેવક છું તાહરો, અહનિશ પ્રભુજીની ચાકરી રે,
કરવી એહ જ કાજ કે હું૦ ૧

દુરલભ છે સંસારમાં રે, તુમ સરીખાનો સંગ કે; હું૦
વળી તિમે દરિસણ દેખવું રે, તે આળસુ આંગણે ગંગ કે.
હું૦ ૨

સમય છતાં નહિ સેવશે રે, તે મૂરખ શિરદાર કે; હું૦
તુજ સરીખો સાહીબ મળ્યો રે, ફળીયો મનોરથ કાજ કે.
હું૦ ૩

સફલ થયો હવે માહરો રે, મનુષ્ય તણો અવતાર કે; હું૦
કલ્પતરૂ સમ તાહરો રે, પામ્યો છું દીદાર કે. હું૦ ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કરમ ભરમ દૂરે ટળ્યા રે, જબ તું મિલિયો જિનરાજ કે; હું૦
શ્રી જિનરાજ કૃપા થકી રે, જ્ઞાનાનંદી સુખ થાય કે. હું૦ ૫

(૧૮૨) શ્રી સીમંધરનાથ જિન–સ્તવન.

સીમંધર જિનવરજી છો દેવ દયાળ જો,
અવધારો વીનતડી ગુણ જ્ઞાની તુમે રે લો;
કદીએ થાશો પરસન વયણ રસાળ જો,
વારે રે વારે પૂછાં છાં તે અમે રે લો.
સેવા કરવા ઊભા છાં દરબાર જો,
રાતે રે દીહે રે તાહરે આગળે રે લો; ૧
ખામી ન પડે તેહમાં એક લગાર જો,
તોયે રે તુમારો મનડો ન મિલે રે લો.
અખય ખજાનો તાહરે દીસે નાથ જો,
સેવકને દેતાં રે ઓછું શું હવે રે લો; ૨
સાહિબાજી રે તો હું થયો સનાથ જો,
નેક રે નજરશું જો સાહસું જુવે રે લો.
મુજને આપો વહાલા વંછિતદાન જો,
જેહવો રે તેહવો છું તો પણ તાહરો રે લો; ૩
જગબંધવ જાણીને તાહરે પાસ જો;
આવ્યો રે ઉમાહ ધરીને નેહશું રે લો;
શ્રી સદ્‌ગુરુરાજ પસાયે આશ જો,
સફળ ફળી છે તુજ સેવકની જેહશું રે લો. ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૮૩) શ્રી વર્દ્ધમાન જિન-સ્તવન.

(શ્રી શ્રેયાંસજીન અંતરજામી-રાગ.)

વર્દ્ધમાન જિનવરને ધ્યાને, વર્દ્ધમાન સમ થાવેજી:
વર્દ્ધમાન વિદ્યા સુપસાયે, વર્દ્ધમાન સુખ પાવેજી. વ૦ ૧
તું ગતિ મતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધારજી;
જયવંતું જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગારજી. વ૦ ૨
જે અજ્ઞાની તુમ મત સરીખો, પરમતને કરી જાણેજી;
કહો કુણ અમૃતને વિષ સરીખું, મંદમતિ ત્રિણ જાણેજી. વ૦૩
જે તુમ આગમરસ સુધારસે. સીંચ્યો શીતલ થાયજી;
તાસ જનમ સુકૃતારથ જાણો, સુર નર તસ ગુણ ગાયજી. વ૦ ૪
સાહિબ તુમ પદપંકજ સેવા, નિત નિત એહિજ યાચુંજી;
શ્રી વર્દ્ધમાન ચરણને સેવી, પ્રભુને ધ્યાને માચુંજી. વ૦ ૫

(૧૮૪) શ્રી અજિતનાથ જિન-સ્તવન.

(ઋષભ જીણંદ શું પ્રીતડી-રાગ.)

અજિત જિનેસર ધકમનાં[૧], મે કીધી હો તુમ સું એ તારકે;
ત્રિવિધ કરિ તુજને ગ્રહ્યો, મે જાણી હો સંસારમાં સારકે.
અજિત જિનેસર૦ ૧

[૧] એક મનથી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઓટાંની મહેનતે કિયાં, સહી હોવે હો કાંઇ મોટી મોજ કે,
આતમ મુજ પવિત્ર હુવે, દેખતાં હો આવઇ દરસણ રોજ કે.
અજિત જિનેસર૦ ૨

સદગુરૂના ઉપદેશથી, છે તારક હો ઇમ સુણીયો કાનકે;
તે તારક બહુ તારીયા, કરજોડી હો કરૂં અરજ તું માન કે.
અજિત જિનેસર૦ ૩

તારક તારિ સંસારથી, હું વિનવું હો કરૂં અરજ તું માનકે;
આંગણે અવરના જાવતાં, પામસ્યો હો શોભા ક્યું ઇસ કે.
અજિત જિનેસર૦ ૪

શું હવે શોચો[1] સાહિબા, પ્રભુ પાખે[2] હો તારક કુણ હોય કે;
સેવક કહે પ્રભુ રંગ સ્યું, થે સંપદ હો જ્યું આતમ પદ જોય કે.
અજિત જિનેસર ઇક ૦૫

---

(૧૮૫) શ્રી સીમંધર જિન-સ્તવન.

(ઋષભજીણુંદ શું પ્રીતડી–રાગ.)

મોરા સ્વામી હો શ્રી પ્રથમ જિણુંદકે,
શ્રી સીમંધર જિન સાંભળો;
મુજ મનની હો જે હું કહું વાત કે,
છોડી મનનો આમળો. મોરા૦ ૧

---

૧ વિચારો. ૨ સરખો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ગુણ ગિરૂઆહો અવસર લહી આજકે,
તુજ ચરણે આવ્યો વહી;
સેવકને હો કરૂણાની લહેર કે,
જુઓ જો મનમાં ઉમહી. મોરા૦ ૨
તો હોવે હો અંગો અંગ આલ્હાદકે,
ન કહી જાએ તે વાતડી;
દયાસિંધુ હો સેવકને રાખોકે,
નીરંતર તુજ ચરણમાં. મોરા૦ ૩
હવે અંતર હો નવિ ધરવો ચિત્તકે,
નિજ સેવક કરી લેખવો;
સેવા ચરણની હો દેજ્યો વળી મુજકે,
વીતરાગતા મુજ આપજો. મોરા૦ ૪
વણું તુમને હો શું કહું ભગવાનકે,
દુઃખ દોહગ સહુ ચૂરજ્યો;
શ્રી સદ્‌ગુરુ હો પ્રભુ દાખવે એમ કે,
મનવંછિત તુમે પૂરજ્યો. મોરા૦ ૫

(૧૮૬) શ્રી સીમંધર જિન-સ્તવન.

(ઋષભજીણંદ શું પ્રીતડી રાગ.)

હાંજી સુરતરૂ સમોવડ સાહિબો,
જિન સીમંધર હો સીમંધર ભગવાન કે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હું તુજ દરિશણ અલજયો,
કર કરુણા હો કરુણા બહુ માન કે. સુર૦ ૧

જિમ શશિ સાયરની પરે,
વધે વધતી હો જિમ વેલની રેલ કે
તિમ મુજ આતમ અનુભવે,
નવિ મૂકે હો બહુલો તસ મેલ કે. સુર૦ ૨

છીલરતા[1] જલ જળ ગ્રહી,
પીવે મૂરખ હો કોઇ ચતુર સુજાણ કે;
નિરમળ ચિત્તના ચિત્ત ધણી,
જાણે માણે હો ગુણની ગુણ ખાણ કે. સુર૦ ૩

ચિત્ત ચોખે મન મોકળે,
ધરે તાહરૂં હો નિરમળ જે ધ્યાનકે;
તો તસ સવિ સુખ સંપદા,
લહે ખિણમાં હો ખિણમાંહે ગ્યાનકે. સુર૦ ૪

મહેર કરો માહરા નાથજી,
જાણી પ્રાણી હો એ તુમચો દાસકે;
સદ્ગુરુના જિન સાહિબા,
તુમે પૂરો હો સેવકની આશ કે. સુર૦

---

૧ ખાબોચીઉં.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૧૮૭) શ્રી સીમંધર જિન-સ્તવન.

(દીઠી હો દીઠી-રાગ.)

સેવો હે મિત્ત સેવો સીમંધરનાથ,
સાથ જ હે મિત્ત સાથ જ એ શિવપુર તણોજી;
મહમહે હે મિત્ત મહમહે જાસ અનૂપ,
મહિમા હે મિત્ત મહિમા મહી માંહે ઘણોજી;
મોટો હે મિત્ત મોટો એ જગદીશ,
જગમાં હે મિત્ત જગમાંહે પ્રભુ જાણીયેંજી,
અવર ન હે મિત્ત અવર ન કોઈ ઈશ,
એહની હે મિત્ત એહની ઉપમા આણીયેંજી. ૧
પ્રભુતા હે મિત્ત પ્રભુતાનો નહિ પાર,
સાયર હે મિત્ત સાયર પરે ગુણ મણિ ભર્યોજી,
મૂરતિ હે મિત્ત મૂરતિ મોહનગાર,
હરી પરિ હે મિત્ત હરી પરિ શિવકમળા વર્યોજી;
તારક હે મિત્ત તારક જહાજ જ્યૂં એહ,
આપે હે મિત્ત આપે ભવજલ નિરતર્યોજી.
સુરમણિ હે મિત્ત સુરમણિ જેમ સદૈવ,
સંપદ હે મિત્ત સંપદ સવિ અલંકર્યોજી. ૨
એ સમ હે મિત્ત એ સમ અવર ન દેવ,
સેવા હે મિત્ત સેવા એહની કીજીયેંજી,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કીજીયે હે મિત્ત કીજીયે જનમ કૃતાર્થ,
આનવ હે મિત્ત આનવ ભવ ફળ લીજીયેંજી;
પૂરે હે મિત્ત પૂરે વંછિત આશા,
ચૂરે હે મિત્ત ચૂરે ભવભય આપદાજી,
સુરતરૂ હે મિત્ત સુરતરૂ જેમ સદૈવ,
આપે હે મિત્ત આપે શિવસુખ સંપદાજી. ૩

(૧૮૮) શ્રી જિન-સ્તવન.

ધન ધન હે મિત્ત ધન ધન તસ અવતાર,
જેણે હે મિત્ત જેણે તું પ્રભુ ભેટિઓજી,
પાતક હે મિત્ત પાતક તસ ગયાં દૂર,
ભવ ભય હે મિત્ત ભવભય તેણે મેટીઓજી;
પામી હે મિત્ત પામી તેણે નવનિદ્ધિ,
સિદ્ધિજ હે મિત્ત સિદ્ધિજ સઘળી વશ કરીજી;
દુરગતિ હે મિત્ત દુરગતિ વારી દૂર,
કેવળ હે મિત્ત કેવળ કમળા તિણે વરીજી. ૧

સેવી હે મિત્ત સેવી સાહિબ એહ,
હરી હર હે મિત્ત હરી હરને કહો કુણ નમેજી,
ચાખી હે મિત્ત ચાખી અમૃતસ્વાદ,
બાકસ હે મિત્ત બાકસ બૂકસ કુણ જમેજી;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પામી હે મિત્ત પામી સુરતરૂ સાર,
બાઉલ[1] હે મિત્ત બાઉલ વનમાં કુણ ભમેજી.
લેઇ હે મિત્ત લેઇ મૃગમદ[2] વાસ,
પાસે હે મિત્ત પાસે લસણ ને કુણ રમેજી. ૨

જાણી હે મિત્ત જાણી અંતર એમ,
એહ શું હે મિત્ત એહ શું પ્રેમજ રાખીયેજી,
લહિયે હે મિત્ત લહિયે કામિત કામ,
શિવ સુખ હે મિત્ત શિવ સુખ સહેજે ચાખીયેંજી;
પામે હે મિત્ત પામે નવનિધિ સિદ્ધિ,
સંપદ હે મિત્ત સંપદ સઘળી તે વરેજી. ૩

(૧૮૯) શ્રી સીમંધર જિન–સ્તવન.

(વીરસેનજગીશ–રાગ.)

પ્રણમું સીમંધર જિણંદ, જગજીવન જિનચંદ;
આજ હો સ્વામી રે શિવગામી પામ્યો પુણ્યથીજી. ૧

હરખ્યા નયન ચકોર, મેહ દેખી જિમ મોર;
આજ હો માચે રે સુખ સાચે રાચે રંગશુંજી. ૨

સુર નર નારી કોડિ, પ્રણમે બે કરજોડી;
આજ હો નિરખે રે ચિત્ત હરખે પરખે પ્રેમશુંજી. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ગાયેં મધુરી ભાસ, બોલે જિન ગુણ રાસ;
આજ હો ગાને રે જિન ધ્યાને તાને મેળવેજી. ૪

દેખી પ્રભુ મુખ નૂર, અદ્દભુત આણંદપૂર;
આજ હો વાધે રે સુખ સાધે લાધે જિમ નિધિજી. ૫

ધન ધન તસ અવતાર, સુકૃત સફળ સંસાર;
આજહો જિણેરે સુખદાયક નાયક નિરખીઓજી. ૬

સફળ સફળ તસ દીહ[1] ધન ધન તસ શુભ જીહ;[2]
આજહો જેણેરે ગુણલીણે, સ્વામી સંસ્તવ્યોજી ૭

શિવ સંપદ દાતાર, ગુણગણ મણિ ભંડાર;
આજહો જાણીરે સુખખાણી પ્રાણી સેવીયેજી. ૮

(૧૯૦) શ્રી સીમંધર જિન–સ્તવન.

(મારા પીયરીયે જઇને કેજો કે આણા મોકલે–રાગ.)

શ્રી સીમંધર શ્યામને કેજો કે વિનતિ સુણજો,
પ્રભુ સાક્ષાત દર્શન દેજો કે વિનતિ સુણજો;
પ્રભુ કાયા પામ્યો છું હું એવી, પાંખ વિના આવું કેમ ઉડી;
એવી લબ્ધિ નહિ કોઇ રૂડી, કે વિનતિ સુણજો. ૧
તુમ સેવામાં છે સુર કોડી, એક આવે ઈંહા પ્રભુ દોડી;
આશા ફળે માહરી અતિ રૂડી, કે વિનતિ સુણજો. ૨

૧ દીવસ. ૨ જીભ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

દુઃષમ સમયે ઇણ ભરતે, અતિશય નાણી નહી વરતે;
કહો કહીએ કોણ સાંભળને, કે વિનતિ સુણજો. ૩
ક્રોધ માન માયા લોભ ભારે, પ્રભુ અટકયો હતો હું ત્યારે;
હવે અટકું નહિ લગારે, કે વિનતિ સુણજો. ૪
વીતરાગી વિરહનો તાપ, દીવ્ય દર્શન નહિ તે ઉતાપ;
નાથ ટાળો એ સઘળો સંતાપ, કે વિનતિ સુણજો. ૫
અપરાધીને હોય છે દંડ, હવે પૂરો થયો એ ફંડ;
નાથ દર્શન દીયોને ઉમંગ, કે વિનતિ સુણજો. ૬
પ્રભુ તુજ દર્શનને પામી, સકલ વિભાવોને વામી;
થાશુ નિશ્ચયે આતમરામી, કે વિનતિ સુણજો. ૭

---

(૧૯૧) શ્રી ઋષભદેવ જિન–સ્તવન.

પ્રભુજી આદીસર અલવેસર જિન અવધારીયેરે લો,
પ્રભુજી સુનજર કરીને સેવક ભાવ વધારીયેરે લો;
પ્રભુજી તારક એહવો બિરૂદ તુમારો છે સહીરે લો,
પ્રભુજી તિણે મનમાંહી વસિયા ઓર ગમે નહી રે લો. ૧
પ્રભુજી મરૂદેવીના નંદન મહેર કરીજીએરે લો,
પ્રભુજી ઓળગિયા જાણીને સ્વરૂપને દીજીએરે લો;
પ્રભુજી ક્રોધાદિક દુઃખદાયી દૂર નિવારિયેરે લો,
પ્રભુજી નિરમળ સુજને કરીને પાર ઉતારિયેરે લો. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રભુજી મનમંદિરીયે માહરે વહેલા આવજોરે લો,
પ્રભુજી નિજ અનુચર જાણીને ધરમ બતાવજોરે લો;
પ્રભુજી ઘણુ જગમાં ઉપગારી ભવિને તારણોરે લો.
પ્રભુજી ધ્યેય સરૂપે તું છે ભવ ભય વારણોરે લો. ૩
પ્રભુજી અહનિશિ મુજને નામ તુમારૂં સાંભરેરે લો,
પ્રભુજી તિર્મતિમ માહરો અંતર આતમ અતિ ઠરેરે લો;
પ્રભુજી બહુ ગુણનો તું દરિયો ભરિયો છે ઘણુંરે લો,
પ્રભુજી તેમાંથી શું દેતાં જાયે તુમ તણુંરે લો. ૪
પ્રભુજી તુમ પદકજની સેવા કલ્પતરૂ સમીરે લો,
પ્રભુજી મુજને આપજો તેહ કહું પાયે નમીરે લો.

(૧૯૨) શ્રી સીમંધરનાથ જિન–સ્તવન.

(શ્રી સીમંધર સ્વામને કેજો કે વિનતિ સુણજો–રાગ.)

ભરતના ચંદાજી તમે જાજો રે તમે જાજો રે
મહાવિદેહના દેશમાં.
ત્યાં સીમંધરતાતને કેજો એટલડું કેજો એટલડું
જઈને કેજો કે તેડા મોકલે. ૧
જંબુ ભરતે છે દાસ તુમારો. એ ઝંખી રહ્યો છે દીન રાતો;
ત્યાં કોણ છે એને આધારો, કે તેડા મોકલે. ૨
વીર પ્રભુ થયા છે સિદ્ધ, આતમની ઘટી છે રિદ્ધ;
નહિ આચાર્ય મુનીના જુથ્થ, કે તેડા મોકલે. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેમ માત વિહુણો બાળ, અરહો પરહો અથડાય,
પછી આકુળ વ્યાકુળ થાય, કે તેડા મોકલે. ૪
ધન્ય ધન્ય વિદેહના આતમા, જેણે હોંસે સેવ્યા પરમાતમા;
હું ભજું પ્રભુ એ ભાતમાં, કે તેડા મોકલે. ૫
પ્રભુ સંયમ લઈ રહું સાથે, નિજ સ્વરૂપ સ્થિરતાની ગાઢે;
એવો અવસર ઝટ મુને આપે, કે તેડા મોકલે. ૬
પ્રભુ ક્ષાસ બીજું નવ માગે, એક આતમ ઇચ્છું તુમ સાથે;
એવી અંતરના ઊંડી અભિલાષે, કે તેડા મોકલે. ૭

(૧૯૩) શ્રી સીમંધરનાથ જિન-સ્તવન.

(આવો આવો ત્રીશલાનાનંદ અમઘેર આવો રે-રાગ.)

આવો આવો સીમંધરનાથ અમઘેર આવો રે.
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ પધારો રે. આવો. ૧
શ્રી ત્રીભુવન તારક દેવ મારે ઘેર આવો રે,
મારા મનના મનોરથ આજ પૂરા પાડો રે. આવો. ૨
પ્રભુ દેખી ઉપશમ નૂર હૈડે હરખ્યો રે,
મેં દેખ્યો જિન દીદાર વાંછિત ફળીયોરે. આવો. ૩
એ ભેટ્યો શ્રી જિનરાજ સાર એ દીનથી રે,
મેં દેખ્યો એ સુખકાર દરીશણ જીનથી રે. આવો. ૪
હું કઈ વિધ પૂજું નાથ કઈ વિધ વંદુ રે,
મારે આંગણે વિદેહી નાથ જોઇ જોઇ હરખું રે. આવો. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રભુ સુરતરૂથી પણ અધિક મુજને મળીયા રે,
મારો જન્મ થયો કૃતાર્થ સુરમણી ફળીયારે. આવો. ૬
કહાનપ્રભુ પ્રતાપે આજ જિનવર મળીયા રે,
મારા આતમના એ દુઃખ સર્વે ટળીયારે. આવો. ૭
ગુરુરાજે કર્યો ઉપકાર રાખી નહિ ખામી રે,
આ પામર પર કરુણા અતિ વરસાવી રે. આવો. ૮
શ્રી દેવ અને ગુરુરાજ મારે ઘેર આવો રે,
હું અંતરના ઉછરંગે પ્રભુજી વધાવું રે. આવો ૯

(૧૯૪) શ્રી સીમંધરનાથ જિન-સ્તવન.

(આવો આવો પાસજી મુને મળીયારે-રાગ.)

આવો આવો સીમંધર પ્રભુ મળીયા રે,
મારા મનના મનોરથ ફળીયા; આવો આવો.
મારા આંગણા આજ ઉજળીયા, આવો.
મારા અંતર આજ ઉજળીયા; આવો.
મારા કાર્ય સરવે સુધરીયા. આવો. ૧

તારી મૂર્તિ મોહનગારી રે, સર્વ ભક્તને લાગે છે પ્યારી રે:
તમને મોહી રહ્યા સુરનરનારી. આવો. ૨

અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાવું વારીરે:
ભવ્ય જીવોને લીધા ઉગારી. આવો. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે છે સેવા રે;
અમને આપોને શિવપુર મેવા. આવો. ૪

જે કોઈ સીમંધર તણા ગુણ ગાશે રે, ભવ ભવના પાતિક જાશે રે;
તેના સમકિત નિર્મળ થાશે. આવો. ૫

તમે શીવરમણીના રસીયા રે, મહાવિદેહ ક્ષેત્રમાં વસીયા રે;
મારા હૃદય કમળમાં વસીયા. આવો. ૬

પ્રભુ સીમંધર જિનરાયા રે, માતા સત્યવતીના જાયા રે;
અમને દરીશણ દોને દયાળા. આવો. ૭

ગુરુરાજ પ્રતાપે પ્રભુ મળીયા રે, મારા ગુરુજી છે ગુણના દરીયા રે;
જ્ઞાન દર્શનાદીક ગુણથી ભરીયા. આવો. ૮

હું તો લળી લળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ ભક્ત ભાવેથી ગુણગાય. આવો. ૯

---

(૧૯૫) શ્રી ગુરુરાજ મહીમા.

શ્રી સદ્‌ગુરુજી મહીમા અપાર કે,
હું શું કથી શકું રે લોલ. ૧

તેમનાં ગુણ છે અપરંપાર કે,
અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ. ૨

અદ્‌ભુત જ્ઞાન ખજાનો અપાર કે,
ચરણાદિક શોભી રહ્યા રે લોલ. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ખીલેલ આતમશક્તિ અપાર કે,
ચૈતન્ય તેજ દીપી રહ્યું રે લોલ. ૪

સમયસારઆદીમાંથી કાઢેલ માવો કે,
ખવડાવ્યો ખંતથી રે લોલ. ૫

પીંખી પીંખી અને સમજાવ્યું,
રહસ્ય હ્રદયનું રે લોલ. ૬

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે,
ન્યાલ સેવકને કર્યો રે લોલ. ૭

આવો પુરુષ આ કાળે અજોડ કે,
દુર્લભતા સત્ત તણી રે લોલ. ૮

પ્રભુ નોતાં કેવળી સંતના જોગ કે,
એકાકી સત્ શોધીયું રે લોલ. ૯

પ્રભુ મત મતાંતરના મોટા ભેદ કે,
વચ્ચેથી સાર કાઢીયો રે લો. ૧૦

સુરલોકે ઇંદ્રો ગાય છે ગીત કે,
ભરતના આ ભૂપના રે લોલ. ૧૧

ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે,
મહીમા કહાનગુરુ તણો રે લોલ. ૧૨

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે,
અમૃત રેડીયાં રે લોલ. ૧૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

આ શરીરની શીવડાવું ખોળ કે,
બદલો નવી વળે રે લોલ. ૧૪

ઝાઝું શું કહીએ કૃપાનાથ કે,
દાસ હું આપનો રે લોલ. ૧૫

પ્રભુ અતિ અતિ દીજીએ આત્મતણો લાભ કે,
કૃપા વરસાવીને રે લોલ. ૧૬

સાક્ષાત સુરમણી સુરતરૂ નાથ કે,
ફળીઆ સતગુરુ રે લોલ. ૧૭

કઈ વિધ પુજું કઈ વિધ વંદુ નાથ કે,
ગુરુ મહીમા અપાર છે રે લોલ. ૧૮

---

(૧૯૬) વીરજીનું-સ્તવન.

વીર પ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળ જ્ઞાન રે,
વીરજીનું શાસન ઝુલે રે.

દેવ દેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં દિન દિવાળી ઉજવાયરે,
વીરજીનું શાસન ઝુલે રે.

શૈલેશી કરણે ચઢ્યા પ્રભુજી અયોગીપદ ધર્યું આજ રે,
વીરજીનું શાસન ઝુલે રે.

સર્વે કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય રે,
વીરજીનું શાસન ઝુલે રે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પાવાપુરી સિદ્ધ ક્ષેત્રઃ પ્રભુજી સમશ્રેણી કહેવાય રે,
વીરજીનું શાસન ઝુલે રે.

નિર્વાણ કલ્યાણકઃ સુરપતિ ઉજવે સ્વર્ગથી ઉતરી આજ રે,
વીરજીનું શાસન ઝુલે રે.

અખંડાનંદ સ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુર ધામ રે,
વીરજીનું શાસન ઝુલે રે.

દેવ દુદુંભી વાજીંત્ર વાજે નીર્વાણ મહોત્સવ થાય રે,
વીરજીનું શાસન ઝુલે રે.

ત્રીશ વર્ષ પ્રભુ દિવ્ય ધ્વનીનો અપૂર્વ છૂટ્યો ધોધ રે,
વીરજીનું શાસન ઝુલે રે.

ધ્વની સુણીને ભવ્ય જીવોના હૃદયપટ પલટાય રે,
વીરજીનું શાસન ઝુલે રે.

વીરના વારસ કહાન પ્રભુજી વર્તાવે જય જયકાર રે,
વીરજીનું શાસન ઝુલે રે.

---

(૧૯૭) શ્રી જિનપૂજના.

(મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા—રાગ.)

વ્હાલી લાગે છે મને, જિનની સુપૂજના,
આપે આનંદ અપારરે—જિનવર કેરી સુપૂજના. (ટેક.)

નિર્મળ ભાવે, જિન ન્હવરાવતાં,
વિમળ જીવન ધારરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શમરસ ચંદને, ભક્તિનાં ફુલડે,
પૂજા રચાવું ઉદારરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૨
સુધર્મધ્યાન ધૂપે, જ્ઞાન પ્રદીપે,
પરભાવ તિમીરને વારરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૩
ક્ષમા અક્ષતના, સ્વસ્તિક વિરચી;
અવિનાશી કલ્યાણ થાયરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૪
અંતરંગ ઉછરંગ, નિવેદ્ય ધરૂં,
ધરજો સુભાવફળ ભારરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૫
અષ્ટ પ્રકારી આ, પૂજા રચાવી,
આઠે કરમ કરો દૂરરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૬
અનંત ગુણાકર, જિનવરની પૂજના,
આનંદ મંગળ થાયરે, જિનવર કેરી૦ વ્હાલી૦ ૭

(૧૯૮) શ્રી સીમંધરનાથ જિન-સ્તવન.

(લલના-રાગ.)

પાસે સીમંધરજી રાખીએ, સેવક ચિત્તમાં આણી; સલુણા૦
જિમ હું અંતર ચિત્તની, વાત કહું ગુણખાણી. સલુણા૦
પાસે૦ ૧
કરુણાવિલાસી તુમ્હે અછો, કરુણાગાર કૃપાલ; સલુણા૦
કરુણાસરસ સરોવરે, પ્રભુ તું છે મરાલ[1] સલુણા૦
પાસે૦ ૨

---

૧ હંસ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અપરાધી જો સેવક ઘણો, તો પણ નવિ છંડાય; સલુણા.
જિમ વિદ્યુત[1] અગ્નિ સમી, નવિ છંડે મેઘરાય. સલુણા.
પાસે૦ ૩

તે માટે છાંડતાં થકાં, શોભશો કિમ મહારાય; સલુણા.
બાંહ્ય ગ્રહ્યાની લાજ છે, ઘણું શું તુમને કહાય. સલુણા.
પાસે૦ ૪

તું છંડે પણ નવિ છંડું, હું તુજને મહારાય; સલુણા.
તુમ ચરણે દાસ આવીયો, પ્રેમે પૂજું તુજ પાય. સલુણા.
પાસે૦ ૫

(૧૯૯) શ્રી ચંદ્રપ્રભુ જિન-સ્તવન.

જિનજી ચંદ્રપ્રભુ અવધારો કે, નાથ નિહાળજો રે લો,
બમણી બિરૂદ ગરીબ નિવાજ કે, વાચા પાળજો રે લો;
હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લો,
આકરા ચાર કષાય જે કુડા કે, તેહ દૂરે નાખજો રે લો. ૧

પ્રભુજી ગુણ તણો વિકાશ કે, રૂડા થાપજો રે લો,
મોહન મહેર કરીને દરશણ, મુજને આપજો રે લો;
તારક તુજ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુંને તારજો રે લો,
અસ્થિર પ્રણતી થઈ છે કેડે કે, તેહને વારજો રે લો. ૨

૧ વીજળી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સુસ્થિર સુજ્ઞાન સોહાગી સારૂં કે, રૂડું છે ઘણું રે લો,
તાતજી તે વિણ જીવે ચૌદ ભુવન, કર્યું આંગણું રે લો;
લખ ગુણ લખમણા રાણીએ જાયો કે, મુજ મન આવજો રે લો,
અનુભવ અનોપમ અમૃત મીઠો કે, સુખડી લાવજ્યો રે લો. ૩

દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડી રે લો,
દેવની દશ પૂરવ લખ માને કે, આઉખું વેલડી રે લો;
નિરગુણ નિરાગી પણ હું રાગી કે, મન માંહે રહ્યા રે લો,
શ્રી સદ્ગુરુજ્ઞાની પસાય કે, આતમ સુખ લહ્યો રે લો. ૪

(૨૦૦) શ્રી સીમંધરદેવ જિન-સ્તવન.

(હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પુરણ પ્રીતજો-રાગ.)

સત્યવતીનંદન જગઆનંદન દેવજો,
નેહેરે નવરંગે નિતનિત ભેટીયેરે લોલ;
ભેટ્યાથી શું થાયે મોરા સજન જો,
ભવભવનાં પાતિકડાં અળગાં મેટીયે રે લોલ. ૧

જગ જગનાયક શિવસુખદાયક દેવ જો,
લાયક રે તુજ સરીખો જગમાં કો નહીં રે લોલ. ૨

પરમ નિરંજન નિર્જિત તું ભગવંત જો,
પાવન રે પરમાતમ શ્રવણે સાંભળ્યો રે લોલ. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પામી હવે મેં તુજ શાસન પરતીત જો,
ધ્યાને રે એક તાને પ્રભુ આવી મળ્યો રે લોલ. ૪
શ્રી ગુરુરાજ પ્રતાપે દેખ્યો દેદાર જો,
અહનિશ રે દિલ ધ્યાન વશે જગદીશનું રે લોલ. ૫

(૨૦૧) શ્રી શાંતિજિન–સ્તવન.

(દીઠી હો દીઠી–રાગ.)

સાહિબ હો તુમ્હે સાહિબ શાંતિ જિણંદ,
સાંભળો હો પ્રભુ સાંભળો વિનતી માહરીજી;
મનડું હો પ્રભુ મનડું રહ્યું તુજપાસ,
સૂરતિ હો પ્રભુ સૂરતિ દેખી તાહરીજી. ૧
આશા હો પ્રભુ આશા મેરૂ સમાન,
મનમાં હો પ્રભુ મનમાં હુત્તી મુજ અતિ ઘણીજી;
પૂરણ હો પ્રભુ પૂરણ થઈ અમ આશ.
મૂરતિ હો પ્રભુ મૂરતિ દીઠે તુમ તણીજી. ૨
સેવક હો પ્રભુ સેવક જાણી સ્વામી,
મુજશું હો પ્રભુ મુજશું અંતર નવિ રાખીએજી;
વલગ્યા હો પ્રભુ વલગ્યા ચરણે જેહ,
તેહને હો પ્રભુ તેહને છેહ નં દાખીએજી. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઉત્તમ હો પ્રભુ ઉત્તમ જનશું પ્રીત,
કરવી હો પ્રભુ કરવી નિશ્ચે તે ખરીજી;
મૂરખ હો પ્રભુ મૂરખ શું જશવાદ,
જાણી હો પ્રભુ ઇમ જાણી તુમશું મેં કરીજી. ૪

કરુણા હો પ્રભુ કરુણા કીજે નાથ,
મોટાને હો પ્રભુ મોટાને ભાખીએ શું ઘણુંજી;
અંતર હો પ્રભુ અંતર ઉલસે મુજ,
ચાહે હો નિત ચાહે દરિશણ તુમ તણુંજી. ૫

(૨૦૨) શ્રી સીમંધરનાથ જિન-સ્તવન.

(આવેલ આશા ભર્યા-રાગ.)

સીમંધર જિણંદજીરે, રૂડી અરજ સુણો અરિહંતરે.
રસીયા રાજવીરે.

રાજવી તું જિનનાથજીરે, મેળે મુગતિનો સાથરે; રસીયા૦
હરખઆવે તુજ દર્શનેરે, હવે લાગી લગન અનંતરે.
રસીયા૦ ૧

જેહથી તન મન વેધીઉંરે,[૧] કહો તે વિણ કેમ સુહાયરે;[૨]
લાખીણા લખ જો હુવે રે, પણ તે કોઇ ન આવે દાયરે[૩].
રસીયા૦ ૨

---

૧ વીંધાયું. ૨ રહેવાય. ૩ કામરે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કારજ સારે આપણારે, પ્રભુ મૂકીયે કિમ તસ કેડીરે;[1] રસી૦
કરુણા નયણુ નિહાળતાંરે, તું તો નાંખે ચોગતિ ઉખેડીરે.
રસીયા૦ ૩

મન મોટું કરી મોહનારે, મુને કીજે સેવક પ્રમાણરે; રસી૦
માહરે મન એક તું વસ્યોરે, વાલ્હા તાહરે છે અનેકરે.
રસીયા૦ ૪

ચિત ઠારણ જગજીવનોરે, રૂઠા સત્યવતી માતના નંદરે; ર૦
સફળ હોજ્યો અમ વિનતિરે, આછા શ્રેયાંસ નૃપ કુલચંદરે.
રસીયા૦ ૫

આશ ધરી મેં તો તાહરીરે, તું તો મન ઓછું ન કરેશરે; ર૦
સબળા તુજ સોભાગથીરે, વારી હું તો સહજે તરેશરે.
રસીયા૦ ૬

સેવક કહીને બોલાવતાંરે, વાલ્હા દીધી સંપદ કોડિરે; રસી૦
શ્રીજિનવર સુપસાયથીરે, ઇમ દાસ કહે કર જોડી રે.
રસીયા૦ ૭

(૨૦૩) શ્રી સીમંધરનાથ–સ્તવન.

(આવેલ આશાભર્યા–રાગ.)

સીમંધર જિન તાંહરી રે, મુરતિ મોહનરાય;
જિનવર સાંભળો. ૧

૧ પીછો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અહીં આતમતણા ગુણ તાહરા રે, પરમારથ પદ એક; જિ૦
હું નમું પ્રભુ હવે તુજ સદા રે, એ મુજ મોટી ટેક. જિ૦ ૨

પરમ પ્રભુ રૂપ જોવતાં રે, રોમ રોમ હરખ ન માય જિ૦
અનંત ચતુષ્ટય ઝળકી રહ્યાં રે, ઝળકે વીતરાગ ભાવ જિ૦ ૩

સફળ ફળી હવે માહરી રે, જો મુજ મળીયો ઇષ્ટ; જિ૦
રંગ પતંગ ન દાખવું રે, રાખું ચોળ અજીઠ. જિ૦ ૪

ગગને વાજાં વાજિયાં રે, અમ ઘર મંગળ તૂર; જિ૦
તુજ સેવક જિન વંદતાં રે, આતમ સુખ ભરપૂર. જિ૦ ૫

---

(૨૦૪) શ્રી અજિતનાથ જિન–સ્તવન.

(આવો આવો ત્રીશલાનાનંદ અમઘેર આવો રે–રાગ.)

શ્રી અજિતજિનેશ્વર દેવ માહરો સ્વામીરે,
મેં પૂરવ પુણ્ય પસાય સેવા પામીરે;
મનચિંતિતનો દાતાર મુજને મળીયોરે,
હવે મિથ્યામતિનો જોર સહુયે ટળિયોરે. ૧

તો સમ બીજો કોઈ દેવ માહરે નયણેરે,
નાવે ઇણ સંસારમાંહ સાચે વયણેરે;
તમે નિરાગી ભગવાન કરુણા રસિયારે,
આવીને મનડામાંહી ભગતેં વસિયારે. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વિજયારાણીના નંદ મહેર કરીજોરે;
જિતશત્રુ નૃપ કૂલચંદ દુરિત હરીજોરે;
મનમોહન શ્રીજિનરાજ કંચન કાયારે,
અવલંબ્યા મેં મહારાજ તોરા પાયારે. ૩

ઇમ જાણીને જગદીશ મુજને તારોરે,
દુઃખ દારિદ્ર ભયથી નાથ મુને ઉગારોરે;
ઝાઝી ઝાઝી શી વાત તુમને કહીએરે,
પ્રભુ પોતાના કરીને આજ હવે નિરવહિયેરે. ૪

તુમને છોડીને ઓર કોને જાચું રે;
જિન દાખો મુજને તેહ કહિયે સાચું રે;
શ્રી અક્ષય આત્મ સ્વરૂપ ચરણ પસાયરે,
એ આનંદીત મન ખંત પ્રભુ ગુણ ગાયેરે. ૫

(૨૦૫) શ્રી સુપાસજિન–સ્તવન.

(પ્રભુજી મેરે વિનતિ ધરજો ધ્યાન–રાગ.)

હરી મોહે પ્યારો સુપાસકો નામ,
પ્યારો સુપાસકો નામ; હરી૦
વંછિત પૂરણ નામ તિહારો,
સબ સુખકો વિસરામ. હરી૦ ૧

ભવ ભય ભંજનં જન મનરંજન,
ગંજન પાપકો ઠામ; હરી૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સુરપતિ નરપતિ અહુનિશિ સેવે,
શિવ સુખકી એક ઠામ. હરી૦ ૨

તીન લોકકે સ્વામી સોહિએ,
મોહન ગુણમણિ ધામ; હરી૦

જગજન તારન ભવદુઃખ વારન,
ભક્તવત્સલ ભગવાન. હરી૦ ૩

જોગાસન ધરે જોગીશ્વરકું,
જ્યોં મહા અંતસો કામ; હરી૦

તૈસેં સમરન તેરો અહુનિશિ,
કરતે સેવક ગુનગ્રામ. હરી૦ ૪

---

(૨૦૬) શ્રી ઋષભદેવ-સ્તવન.

સવૈયા.

ઉઠત પ્રભાત નામ, જિનજીકો ગાઇયે;
નાભિજીકે નંદ કે, ચરન ચિત લાઇયેં. ઉઠત૦

આનંદ કે કંદજી કોં. પૂજત સુરિંદ વૃંદ;
ઐસો જિનરાજ છોડ, ઓરકું ન ધ્યાઇયેં. ઉઠત૦ ૧

ઉપશમ રસ વહે, આત્મીક આનંદ વહે;
એસે જિનરાજ કે, ચરણ ચિત ધ્યાઇયે. ઉઠત૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચેતનમેં કેલી કરે, આનંદકી મોઝ કરે;
શાંતી હોતે શાંતી દેતે એૈસે પ્રભુકું ધ્યાઇયેં. ઉઠત૦ ૨

જનમ અજોદ્ધા ઠામ, માતા મરૂદેવા નામ;
લંછન વૃષભ જાકે, ચરન સુહાઇયેં. ઉઠત૦

પાંચસેં ધનુષ માન, દીપત કનકવાન;
ચોરાશી પૂરવ લાખ, આયુસ્થિતિ પાઇયેં. ઉઠત૦ ૩

આદિનાથ આદિ દેવ, સુર નર સારે સેવ;
દેવનકે દેવ પ્રભુ, શિવસુખ દાઇયે. ઉઠત૦

પ્રભુકે પાદારવિંદ, પૂજત ઉમંગ ધરી;
મેટા દુઃખદંદ, સુખસંપતિ બઢાઇયેં. ઉઠત૦ ૪

---

(૨૦૭) શ્રી સીમંધર જિન-સ્તવન.

(આદિત્યે અરિહંત-એ રાગ.)

સીમંધર જિણંદ અરિહંતજી, પ્રભુ અમને રે,
તુમે દ્યો દરિશન મહારાજ, શું કહું તમને રે;
આઠ પહોરમાં એક ઘડી પ્ર. લાગ્યું તમારૂં ધ્યાન.
શું૦ ૧

મધુકરને મન માલતી પ્ર. જીમ મોરાને મન મેહ; શું૦
સીતાને મન રામજી પ્ર. તેમ વાધ્યો તુમ શું નેહ.
શું૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રોહિણીને મન ચંદજી પ્ર. વળી રેવાએ ગજરાજ; શું૦
સમય સમય પ્રભુ સાંભરે પ્ર. મનડામાં મહારાજ.
શું૦ ૩

નિઃસ્નેહી થઈ નવિ છુટીએ પ્ર. કરુણાનંદ કહાઓ. શું૦
ગુણ અવગુણ જોતાં રખે પ્ર. તો તારક કેમ કહાઓ.
શું૦ ૪

રઢ લાગી પ્રભુ સ્વરૂપની પ્ર. મને ન ગમે બીજી વાત. શું૦
વાંહે વાત બને નહીં પ્ર. મલીએ મૂકી ભ્રાંત.
શું. ૫

સેવે ચિંતામણિ ફળે પ્ર. તું તો ત્રિભુવન નાથ; શું૦
સો વાતે છોડું નહિ પ્ર. હવે આવ્યા મુજ હાથ.
શું. ૬

મુહની વાત મુકો પરી પ્ર. જીમ જાણો તિમ તાર. શું.
સદ્ગુરુ જ્ઞાનીતણો પ્ર. ભક્તને પ્રભુશું પ્યાર. શું૦ ૭

---

(૨૦૮) સ્તવન.

(ભરથરી-રાગ.)

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી;
વાત ન ગમેરે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી.
જંગલ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શેજ પલંગ પર પોઢતાં; મંદીર ઝરૂખા આંયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરૂતલ છાંયજી.
જંગલ ૨

સાલ દુશાલા ઓઢતાં, ઝીણા જરકશી જામજી;
તેણે રે ન રાખ્યું તૃણ વસ્ત્રનું, સહે શિરસીતધામજી.
જંગલ ૩

હાજી કહેતાં હજાર ઉઠંતા, ચાલતાં લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેંજાર પાવજી.
જંગલ ૪

ભલો રે ત્યાગ રાજા રામનો, ત્યાગી અનેક નારજી;
મંદીર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં દૂરજી.
જંગલ ૫

ધન્ય ધન્ય શ્રીસુકુમાર મુની, ગ્રહ્યું સ્વરૂપ નિગ્રંથજી;
રાજ સાજ સુખ પરીહરી, વેગે ચાલીયા વનજી.
જંગલ ૬

એ વૈરાગ વંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ધન્ય રે જનો એ અવનીવિષે, તેને કરૂં હું નમનજી.
જંગલ ૭

(૨૦૯) સમાધિભાવના.

ભગવન સમય હો એસા, જબ પ્રાણ તનસે નિકલે;
આતમસે લો લગી હો, શુભ ભાવ મુજસે નિકલે.
ભગવન૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નિજ સ્વરૂપકે નિહાળકે, તેરેમેં લૌ લગાકે;
તુજ ધ્યાન હું રહાવર, નિજ મગનતાસે નીકલે.
ભગવન૦ ૨

ગુરૂજી દરશ દીખાતે, ઉપદેશ ભી સુનાતે;
આરાધના કરાતે, કૃપા વચનસે નિકલે. ભગવન૦ ૩

પરભાવસે નિરાલા, લગતા હો ધ્યાન ધારા;
ત્યાગું સભી આહારા, નિજ ધ્યાન ધૂનસે નિકલે.
ભગવન૦ ૪

સનમુખ સ્વરૂપ તેરા હો, ઉસપર નિગાહ મેરા હો;
સંસારસે નિવૃત હો, આત્મા મગનસે નિકલે.
ભગવન૦ ૫

---

(૨૧૦) શ્રી સીમંધર ભગવાન—સ્તવન.

(ગાજે પાટણપુરમાં—એ રાગ.)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ-રવિ આજે ઉગ્યો રે,
ભવ્યજનોના હેયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કોટિ [1]સુધાંશુકરતાં વધુ આત્મશાન્તિ,
કોટિ રવીંદ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો ! અમ આંગણે રે. સુંદર૦

'સદ્ધર્મવૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુન્દના વિરહતાપ પ્રભુ નિવાર્યા;
[2]સપ્તાહ એક વરસી અદ્ભુત ધારા,
શ્રી કુન્દકુન્દ હૃદયે પરિતોષ પામ્યા.

જેની વાણી ઝીલી કુન્દપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેની વાણીનો વળી સદ્ગુરુ પર ઉપકાર,
એવા ત્રણ ભુવનના નાથ અહો ! અમ આંગણે રે. સુંદર૦

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા ! નમું તને શિર નામી નામી.

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમળ હૃદયે વસો રે. સુંદર૦

---

૧. સુધાંશુ–ચંદ્ર. ૨. સપ્તાહ–અઠવાડિયું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૧) શ્રી મુનિસુવ્રત જિન–સ્તવન

(વીરમાતા પ્રીતિકારીણી–એ દેશી.)

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાગી તે ભાવટ ભવ તણી, દિવસ [1]દુરિતના નીઠા. આ૦ ૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમીયના વુઠા;
આપ માગ્યા પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા. આ૦ ૨
ઉદ્યમ હિત દાન સન્મુખ હુવે, સ્વપુણ્યોદય સાથે;
સેવક કહે સાહિબે મુક્તિનું, કરિઉં તિલક નિજ હાથે. આ૦ ૩

(૨૧૨) સંયમ ભાવના.

ક્યારે રેશું! અખંડ આનંદમાં જો,
બની સ્યાદ્વાદ ધરી સમભાવ; ક્યારે૦
પરવસ્તુને ખરેખર ઓળખી જો,
કષાયનો કરીશું અભાવ. ક્યારે૦ ૧
અરે! કોઈ નિંદે કે કોઈ જપે જાપનેજો,
તેમાં કરશું નહી રાગદ્વેષ; ક્યારે૦
પરમોત્કૃષ્ટ ચૈતન્યને નિહાળવાજો,
વળી ટાળવા કર્મના કલેશ. ક્યારે૦ ૨
કેવળ આત્મ કલ્યાણને કારણેજો,
વસવા જઈશું વનચરનેવાસ ક્યારે૦

૧. પાપના દિવસો નાશ પામ્યા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વસી વનરાજાના વાસમાં જો,
એક ચિત્તેથી ધરશું ધ્યાન. ક્યારે૦ ૩

યોગ માર્ગના અંતીમ અંગને જો,
સાધી લઈશું જે છે ઓંકાર; ક્યારે૦

છાને રમતાં જે સાથે શીયાળીઆ જો,
સિંહ વાઘાદી પશુઓ અપાર. ક્યારે૦ ૪

પેખી રમતા પરમાણુ પરભાવને જો,
લાવશું ના આશ્ચર્ય લગાર; ક્યારે૦

જ્ઞાન ધ્યાનવૃદ્ધિનું નીદાન છે જો,
અધિષ્ઠાતાનું જે અધિષ્ઠાન. ક્યારે૦ ૫

એક પુદ્ગલને જોડતુ નિભાવવા જો,
આહાર દઈશું પણ નહિ રસવાન. ક્યારે૦

વેશ સ્વભાવથી જે શરીરનો જો,
નવીન કરીશું નહિ લવલેશ. ક્યારે૦ ૬

એક વાર કરી ભોજન કર પાત્રમાં જો,
કહે તુમ સેવક શીવવાસ; ક્યારે૦

દર્શન જ્ઞાન ચારિત્રની એકતા જો,
જેથી પામશું પૂર્ણ સ્વરૂપ. ક્યારે૦ ૭

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૩) શ્રી સીમંધરનાથને નમ્ર વિનંતી.

(રાગ–વંદના વંદના વંદનારે.)

આવજો આવજો આવજો જિણંદજી
એકવાર સુવર્ણપૂરે આવજો,
સેવકને પાય નમાવજો, જિણંદજી!
એકવાર સાક્ષાત આવજો.
શ્રી સીમંધર નાથ. જિણંદજી! એકવાર૦ ૧
સમવસરણ શોભા જે રૂડી,
ગણધરોને સાથે લાવજો. જિ૦ એકવાર૦
સંતોની ટોળીને સાથેજ. લાવજો,
લાવજો કુંદકુંદદેવ. જિ૦ એકવાર૦ ૨
સાધક જીવોને સાથેજ લાવજો,
લાવજો ચારે તીર્થ જિણંદજી૦
અમૃત સુગંધી જળ વરસાવશું,
ફુલના પગર ભરાવશું. જિ૦ એકવાર૦ ૩
કનક રતનના પીઠ કરીને,
અષ્ટભૂમિની શોભા રચાવશું. જિ૦
કનકનો ગઢ ને દીપતાં કાંગરા,
વચ્ચે વચ્ચે રતન જડાવશું. જિ૦ એકવાર૦ ૪
ચાર દુવારે વીશ હજારાં,
શીવ સોપાન ચડાવશું. જિણંદજી૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

દેવ ચારે કર આયુધ ધારી,
દ્વારે ખડા કરે ચાકરી. જિ૦ એકવાર૦ ૫
માનસ્થંભ રૂડા ચાર તે ઉંચા,
તોરણ બકુલા બાવડીયું. જિ૦
મંગલ આઠને ધૂપ ધ્વજાઓ,
લતા વેલીને મંદીરો. જિ૦ એકવાર૦ ૬
પંચવરણ જલથલ કેરાં,
ફુલ દેવેંદ્રો વરસાવતા. જિ૦
જાતી વૈરને છંડી પશુ પંખી,
જીજચરણ પદ સેવતા. જિ૦ એકવાર૦ ૭
સભામંડપે બાર પરષદા બેસે,
મુનિ નરનારી આદિ દેવતા, જિ૦
ચઉમુખ રતનસિંહાશન બેસી,
અમૃતવાણી સુણાવજો. જિ૦ એકવાર૦ ૮
વાણી સુણી સ્વરૂપે તન્મય થઇને,
રહેશું પ્રભુજી સાથ. જિ૦
અલ્પશક્તિ પ્રભુ અમ સેવકની,
ઇંદ્રોને સાથે લાવજો. જિ૦ એકવાર૦ ૯
સમવસરણની શોભા વધારે,
અજબ રચના રચાવે. જિ૦
સેવકની પ્રભુ વિનંતિ, સ્વીકારી,
આવજો જરૂર કૃપાનાથજી. જિ૦ એકવાર૦ ૧૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૪) શ્રી મહાવીર જિન–સ્તવન.

(પછેડાની દેશી)

દુર્લભ ભવ લહી દોહિલો રે; કહો તરીએ કવણ ઉપાય રે;
પ્રભુજીને વીનવું રે,
સમકિત સાચા સાચવું રે, કહો કરણી કેમ કરી થાય રે પ્ર૦ ૧
અશુભ મોહજો મેટીએરે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્ર૦
નિરાગે પ્રભુ ધ્યાઇએરે, કાંઈ તો પણ રાગ કહાયરે. પ્ર૦ ૨
નામ ધ્યાતાં જો ધ્યાઇએ રે, કાંઇ પ્રેમ વિના નવિ તાનરે; પ્ર૦
મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામરે પ્ર૦
મોહ બંધજ બાંધીઓરે, કાંઈ બંધ જહાં નહીં સોયરે; પ્ર૦
કર્મ બંધ ન કીજીએરે, કાંઈ કર્મબંધન ગયે જોયરે. પ્ર૦ ૪
તેહમાં શી પાડ ચડાવીએ રે, કાંઇ તુમેશ્રી મહારાજરે; પ્ર૦
વિણ કરણી જો તારશો રે કાંઈ સાચા શ્રી જિનરાજરે. પ્ર૦ ૫
પ્રેમ મગન નીભાવતારે, કાંઈ ભાવ તિહાં ભવનાશરે; પ્ર૦
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉપદિશે આતમ સાસરે. પ્ર૦
પૂરણ ઘટાભ્યંતર ભર્યોરે, કાંઇ અનુભવ અનુહારરે; પ્ર૦
આતમ ધ્યાને ઓળખીરે, કાંઈ તરશું ભવનો પારરે. પ્ર૦ ૭
વર્દ્ધમાન તુજ વિનતિરે, કાંઈ માનજો નિશદિશ રે; પ્ર૦
સેવક કહે મનમંદિરેરે, કાંઈ વસિયો તું વિશ્વાવીશરે. પ્ર૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૫) કુંદકુંદપ્રભુ કેવા હશે?

મને કોને કુંદકુંદ પ્રભુ કેવા હશે?
ક્યાં રહેતા હશે? શું કરતા હશે? મને૦ ૧
સીમંધર દેવના દર્શન કરીને
સંદેશો લાવનાર કેવા હશે? મને૦ ૨
સાર સમય કેરી બંસરી બજાવી
હૈયા ડોલાવનાર કેવા હશે? મને૦ ૩
દર્શન મહત્તા ને ચેતનની શુદ્ધતા
વિશ્વે ગજાવનાર કેવા હશે? મને૦ ૪
નિશ્ચય નિહાળનાર શાસન શોભાવનાર
સુધાના સીંચનાર કેવા હશે? મને૦ ૫

(૨૧૬) સ્તવન.

હું તો હાલું ચાલું ને પ્રભુ સાંભરે રે
મારૂં હાલવું તે અટકી જાય કે પ્રભુ મને સાંભરે રે
હું તો ભોજન કરૂં ને પ્રભુ સાંભરે રે
મારા ભોજનીયા અટકી જાય કે પ્રભુ મને૦
હું તો નીંદર કરૂં ને પ્રભુ સાંભરે રે
મારી નીંદરડી ઉડી ઉડી જાય કે પ્રભુ મને૦
સર્વ શુભાશુભે પ્રભુ સાંભરે રે
મારા શુભાશુભ છૂટી જાય કે પ્રભુ મને૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૭) પ્રભુ સ્તુતિ.

હે ભગવાન આપ છો, અનંત ગુણામૃત કંદ;
અંતર બાહીર લક્ષ્મીથી સુશોભિત જગ વંદ્ય. ૧

પરમાનંદ સ્વરૂપનુ દાન કરતાર જગનાથ;
સ્વયંભૂ વિભૂ આપ છો, આત્મભૂ આત્મ પ્રકાશ. ૨

વિશ્વાત્મા વિશ્વતચક્ષુ, અપુનર્ભવ નાથ;
અક્ષય સ્વરૂપ અખંડ છો, જ્ઞાનેશ્વર ભગવાન. ૩

ધર્મચક્રી વિજયી, પ્રશાંતકારી નાથ;
કેવળ જ્યોતિ જળહળે, ચૈતન્ય દેદીપ્યમાન. ૪

પુરુષાર્થ સિદ્ધાર્થ છો, ધ્યેય સ્વરૂપ જગનાથ;
અનંત પ્રભુત્વ પ્રગટ થયું, પ્રભુજી મહારાજ. ૫

દિવ્ય ભાષિત નાથ છો, પવિત્ર શાસન દેવ;
શ્રીપતિ અર્હંત છો, મહાજ્ઞાની ભગવાન. ૬

તીર્થકૃત ભગવાન છો, અમલ અકલંક દેવ.
ધર્મપતિ ધર્માત્મા, પૂર્ણાનંદી સ્વરૂપ. ૭

વિશ્વ વિદ્યામહેશ્વરી, સદ્‌ગુણોથી પૂર્ણ,
વૃદ્ધ, સ્થીવર, જ્યેષ્ઠ છો, અગ્રેસર અર્હંત. ૮

નીર્દ્વંદ નીરાહાર છો કૃતકૃત્ય સ્વરૂપ;
ધીરવીર ગંભીર છો, અચિંત્ય વૈભવરૂપ. ૯

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૮) શ્રી કુંદકુંદદેવને વિનતિ.

એવા કુંદપ્રભુ અમ મંદીરીયે,
એવા આતમ આવો અમ મંદીરીયે.

જેણે તપોવન તીર્થમાં જ્ઞાન લાધ્યું,
જેણે વન જંગલમાં શાસ્ત્ર રચ્યું;
ૐકાર ધ્વનિનું સત્ત્વ સાધ્યું.—એવા૦

જેણે આત્મવૈભવથી તત્ત્વ સીંચ્યા,
વળી સંયમ ગુચ્છીમાં ગુંજી રહ્યાં;
જેણે જીવનમાં જિનવર ચિંતવ્યા.—એવા૦

મહા મંગળ પ્રતિષ્ટા મહા ગ્રંથની,
વળી અગમ નિગમના ભાવો ભરી;
દીસે સાર સમયની રચના રૂડી.—એવા૦

શ્રી સીમંધર દેવના દર્શન કરી,
સત્ય સંદેશા લાવનાર ચિંતામણી;
પ્રભુ શ્રુતધારી કળીકાળ કેવળી—એવા૦

હે ગુણ નિધિ ગુણાગારી પ્રભુ,
તારી આદર્શતા ન્યારી ન્યારી પ્રભુ;
હું પામર એ શું કથી શકું.—એવા૦

પ્રભુ કુંદકુંદ દેવ સુવાસ તારી,
પ્રસરાવી મુમુક્ષુ હૃદય માંહી;
કાનદેવે મીઠાં મેહ વરસાવી.—એવા૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૧૯) ભગવાન્ કુંદકુંદને અંજલિ.

સુખશાન્તિપ્રદાતા, જગના ત્રાતા, કુંદકુંદ મહારાજ;
જનભ્રાંતિવિઘાતા, તત્ત્વોના જ્ઞાતા, નમન કરૂં છું આજ.
જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;
કર્યો ઉપકાર અપાર પ્રભુ ! તેં, રચીને ગ્રંથ ઉદાર રે–સુખ૦
વરસાવી નિજ વચન સુધારસ, કર્યો સુશીતલ લોક;
સમયસારનું પાન કરીને, ગયો માનસિક શોક રે.–સુખ૦ ૨
તારા ગ્રંથોનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરૂં, પામું કેવળજ્ઞાન રે–સુખ૦ ૩
તારૂં હૃદય પ્રભુ ! જ્ઞાન–સમતાનું, રહ્યું નિરંતર ધામ;
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે-સુખ૦

---

(૨૨૦) શ્રી સ્તવન.

સુવર્ણ પુરી જિનાલયે સોહે વિદેહી નાથ (૨) હાંહાં રે.
અમૃત સરોવર ઉછળ્યા તીર્થધામે અપાર. (૨) હાંહાં રે.
સત્ય સ્વભાવી મીઠા વાયરા વાયા અમઘેર આજ (૨)
સીમંધર નાથની દિવ્ય ધ્વનીના લાવ્યા કુંદ નિધાન (૨)
વૈશાખ અષ્ટમી દિન રૂડો મહામંગલકાર. (૨)
મહા પવિત્ર સમયસારના કર્યા કાને પ્રકાશ (૨)
ચૌદ પૂર્વના સાર ભર્યા સમય પ્રાભૃત મોઝાર. (૨)
મોતી તણા અક્ષત બનાવી કરૂં શ્રુત પૂજન (૨)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જંબુના ભરતક્ષેત્રમાં સુવર્ણપુરી અજોડ (૨)
અનુપમ દેવગુરુ શાસ્ત્રની મળે જગમાં ન જોડ (૨)
વીતરાગ શાસન સુર ગાજતા ગુરુ કહાન પ્રતાપ (૨)
ભક્તદેવોના વૃંદ ઉતરે મારા જિનાલય દ્વાર (૨)
કુંદ શાસ્ત્રની વહી લહેરીઓ રૂડા કહાન હૃદય (૨)
અપૂર્વ જ્ઞાનામૃત તણા ગુરુ કરાવે પાન (૨)
શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રનું કરૂં નીત પૂજન (૨)
શ્રી દેવ-ગુરુ ચરણની હો સેવ અહર્નીશ (૨)

---

(૨૨૧) શ્રી જિનવાણી-સ્તવન.

(ભેટે ઝૂલે છે તલવાર.)

જિન વાણી અમૃત રસાળ, રસિયા આવોને સુણવા,
જિન વાણીની શ્રુત સાગરની છોળો,
ઉછળે સુવર્ણ મોઝાર.-રસિયા૦ ૧
તીર્થંકરની વાણીના વાયરા,
વાયા છે પંચમકાળ.-રસિયા૦ ૨
નિશ્ચય વ્યવહારની અપૂર્વ ઘટના,
વીતરાગ વાણીએ સોહાય.-રસિયા૦ ૩
સમય પ્રાભૃતે સોહાય-રસિયા,
પરમાગમમાં અચિંત્ય રચના;
સ્યાદ્વાદ કેરી સોહાય.-રસિયા૦ ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ષટ્ દ્રવ્યોની સ્વતંત્રાને,
દર્શાવે કુંદકુંદદેવ.–રસિયા૦ ૫
અદ્ભુત ગંભીરતા ભરી જિન સુત્રે,
માત તારી મહિમા અગાધ.–રસિયા૦ ૬
શ્રી ગુરુ કહાનના પરમ પ્રતાપે,
ભેટયા પરમાગમ મહાન.–રસિયા૦ ૭
ભરતના અહો ભાગ્ય ખીલ્યા છે,
પાકયા ગુરુ રત્ન કહાન.–રસિયા૦ ૮
પરમાગમની અચિંત્ય રચના,
કાન વાણીમાં સોહાય.–રસિયા૦ ૯
સદ્‌ગુરુદેવની વાણી અણમૂલ છે,
અણમૂલ ભર્યા ભંડાર.–રસિયા૦ ૧૦
નિરપેક્ષ તત્ત્વ સમજાવે ગુરુજી,
સમજાવે નિશ્ચય વ્યવહાર.–રસિયા૦ ૧૧
શ્રુત સાગરની અનુપમ લહેરીઓ,
ઉછળે સુવર્ણ મોઝાર.–રસિયા૦ ૧૨

(૨૨૨) શ્રી કુંદકુંદાચાર્ય સ્તવન.

સ્વામી શાસનના શીરતાજ, અમારે આંગણે આવો,
ગરવા ગુણીજન ગરીબ નીવાજ, અમારે આંગણે આવો.
તારા શા કરીએ સન્માન, અમારે આંગણે આવો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મીઠી જ્ઞાનની ફોરમફોરે, જનમાં વનમાં ચારે કોરે;
ધરીને દીલમાં દીનની દાઝ.................અમારે૦ ૧
જીઠા ઇંદ્રિય મોહ વછૂટે, ભવના માયા બંધન તૂટે;
આતમરસ પીવરાવા કાજ..................અમારે૦ ૨
પ્રભુ તુમ શુદ્ધામૃત દાતારા, નિજ સ્વરૂપમાંહી રમનારા;
વનવાસે કીધા આતમ ધ્યાન................અમારે૦ ૩
સાક્ષાત શ્રી જિનવરને ભેટ્યા, ત્યાંથી સત્ય સંદેશા લાવ્યા;
ભરતે વર્ત્યો જયજયકાર..................અમારે૦ ૪
નગ્ન દીગંબર મુદ્રાધારી છઠ્ઠે સાતમે ઝુલે વીરાગી;
લીધા આત્માનંદ અપાર....................અમારે૦ ૫
પ્રભુ તુમે રત્નત્રયને સાધ્યા, મુક્તિના સાચા પંથ બતાવ્યા;
પ્રકાશ્યા શ્રુતસમુદ્ર અગાધ.................અમારે૦ ૬
દેવ દેવેંદ્રો ગગને આવે, મંગલ મહોત્સવ ઉજવે આજે;
કુંદ પ્રભુ સ્વર્ગમાંથી આજ..................અમારે૦ ૭
તુજ સુપુત્ર કાન જાગ્યા, જેણે આખા હિંદ હલાવ્યા;
પ્રગટી આતમ શક્તિ અતુલ.................અમારે૦ ૮
જેણે સુતા જીવો જગાડયા, તુજ સુશાસ્ત્રોને ઉકેલ્યા;
પ્રકાશી શ્રુતની છોળમ છોળ...............અમારે૦ ૯
અમ ભક્તતણા ભાગ્ય ખીલ્યા, કલ્પવૃક્ષ આંગણે ફળીયા;
પંચમે વરસ્યા અમૃત મેહ..................અમારે૦
નીશદીન કરીએ તારી સેવ................અમારે૦ ૧૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૨૩) શ્રી જિન-સ્તવન.

પ્રભુજી તમારી સાથે, સદ્ધ્યાન આજ જામ્યું.
જિનજી તમારી સાથે સદ્ધ્યાન આજ જામ્યું,
ઉગ્યો રવિ અનેરો, સદ્‌ભાગ્યનો હું જાનું......પ્રભુજી૦ ૧
દૃષ્ટિ કહે નિરાગી તું દેવ નિરાળો,
આ દીન દુ:ખીયાને દિનાનાથ નિહાળો;
તન મન તું હિ છે જીવન,-આધાર એક માનું...પ્ર૦ ૨
દિલવર! દયાળુ દેવા! કર્મોથી ઉગારો,
ભક્ત કહે ઓ જિનજી! સેવકને સુધારો;
શરણું તમારૂં સાચું, ભવસિંધુ ઝાઝ માનું......પ્રભુજી૦ ૩

(૨૨૪) શ્રી જિન-સ્તવન.

(મેં તો આરતી ઉતારૂં-રાગ.)

મેં તો મૂરતિ જુહારૂં જિનરાજકીરે,
જિનરાજકીરે જગતાજકીરે...મેં તો૦ ૧
ભક્તિકે પિયૂષ ઘોલ, લગાકે રંગ ચોલ,
મિથ્યા પડલ ખોલ ખોલ (૨)
મેં તો સૂરતિ નિહારૂં વીતરાગકીરે...મેં તો૦ ૨
ક્ષમાકે કટાર ધાર, કર્મોકે કટક સંહાર,
શિવ લહું સાર સાર (૨)
મેં તો શ્રી ગુરુદેવકી વાણી સુણી રે...મેં તો૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૨૩) શ્રી સીમંધરજિન–સ્તવન.

(પૂછે મને તો હું કહું દિલદાર હો તો આવી હો–એ રાગ.)

મૂર્તિ તારી નિર્વિકારી, હિતકાર હો તો આ...વી હો...
દેખી નૈનાનંદકારી, મનહર હો તો આ...વી હો...મૂર્તિ૦ ૧

મદ મોહ માયા વારતી, વીતરાગતા અપનાવતી;
શમ–સુધા પીવરાવતી, અમીધાર હો તો આ...વી હો...મૂ૦

શિવપંથને ઉજીયાલતી, આનંદ ચંદની ખીલતી,
કલ્યાણ રસને ઝીલતી, રસદાર હો તો આ...વી હો...મૂર્તિ૦

તીર્થંકર પદવી વિશ્વમહિ સીમંધર જિનની છે સહી;
ઉપમા બધી જીતી રહી, જયકાર હો તો આ...વી હો...મૂ૦

જ્ઞાની ગુરુદેવે એ સ્તવી, શિવશર્મની એ અનુભવી;
સેવે સદૈવ સવી ભવી, શિવકાર હો તો આ...વી હો...મૂ૦ ૫

---

(૨૨૪) શ્રી સીમંધરજિન–સ્તવન.

(નાગર વેલીઓ રોપાવ, તારા રાજમહેલોમાં–એ રાગ.)

સીમંધરદેવને વસાવ, તારા ચિત્ત—મંદિરમાં;
દેવાધિદેવને વસાવ, તારા ચિત્ત—મંદિરમાં. (ટેક)
વિદેહીનાથને વસાવ, તારા ચિત્ત—મંદિરમાં,
ભક્તિ સુધારસ ઝીલી, આતમ ધ્યાનથી ખીલી;
શ્રદ્ધા જ્યોતિઓ જગાવ, તારા ચિત્ત–મંદિરમાં. સી૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પુંડરગીરી નગરી જાયા, જેની કંચન-વર્ણી કાયા;
સત્યવતીનંદને વસાવ, તારા ચિત્ત-મંદિરમાં. સી૦ ૨
દિલવર દિલ વસાઈ, હટાઈ કષાય કસાઈ;
સંયમ તોરણ બંધાવ, તારા ચિત્ત—મંદિરમાં. સી૦ ૩
અનંત ગુણાકર સેવા, કર શિવ-મેવા લેવા;
મંગળ ઘંટડી બજાવ, તારા ચિત્ત-મંદિરમાં. સી૦ ૪
સીમંધર જિનવર રાયા પ્રણમે સદ્ગુરુ તુજ પાયા;
ભક્ત—જીવન ઉદ્ધાર, તારા ચિત્ત-મંદિરમાં. સી૦ ૫

(૨૨૫) શ્રી અભિનંદન જિન—સ્તવન.

(જેવી કરે છે કરણી, તેવી તરત ફળે છે-એ રાગ.)

જિણંદ ચંદ વાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્ન કેરી ખાણી, બુધ-માનસે રમી છે. જિણંદ૦ ૧
મીઠાશ જેની જાણી, ગર્વો બધા ગળે છે;
જસ પાન કાને કરતાં, ભવ-વ્યાધિઓ ટળે છે. જિણંદ૦ ૨
પશુઓ જે ચાવે તરણાં, સાકર શરણ ધરે છે;
શરમાઈ મીઠી દ્રાક્ષો, વનવાસને કરે છે. જિણંદ૦ ૩
પીલુમાં પીલાઈ ઇક્ષુ, અભિમાનને તજે છે;
અભિનંદનીય તે છે, અભિવંદનીય જે છે. જિણંદ૦ ૪
કૃપાળુગુરુ-ચરણે, શરણે રહી ભણે છે;
જિનવાણી નાવ સંગે, ભવતીર દાસ લે છે. જિણંદ૦ ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૨૬) શ્રી પદ્મપ્રભજિન-સ્તવન.

(બાબા, મનકી આંખે ખોલ—એ રાગ.)

પ્યારા જ્ઞાન ખજાના ખોલ, જ્ઞાન ખજાના ખોલ. પ્યારા૦(ટેક)
અખુટ ખજાના તેરા પાસા, અનંત ગુણોંકા હૈ વાસા;
જગમેં દાતા, જગમેં ત્રાતા, તીન રતન સેવકકો દે કે,
કરના ઋદ્ધિ કલ્લોલ. પ્યારા. ૧

અનંત કેવલ દર્શનધારી, ગુણ-રયણ-રયણાકર ભારી;
તુજ મહિમા હૈ અપરંપારી, કરુણાસાગર કરુણા લાકર,
હરદે દુઃખ-દંદોલ. પ્યારા૦ ૨

પંકજ જ્યું જલ પંકસે ન્યારા, વૈસે તું હૈ ભોગ કર્મસે ન્યારા;
પદ્મપ્રભુ મેરે પ્રાણસે પ્યારા, મુજ મન પદ્મદલોં વિકસા કર,
જ્ઞાન સુધારસ ઢોલ. પ્યારા૦ ૩

બુધ [1]માનસમેં નિશદિન સોહે, તુજ ગુણપદ્મો જગજન મોહે;
મુજ મન [2]મધુકર લીનો તેહે, અનુપમ પ્રેમ [3]મરંદ બહા કર,
[4]રંગ લગાઓ [5]ચોલ. પ્યારા૦ ૪

---

૧ દેવ અથવા પંડિત પુરુષોના માનસમાં-મન-સરોવરમા ૨ ભમરો. ૩ પ્રેમરૂપી સુગંધિ ફુલનો મધુર રસ. ૪ પ્રેમ. ૫ ઘણી લાલીવાળો પાકો રંગ, જે અન્તસમય સુધી પણ તેવોજ રહે છે. આવો ચોળ-મજીઠનો રંગ કહેવાય છે).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શ્રી જિનવરજી જ્ઞાનપ્રદીપક, તીન ભુવન હૈ તુજ પદ સેવક;
દાસ સદા કર જોડ કહત હૈ, મોહ મહા માતંગ[1] ભગા કર,
સુક્તિ દે અનમોલ. પ્યારા૦ ૫

(૨૨૭) શ્રી સીમંધરજિન–સ્તવન.

[ગઝલ]

જગતમાં દેવ સાચો તું, તુંહિ જગતાજ મોટો છે;
તુંહિ જિનરાજ છે ત્યાં, જીવન આદર્શ મોટો છે. જગ૦(ટેક)
મોટાનો આશરો મોટો, ખજાને કો નહિ તોટો;
અનેરો[2] આશરો ખોટો, તુંહિ ભવઝાજ મોટો છે. જગ૦ ૧
તુંહિ ત્રાતા તુંહિ ભ્રાતા, તુંહિ શિવશર્મનો[3] દાતા;
તુંહિ તીન કાળનો જ્ઞાતા, તુંહિ શિરતાજ મોટો છે. જગ૦ ૨
ચખાડી ગુણના ભાતા, ભવિક મન આપતા શાતા;
ખપાવો કર્મના ખાતા, તુંહિ જગતાત મોટો છે. જગ૦ ૩

(૨૨૮) શ્રી સીમંધરજિન–સ્તવન.

(પૂજારી મોરે મંદીરમેં આવો—એ રાગ.)

ભવી...યા...! સીમંધર જિનકો ધ્યાવો,
ભવી...યા...! સીમંધર જિનકો ધ્યાવો;
પ્રેમે ભક્તિ સુધા ગંગામેં, જીવન નાવ ચલાવો.–ભવિયા૦ ૧

૧ હાથી અથવા ચંડાળ. ૨ બીજાનો. ૩ મુક્તિસુખને આપનાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

[૧]મધુકર જ્યું પ્રીતિ [૨]માલતી, ત્યું પ્રભુ પ્રીતિ જગાવો ..;
જિનસે પાવો શમસુખ કો તુમ, સીમંધર-રંગ લગાવો.-ભ૦૨

[૩]ભવવન-કષ્ટ ભયો જ્યું નાસે, રંગે યે જિન ગા...વો...;
ધ્યાન ધરો નીરખીર પરે તુમ, આતમ જ્યોતિ મિલાવો. ભ૦ ૩

ભક્ત કુમુદકું ચંદ્રવદન હૈ, આનંદ મંગલ પાવો;
અધ્યાતમ ધ્યાન સુધારસ ધારા, અપને ઘટમેં બહાવો. ભ૦ ૪

શ્રી જિનવરજી તુજ સેવકકા, નમ્ર કથન દિલ લાવો;
સીમંધર સુધાકર ચરણ સુધાસે, [૪]અજરામર પદ પાવો. ભ૦૫

(૨૨૯) શ્રી શ્રેયાંસનાથજિન-સ્તવન.

(ઝટ જાઓ, ચંદનહાર લાવો-એ રાગ.)

નિત આપો, શ્રેયાંસનાથ આપો, શ્રેય-અંશ આપોને;
રંગ લાવ્યો શ્રેયસ્કર તારો, સેવક કષ્ટ કા...પોને. (અંચલી)

સાખી—સુર અસુર નર નાયકો, સેવક તારે અનેક;
શ્રેય-પદવી-દાયક ! વિભો !, અમારે આધાર તું એકરે-
સેવક કષ્ટ કા...પોને. નિત૦ ૧

સાખી—શ્રેય-વિધાયક શાશ્વતો, તુમ ગુણ રત્ન ભંડાર;
ગુણ એક આપી પ્રેમથી, રંક જીવન ઉદ્ધાર રે-
સેવક કષ્ટ કા...પોને. નિત૦ ૨

---

૧ ભમરો. ૨ મોગરાની જાતનું ફુલ. ૩ સંસારરૂપી અરણ્ય.
૪ મોક્ષપદ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સાખી–(પ્રભુ) ભક્તિ અધિકી મુક્તિથી,એ અમ રંગ અભંગ;
ચમક ખેંચે જિમ લોહને, તિમ ભક્તિમુક્તિનો પ્રસંગરે–
સેવક કષ્ટ કા....પોને. નિત૦ ૩

સાખી—તરણ તારણ જગતાજ તું, ભવજલધિમાં જહાજ;
કાજ અમારાં સારીને. શિવપુરીનું દે...જો રાજ રે–
સેવક કષ્ટ કા...પોને. નિત૦ ૪

:સાખી–પ્રણમી અનંત જીનેશ્વરા, વળી શ્રી સદ્ગુરુ પાય;
દાસ શિશુ એમ વીનવે, શ્રીશ્રેયાંસનાથ જિણંદ રે–
સેવક કષ્ટ કા...પોને. નિત૦ ૫

(૨૩૦) શ્રી વર્દ્ધમાનજિન–સ્તવન.

(મથુરામાં ખેલ ખેલી આવ્યા, હો કા...ન !–એ રાગ.)

ત્રીશલા દેવીના જાયા, હો દેવ ! વર્દ્ધમાન પાયા;
સુરેંદ્ર–પૂજ્ય જે પૂજ્ય જગતના, શિરતાજ આજ પાયા.
હો દેવ ! વર્દ્ધમાન પાયા૦ ૧

કામિત–પૂરણ પૂરણ–પુણ્યે, કામકુંભ કામધેનુ પાયા,
હો દેવ ! વર્દ્ધમાન પાયા૦ ૨

ભાવઠ ભવની આ જ મારી ભાંગી, ચિંતામણી ચિત્ત ઠાયા,
હો દેવ ! વર્દ્ધમાન પાયા૦ ૩

મનોમંદીરમાં સુરતરૂ ફળીઓ, આંગણે અમી વરસાયા,
હો દેવ ! વર્દ્ધમાન પાયા૦ ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

માનવભવ મેં પાવન કીનો, ભક્તિ-દીપક પ્રકટાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૫

[1]વાસરમણી સમ વર્દ્ધમાન પૂજી, મનપંકજ વિકસાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૬

નરેંદ્ર-પૂજિત પ્રેમે વધાવી, કલ્યાણ મંગલ લાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૭

શ્રી જિનરાજ પ્રભુ પાય નમીને, જિણંદ ગુણ ગણ ગાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૮

(૨૩૧) શ્રી વિમળનાથજિન-સ્તવન.

(ભુલ ભુલ અમારૂં ઉડી ગયું ત્યાં-એ રાગ.)

વિમળદર્શન મળી ગયું ત્યાં, [2]વિમળદર્શન [3]હળી ગયું.
વિમળ અમારૂં મન થયું ત્યાં, [4]વમળ ભવનું ટળી ગયું.
વિમળ જનના વિમળ રાગે, વિમળ મતિની જ્યોતિ જાગે;
કુમતિ તમ અમ બળી ગયું.-વિમળ૦ ૧

વિમળ જિન નિજ ગુણ [5]કટારે, કર્મ [6]કટક વિકરાળ વિદારે;
જન્મ મરણ દુઃખ ટળી ગયું.-વિમળ૦ ૨

---

૧ સૂર્ય. ૨ નિર્મળ શ્રદ્ધા=સમ્યકત્વ. ૩ પ્રાપ્ત થયું. ૪ આવર્ત=સંસાર સમુદ્રની ભમરીમાં ભમવું તે. ૫ બે બાજુ ધાર અને છેડે અણીવાળુ હથિયાર. ૬ સેના.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

[1]સજળ [2]જળધર જળનીધારા, ભવિક [3]કળાકર આનંદ કારા;
વિમળ જીવન મળી ગયું.–વિમળ૦ ૩

વિમળ સોવન વાન ગાને, વિમળ તાને વિમળ ધ્યાને;
અચળ વિમળ પદ મળી ગયું.–વિમળ૦ ૪

અકળ [4]કળાધર જિનજી જોજો, અમી નજરથી અમર કરજો,
ચિત્તચકોર જ્યાં હળી ગયું. વિમળ૦ ૫

તીર્થેશ્વરના વિમળ શરણે, વિમળ જિનના વિમળચરણે;
તુજ સેવક શિર લળી ગયું–વિમળ૦ ૬

(૨૩૨) શ્રી નેમિજિન–સ્તવન.

(રખીયા બંધાવો ભૈયા, શ્રાવણ આયા રે–એ રાગ.)

ભવિયા ભવાબ્ધિ નૈયા, તારક પા...યા...રે.
તારક પા...યા...રે, તારક પા...યા...રે. ભવિયા૦ (ટેક)
શિવાદેવીના જાયા, નેમિ જિણંદ રાયા;
સમુદ્ર કુલ સુહૈયા...તારક પા...યા...રે. ભવિયા૦ ૧
પશુઓને ઉગારી, તજી રાજુલનારી;
ગિરનારે જઈ રહીયા...તારક પા...યા...રે. ભવિયા૦ ૨

---

૧ જળ સહિત=જળથી પરિપૂર્ણ ૨ મેઘ. ૩ મોર. ૪ ચંદ્ર તથા કળી ન શકાય તેવી કળાઓને ધારણકરનાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જિહાં સંજમ લીયા, કેવલ મોક્ષ પાયા;
ત્રેણુ કલ્યાણક ગૈયા...તારક પા...યા...રે. ભવીયા૦ ૩

શંખ લંછન ધારી, બાળથી બ્રહ્મચારી;
પૂજી સુધારો જૈયા...તારક પા...યા...રે. ભવીયા૦ ૪

શ્રી તીર્થંકરપદ ધામી, પુણ્ય ઉદયે પામી;
સેવક [1]સુકાની [2]સૈયા...તારક પા...યા...રે. ભવીયા૦ ૫

(૨૩૩) શ્રી શાંતિજિન–સ્તવન.

(રાગ–તુમ્હીને મુઝકો પ્રેમ સીખાયા. રાગ–ભીમપલાસ.)

શાંતિદાયક શાંતિ જિનરાયા, તુજ દર્શન મેં નિર્મળ પાયા;
તોરે ગુણુ ગણુ ગંગમે ન્હાયા, હર્ષ ભરાયા, જન્મ સુહાયા;
આનંદ આજ અપાર, જિનજી! આનંદ આજ અપાર–
શાંતિદાયક૦ ૧

દુઃખ દોહગને દૂર ભગાયા, નીરખી હરખી ત્રિભુવનરાયા;
આનંદ આજ અપાર, જિનજી! આનંદ૦ શાંતિદાયક૦ ૨

શાંતિનિકેતન શાંતિજી પાયા, શાંતિસુધારસ પાન કરાયા;
આનંદ આજ અપાર, જિનજી! આનંદ૦ શાંતિદાયક૦ ૩

પતિત–પાવન સોવન–કાયા, સુરપતિ સેવિત હૈં તુજ પાયા;
આનંદ આજ અપાર, જિનજી! આનંદ૦ શાંતિદાયક૦ ૪

---

૧ નાવિક. ૨ સ્વામી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વિશ્વસેનનૃપ અચિરા જાયા, તુજ ચરણ રજ સેવકે ગાયા;
શ્રીસદ્‌ગુરુ જયકાર, જિનજી! શ્રીસદ્‌ગુરુ૦ શાંતિદાયક૦ ૫

---

(૨૩૪) શ્રી જિન-સ્તવન.

(રાગ-ચલે પવનકી ચાલ જગમેં૦)

મીલે જગતકે નાથ, અબતો મીલે જગતકે નાથ;
તું હિ શરણ હય હમ લોગોંકા, તું હિ આલમ તન આથ.[1]
અબ તો મીલે૦ ૧

જિનવર તોરે ચરણ કમલમેં, ઝૂકે સુરકે નાથ;
ભક્તિ તોરી ભવકી તરણી,[2] ભાવ રોગોંકા કવાથ.[3]
અબ તો મીલે૦ ૨

તુજ દર્શનસે મનબા પાવન, હુઆ આજ સનાથ;
દુઃખકે કાંટે પિસ પિસ ભાંગે, દેખત તેરા કાથ.[4]
અબ તો મીલે૦ ૩

સુરતરૂસા દેવાધિદેવા, કભી ન છોડું સાથ;
દાસ સુકાની! ભવજલધિસે, તાર લે કર હાથ.
અબ તો મીલે૦ ૪

---

૧ ધન. ૨ નાવ. ૩ ઉકાળો. ૪ નૂર, તાકાત.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૩૫) શ્રી સીમંધરજિન-સ્તવન.

રાગ-(મૈં અરજ કરૂં શિર નામી, પ્રભુ કર જોડ જોડ જોડ.)

મૈં વંદુ સીમંધર સ્વામી, શિર કર જોડ જોડ જોડ,
મૈં નમન કરૂં જગસ્વામી, પુર મન કોડ કોડ કોડ,
નયરી પુંડરગિરિ સ્વામી, શ્રી શ્રેયાંસ કુલ શશિ નામી;
સત્યવતીસુત અંતરયામી, અંતર ખોલ ખોલ ખોલ. મૈં૦ ૧
દુષ્ટ વિભાવરસ વામી, ચારકર્મ-રિપુ-દલ-દામી;
ભવકષ્ટ હરો અમ સ્વામી, ચિદ્દરસ ઘોલ ઘોલ ઘોલ. મૈં૦
અનંત જ્ઞાન દર્શન ધામી, અનંત ચરણ-ગુણ-અભિરામી;
સાદિ અનંત પદ ગામી, જસ નહિ તોલ તોલ તોલ. મૈં૦ ૩
પાર ન પાવે સુરગુરુ સ્વામી, જિનગુન રત્નાકર નામી;
દિનદયાલ આતમરામી, રંગ રસ ઢોલ ઢોલ ઢોલ. મૈં૦ ૪
આપ હુએ નિજ વિશરામી, હમ રહે સંસાર કે ભ્રામી;
મ્હેર કર કે દે દો સ્વામી, શિવ વન મોલ મોલ મોલ. મૈં૦ ૫
શ્રી ગુરુવર સેવા કામી; તુજ દાસકા સ્વામી નામી;
મૈં પાવું સદા નિષ્કામી, જિન રંગરોલ રોલ રોલ. મૈં૦ ૬

(૨૩૬) શ્રી કુંથુનાથજિન-સ્તવન.

(રાગ-વાસુપૂજ્ય વિકાસી, ચંપાના વાસી૦)

કુંથુનાથજી પ્યારા, પ્રાણ આધારા, તારો ભવોદધિ પાર;
સૂર્યસુત સહારા, સુરમનોહારા, સ્વામી અમારા,
પાપ અમાપ સંહાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હસ્તિનાપુરના નામી સ્વામી, [1]શ્રીનંદન...શ્રી...કા...ર;
મહીમાંહિ મહિમા મહા તારો, તારો તારણહા...ર—રે
સંસાર-સાગર ખારા, દુઃખભંડારા, નિજગુણહારા, પામર
પાર ઉતાર. કુંથુનાથજી૦ ૧

ષટ ખંડ સાધી થયા છઠ્ઠા ચક્રી, નવનિધિ ઋદ્ધિ અપા...ર;
અભ્યંતર-ષટ-કર્માંરિ મારી, ખટપટ છોડી અસા...ર-રે
સત્તરમા જિન ધારા, સંયમ સારા આતમ ઉજાળ્યા,
જાણીઅથીર, સંસાર. કુંથુનાથજી૦ ૨

કેવલ-કમલા-વિમલા પામી, થાપી તીરથ હિતકા...ર;
ધર્મચક્રવર્તિ થઈ નામી, તાર્યાં કેઇ નરના...ર—રે
છાગલંછનધારા, અજપદકારા, કર્મરજહારા, કાજ અમારાં
સાર. કુંથુનાથજી૦ ૩

કાલ અનાદિની પ્રીતિ વિસારી, કીધો તેં શિવવધૂ પ્યા...ર;
સેવક ભવઅટવીમાંહી રઝળ્યો, પામ્યો દુઃખ અપા...ર-રે
પ્રભુ દુઃખ હરનારા સુખ કરનારા. સેવક તમારા,
માગે રત્નત્રયી સાર. કુંથુનાથજી૦ ૪

ભક્તવત્સલ ભગવંત કહાવો, આવો, અમા...રી વા...ર;
શ્રી જિનવર-પદ [2]પંકજ-ભંગની, અરજી દિલમાં ધા...ર-રે
સેવક સંકટ ટારા ! મંગલ કારા ! પાયક પ્યારા ! ભક્ત જીવન
ઉદ્ધાર. કુંથુનાથજી. ૫

---

૧ શ્રી મતીના સુપુત્ર. ૨ ચરણરૂપી કમળના ભમરાની,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૩૭) શ્રી નેમિજિન–સ્તવન.

(રાગ–પારેવડા જાજે વીરાના દેશમાં.)

ઓ! પંખિડા! જાજે પ્રભુના દેશમાં (૨)
બોલજે હેજે સંદેશમાં. ઓ! પંખીડા૦ ૧

શ્યામજી સીધાવ્યા શિવનારીને કારણે;
ગિરનાર જેવા પ્રદેશમાં. ઓ! પંખીડા૦ ૨

કહેજે કે રાજુલાએ, કીધી છે બાધા;
જીવવું છે સાધુ વેશમાં. ઓ! પંખીડા૦ ૩

સ્વામી નેમિનાથ તુંહિ, આશરો છે મારે;
તારો મને ત્યાગના વેશમાં. ઓ! પંખીડા૦ ૪

મુક્ત બ્રહ્મચારી એ, દંપતિને પ્રણમો;
સંત કહે છે ઉપદેશમાં. ઓ! પંખીડા૦ ૫

---

(૨૩૮) શ્રી સીમંધર જિન–સ્તવન.

ઓ! પંખીડા જાજે વિદેહના દેશમાં,
બોલજે હેજે સંદેશમાં—ઓ૦ ૧

સ્વામી બિરાજે છે પુરણ આનંદમાં,
વિદેહ જેવા પ્રદેશમાં—ઓ૦ ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કહેજે કે તુમ ભક્તો ભરતે ઝુરે છે,
જીવે તુમ દર્શન આશમાં—ઓ૦ ૩
કહેજે તુમ ભક્તે કીધી પ્રતિજ્ઞા,
જીવે છે ત્યાગી વેશમાં—ઓ૦ ૪

(૨૩૯) શ્રી સીમંધર જિન-સ્તવન.

આટલો સંદેશો ચંદા જિનજીને કહેજો,
તેનો પ્રત્યુત્તર અમને દેજો સંદેશો ચંદા જિનજીને કહેજો. ૧
શ્રી સીમંધર સ્વામી દૂરે વસો છો,
વંદના સ્વીકારી મારી લેજો.—સંદેશો ચંદા૦ ૨
તુજપદ પંકજ મુજમન ભૃંગ,
ચિત્તમાં લાગ્યો મજીઠો રંગ.—સંદેશો ચંદા૦ ૩
તરણતારણ પ્રભુ મુજને તારો.
તારક બીરૂદને ધરજો—સંદેશો ચંદા૦ ૪
તુજ વિરહમાં પ્રભુ ટળવળતો દેખી,
સેવકને ઝટ તારી લેજો.—સંદેશો ચંદા૦ ૫
તુજ સેવામાં પ્રભુ દેવ છે કોડી,
એક મોકલજો આવે દોડી—સંદેશો ચંદા૦ ૬
તો મુજ આશા પૂરણ થાય,
આનંદ મંગળ વરતાય.—સંદેશો ચંદા૦ ૭
દેવાધિદેવ તું તો દીન દયાળ,
હું વિનવું બે કરજોડ નાથ.—સંદેશો ચંદા૦ ૮

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૪૦) જિન–સ્તવન.

જય વર્દ્ધમાન પ્રભો સ્વામી જય વર્દ્ધમાન પ્રભો,
દાસ ખડે હૈ ચરણકમલમે, નૈયા પાર કરો...ઓ જય૦ ૧
કામ ક્રોધ મદ લોભ રહિત સ્વામી, તુમ અંતરયામી;
ભક્તજનો કે તારણવાલે, અતિશુદ્ધ વૃત્તિ ગામી...ઓ૦ ૨
દેવ દેવીયા સુરનર સારે, મહિમા નિત ગાવે;
આનંદ મંગલા ચાર રહેં મનુ, વાંછીત ફલ પાવે...ઓ૦ ૩
રાગદ્વેષ મલ રહિત જિનેશ્વર, હો કેવલજ્ઞાની;
અધમ ઉદ્ધારક સબસુખકારક, હો આતમ ધ્યાની...ઓ૦ ૪
અજર અમર અવિકાર નિરંજન, પૂરણ ઉપકારી;
અવિનાશી સચ્ચિદાનંદઘન, હો તે સુખકારી...ઓ જય૦ ૫
શ્રી શ્રી રામ સ્વરૂપ તૂહી હૈ, સબસે હીતકારી;
આત્મજ્ઞાની ગુરુ ચરણ કમલ પર, નિશદીન બલિહારી...ઓ૦

---

(૨૪૧) શ્રી જિન–સ્તવન.

આશા બંધી હૈ જિનવર ભવસાગર તારોગે,
તૂટી હૈ મોરી નૈયા, તું હો જિનવર ખેવૈયા;
મેરે લીયે કરમોકા, ભંજન કર ડાલોગે.........આશા૦ ૧
સંસારકો મેટનવાલે, તુમ બીન મોહે કોન સંભાલે;
તબ હી મીલેગી મુક્તિ, જબ તુમ મન આવોગે...આશા૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શ્રી જિનવર વિનતિ માનો, શરણાગત સેવક જાનો;
દુઃખીયાકો અપના કરકે, સંકટ સબ ટાલોગે...આશા૦ ૩

(૨૪૨) શ્રી જિન–સ્તવન.

જય અંતરયામી સ્વામી જય અંતરયામી;
દુઃખહારી સુખકારી ત્રીભુવનકે સ્વામી......જય૦ ૧
નાથ નિરંજન સબ દુઃખ ભંજન સંતન આધારા,
પાપનીકંદન ભાવી ભંજન સંપતિ દાતારા......જય૦ ૨
કરૂણાસિંધુ દયાલુ દયાનિધી જયજય ગુણધારી,
વાંછીત પૂરણ શ્રીજન સબજન સબજન સુખકારી...જય૦ ૩
જ્ઞાન પ્રકાશી શીવપુરવાસી અવિનાશી અવિકાર,
અલખ અગોચર ત્રીભૂમે અવિચલ શીવરમણી ભરથાર...જય
વિમલ કૃતારથ કલમલહારક તુમહો દીન દયાલ,
જય જય કારક તારક સ્વામી સત્ત જીવન રક્ષપાલ...જય૦
નામ શીખાવે પાપ નશાવે ચરનન શીરનાવે;
પુની પુની અરજ સુનાવે સેવક શીવકમલા પાવે...જય૦

(૨૪૩) શ્રી જિન–સ્તવન.

મહાવીર સ્વામી મેં કયા ચાહતા હું,
ફક્ત આપકા આશરા ચાહતા હું;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બીલી તુજકો પદવી જો નિરવાન પદકી હાં,
  જી તુજ જૈસા મેં ભી હુવા ચાહતા હું...મહાવીર૦
ફંસા હું મેં ચક્કર મેં આવાગમનકે હાં,
  કે અબ ઈસે હો ના રીહા ચાહતા હું;
દયાકર દયાકર તું મુઝપે દયાલુ હાં,
  ક્ષમા ચાહતા હું ક્ષમા ચાહતા હું......મહાવીર૦
બુરા હું ભલા હું અધમ હું કે પાપી હાં,
  દયાકર તું મૂઝે કે દયા ચાહતા હું.. ...મહાવીર૦

---

(૨૪૪) શ્રી જિન–સ્તવન.

ત્રીશલાના જાયાની લાગી મને માયા,
  મહાવીરના મીઠાં સંભારણાં;
વીર પ્રભુ સાથે મેં તો બાંધી છે પ્રીતડી,
  દીલમાં વસી ગઈ મુરતિ અલબેલડી;
  ધરૂં સંયમ કેરાં ચીર.........મીઠાં૦ ૧
આતમાની જયોત જેણે જગમાં જગાવી,
  સ્વપરના ઉદ્ધાર કાજે જીંદગી વીતાવી;
  સાગર સમાન ગંભીર.........મીઠાં૦ ૨
ભજતાં ભાવે ભવ કર્મો ખપાવે,
  શીવ લક્ષ્મી સુખ સંપદ પાવે;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઉતારે ભવજલ તીર......મીઠાં૦ ૩
ત્રીશલાના જાયાની લાગી અને માયા.

(૨૪૫) શ્રી જિન–સ્તવન.

એક જ હૃદયના જાનથી વરસો સુધી સેવા કરી,
તારા ચરણ પાસે હૃદયના પુષ્પની સૌરભ ધરી;
લાખ સંકટ મસ્તકે પરવા છતાં એ ના કરી,
તારા જ દર્શન કાજ વીતી જીંદગી આંસુ ભરી;
દરશન આપો એ પ્રભુજી પ્યારા દર્શન પ્યાસી આજે
બાલ તુમારો.
રામ તુંહી છે શ્યામ તુંહી છે, જગત ઉદ્ધારકનાથ તુંહી છે,
ભવરણનો વિશામો તુંહી છે, તું છે અમારો આરો.–દર્શન૦
વીતરાગ કેરી તું પ્રતિમા, તોયે દયા સંચારશે,
નિસ્પૃહ દેખું આંખ પણ ત્યાં અમી કેરી ધાર છે;
સાકાર દેખું બાહ્યથી તોયે તું તો નિરાકાર છે,
જ્ઞેય તારા જ્ઞાનમાં પણ જ્ઞાન તુજ સ્વરૂપ છે;
કષ્ટો કાપો એ પ્રભુજી વ્હાલા દુનિયા પૂછે બાલ તુમારો.–દ૦
રામ તુંહી છે શ્યામ તુંહી છે, જગત ઉદ્ધારકનાથ તુંહી છે,
ભવ રણનો વિશામો તુંહી છે તું છે અમારો આરો.–દરશન૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૪૬) શ્રી જિન-સ્તવન.

ભક્તિરસના ભાવભીના એ, ભરભર પ્યાલા પીલો;
સૌ ભરભર પ્યાલા પીલો.
સમતાભાવે જિનદરશનના, અમૃતપાન કરી લો;
સૌ અમૃતપાન કરી લો.
કાલ અનાદિના કર્મને છેદી, ક્રોધ માન માયાને ભેદી;
ચિહ્ન વિશ્વમાં તત્ત્વજ્ઞાનના, મહાવીર પાઠ પઢી લો.
સૌ. ભક્તિરસના.

સાગર ખારા સલીલ તુફાની, મળ્યા હવે જિન ખરાસુકાની;
ભવસાગર તરવા જો ચાહો, નૈયા પાર કરી લો.
સૌ. ભક્તિરસના.

રાજપાટ સુખ સંપદ ત્યાગી-બન્યા સંયમી જિન વીતરાગી;
ત્યાગવૃત્તિના અજોડ મંત્ર એ, ઘટઘટ ધ્યાન ધરી લો.
સૌ. ભક્તિરસના.

આતમ ધર્મનું મનન કરીને, ભાવે વીર વચન દીલ ધરીને;
મહાવીર વધાઈ મંગલ થાવે-શીવ લક્ષ્મી સુખ વરી લો.
સૌ. ભક્તિરસના.

---

(૨૪૭) શ્રી નંદિશ્વર જિન-સ્તવન.

નંદિશ્વરજિન ધામની શોભા સારી,
હારે બિંબ રતનમયી વિતરાગી;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હાંરે જિહાં બાવન જિનમંદિર ભારી,
હાંરે સોહે (બિંબ) એકસો આઠ. (૨) નંદી ૧
અષ્ટાહ્નિકા પર્વ જગમેં બહુ રૂડો,
હાંરે તિહાં ઉતરે દેવોના વૃંદો;
હાંરે ઉત્તમ દ્રવ્ય લાવીને આઠો,
હાંરે કરતા ભાવે પૂજન (૨) નંદી ૨
રત્નમણિ દિપે આરતી ઇંદ્રો કરતા,
હાંરે વીણા તાલ મૃદંગ સ્વરે ગાતા;
હાંરે વિધ વિધ ભાવે નૃત્ય કરતા,
હાંરે ગાવે મહિમા અચિંત્ય (૨) નંદી ૩
સુવર્ણપુરી તીર્થધામમાં દાસ વસીયો,
હાંરે શાશ્વત પ્રતિમા દર્શનનો રસીયો;
હાંરે જિનધામ નિરખવા ઉલસ્યો,
હાંરે ક્યારે ભેટું જિનરાજ (૨) નંદી ૪
માંહો માંહે સહુ દેવેન્દ્રો ગાન કરતા,
હાંરે ચાલો ચાલો સહુમળી સંગમાં;
હાંરે વંદન પૂજન ભક્તિ ભરવા,
હાંરે જઈએ નંદિશ્વરધામ (૨)
હાંરે અહો અહો ધન્ય ભાગ્ય (૨) નંદી ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૪૮) શ્રી સીમંધર જિન-સ્તવન.

મારા નાથની વધાઈ આજે છે,
મારા સ્વામીની વધાઈ આજે છે;
એના શબ્દ ગગનમાં ગાજે છે,
મારા નાથની વધાઈ આજે છે.
સીમંધર નાથની વધાઈ આજે છે,
મહા વિદેહી ભરતે પધાર્યા છે,
ભવ્ય ભક્તોની અરજી સ્વીકારી છે;
શાસન ઉન્નતિ આજે છે. મારા૦
તુજ સેવકના હૃદયો ઉલસે છે,
આજે અમૃત વરસા વરસે છે;
દિવ્ય ધ્વનીના નાદો ગાજે છે. મારા૦
આજે સ્વર્ગેથી દેવ દેવેંદ્રો આવે છે,
આવી ભક્તિની ધૂન મચાવે છે;
જિનરાજનો જયકાર ગજાવે છે. મારા૦
પ્રભુ ઉપશમ રસમાં મ્હાલે છે,
ગુણ રત્ન મુદ્રા સોહે છે;
નિજ સ્વરૂપાનંદમાં ડોલે છે. મારા૦
તુજ સમવસરણે જે આવે છે,
તેના સર્વે કાર્યો સિદ્ધ થાયે છે;
ત્રિલોકી નાથનો પ્રભાવ એ ગાજે છે. મારા૦
પ્રભુ સેવક લળી પાય લાગે છે,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તુજ ચરણ સેવા આજે માગે છે;
સર્વ વાંછીત વધાઈ આજે માગે છે,
કૃપાનાથ કૃપા વરસાવોને. મારા૦
તારો પ્રભાવ ત્રિભુવને ગાજે છે,
મારા નાથની વધાઈ આજે છે.

(૨૪૯) શ્રી વીશ વિહરમાન જિન–સ્તવન.

મેં વીશ જિનવરકો ચિત્તમે લગાકર ડોલું રે,
મેં પ્રભુ ભક્તિમેં દીલકો લગાકર બોલું રે;
મેં વીશ વીહરમાન ગુણ ગાઉં, મેં તુજ ચરણોમેં આઉં,
મેં ચિત્ત ચિત્તમેં તુજકો લગાકર ડોલું રે;
મેં તુજ દર્શન બિનપાયે કબહું ન છોડું રે. મેં વીશ ૧
મેં ગણધરકો નિત વંદું, મેં મુનિવરકો નિત ધ્યાવું;
મેં નાથકે ધ્યાનકો ધરકે જીન જીન બોલું રે,
મેં સુંદર ભાવકો ભજકે અંતર ખોલું રે. મેં વીશ ૨
મેં તુજ ચરણોમેં રહેના ચાહું. મેં સંપૂરણ સુખ પાઉં;
મેં તુજ વ્હાલ વ્હાલકર ચિત્તકો લગાકર ડોલું રે,
મેં તુજ દર્શન બિનપાયે કબહું ન છોડું રે. મેં વીશ ૩

(૨૫૦) શ્રી જિન–સ્તવન.

આવો આવો જિનવર આવો, શાંતિ સુધારસ પાવો રે. આ૦
જગતારકનું બિરૂદ ધરાવો, દાસને શીદ તરસાવો રે. આ૦ ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અગણિત અધમાધમ ઉદ્ધાર્યાં, મુજને કાં વિસરાવો રે. આ૦ ૨
ભક્ત વત્સલ ભગવાન કહાવો, સાર્થક કરો એ દાવોરે. આ૦ ૩
જગબંધુ તવ શરણે આવ્યો, દયા દિલમાં લાવો રે. આ૦ ૪
ત્રિવિધ તાપથી તપ્ત અંતર છે, કૃપામૃત વરસાવો રે. આ૦ ૫
નિજ ગુણના પકવાન બનાવ્યા, સમ્યક્ સુખડી ચખાવોરે. આ૦
તુજ સેવકની અરજ ઉર ધારો, જ્યોત જીગરમાં જગાવોરે. આ

(૨૫૧) શ્રી વીરજિન–સ્તવન.

આ ચૈત્રત્રયોદશી આજ છે સહુ જય બોલો,
આ જન્મ કલ્યાણક આજ, મહાવીરજીની જય બોલો.
આ ત્રિશલામાતાના નંદન–જિણંદજીનો જય બોલો,
આ સિદ્ધારથ નૃપકુલ ચંદ, મહાવીરજીની જય બોલો.
પ્રભુ શાસન ઉદ્ધારક જનમીયા, સહુ જય બોલો;
પ્રભુ તરણ તારણ જિનરાજ, મહાવીરજીની જય બોલો.
પ્રભુ ત્રીશ વર્ષે તપ આદર્યાં, સહુ જય બોલો;
વનવાસે કર્યા આત્મધ્યાન, મહાવીરજીની જય બોલો.
શુકલધ્યાને ઉજ્જવળતા આદરી, સહુ જય બોલો;
લીધા કેવળજ્ઞાન અખંડ, મહાવીરજીની જય બોલો.
પ્રભુ અનંતચતુષ્ટયે રાજતા, સહુ જય બોલો;
અનંત અનંત આનંદ વેદનાર, મહાવીરજીની જય બોલો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

દીવ્ય રચના ભરી દિવ્ય ધ્વનિ છૂટી, સહુ જય બોલો;
તર્યા ભવ્ય જીવો અનંત, મહાવીરજીની જય બોલો.
તુજ શાસનનો વૃદ્ધિકાળ દેખું, સહુ જય બોલો;
પ્રગટ્યા તુજ સુપુત્ર કહાન, ગુરુજીનો જય બોલો.
સત્ ધર્મનાં દરિયા વહાવીયા, સહુ જય બોલો;
જેણે ઉછાળ્યા આખા ભારત, ગુરુજીનો જય બોલો.
જેણે હલાવ્યા આખા હિંદ, ગુરુજીનો જય બોલો,
શાસન વૃદ્ધિ દિન આજનો, સહુ જય બોલો.
વધતા દેખું ગુરુદેવ, ગુરુજીનો જય બોલો;
શ્રી જયવંત ગુરુજીનો જય દેખી સહુ જય બોલો,
મારા વંદન હો અનંત, ગુરુજીનો જય બોલો.

(૨૫૨) શ્રી જિન–સ્તવન.

મેં પ્રભુ ભક્તિમેં ચિત્તકો લગાકર ડોલું............રે
મેં હર્ષભર જિન મંદિર આઉં,
મેં જિનવરકા ગુણ ગાઉં;
પ્રભુજી તુમ ચરણોમેં ફીર ફીર શીર નમાવું......રે ૧

અહો પરમ શાંત મુદ્રાકા ધારી,
પ્રભુ તુમ દર્શન હૈ આનંદકારી;
મેં ભક્તિ ભર ભર તેરે પૂજનકો આઉં.........રે ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રભુ રત્નત્રયકો દેને વાલે,
મુઝ ભવ આતાપ મિટાનેવાલે;
પ્રભુમેં જ્ઞાન સુધાકો લેકર પાન કરૂં...............રે ૩

કનક થાળમેં અર્ઘકો લાઉં,
ફીર રત્ન દીપકકી જ્યોત જગાવું;
મેં જિનેંદ્ર પૂજા અષ્ટ પ્રકારે રચાઉં...............રે ૪

જિન તેરી મહિમા કૈસે ગાવું,
તેરે ચરણોંમેં રહના ચાહું;
શ્રી જિનવરકે ચરણોમેં શીર ઝુકાવું...............રે ૫
કાન ગુરુવરકે ચરણોમેં શીર ઝુકાવું..................રે

(૨૫૩) શ્રી સીમંધર જિન–સ્તવન.

મન મંદિર આવોરે, કરૂં એક વિનતડી;
પ્રભુ સીમંધર જિણંદારે, દાસ સામુ જુવો જરી. ૧

નાથ ભરતે પધારો રે, ભક્તો રાહ જોવે ઘણી;
અતિ દર્શન આશારે, ભાવે કરૂં ભક્તિ ભલી. ૨

ક્ષણ ક્ષણ તારા ભક્તોરે, વાટલડી જોવે ભલી;
આવો આવો પ્રભુજીરે, મંદિરીયે સીમંધર ધણી. ૩

પ્રભુ (અમ) વિનતિ સ્વીકારીરે, ભરતે ભગવાન વિચરો;
દિવ્ય ધ્વની સુણાવીરે, સેવકને ન્યાલ કરો. ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તારે અસંખ્ય પ્રદેશેરે, કેવળજ્ઞાન જ્યોતી ઝળકે;
વીતરાગી જિણંદારે, ઉપશમ રસ મુદ્રા સોહે. ૫

મારૂં મન પ્રભુ તલસેરે, ક્યારે નીરખું વિદેહી ધણી;
ભક્તિ ભાવે તુઝને ભેટું રે, ચરણે નમું લળી લળી. ૬

મારા મનમાં હોંશ ઘણીરે, દેવાધિદેવ નિરખું ફરી;
નિરખી નિરખીને હરખું રે, સાક્ષાત્ પ્રભુ સેવ કરી. ૭

કુંદ કાનના શિરછત્રરે, વિનતિ પ્રભુ ધ્યાને ધરી;
ભગવંત ભરતે પધારોરે, બાલક પર મહેર કરી. ૮

(૨૫૪) શ્રી વીર જિન-સ્તવન.

(લાગી લગન મ્હને તારી હો લલના, લાગી૦-રાગ.)

લાગી લગન મ્હને તારી હો જિનજી, લાગી લગન મ્હને તારી
તું ત્રિભુવન ઉપગારી હો જિનજી, લાગી લગન મ્હને તારી.

અકલ સકલ અવિચલ અવિનાશી,
નિર્વૃતિ નગર નિવાસી હો જિનજી. લાગી૦

કેવલ જ્ઞાન અનંત પ્રકાશી,
વિશદાનંદ વિલાસી હો જિનજી. લાગી૦ ૧

વર્ણાદિક પુદ્ગલથી વિરંગી,
આકૃતિ મુક્ત અનંગી હો જિનજી. લાગી૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વેદ વિવર્જિત અરૂહ અસંગી,
નિરૂપમ નિજ ગુણરંગી હો જિનજી. લાગી૦ તું૦ ૨

નિત્ય નિરંજન તું નિરૂપાધિ,
નિર્બંધન નિર્વ્યાધિ હો જિનજી. લાગી૦

નિર્મલ જ્યોતિ નિરીહ નિરાધિ,
સહજ સ્વરૂપ સમાધિ હો જિનજી. લાગી૦ તું૦ ૩

ત્રીલોકપતી જિનશાસન સ્વામી,
વર્દ્ધમાન વિશરામી હો જિનજી. લાગી૦

નિઃશ્રેયસ શિવ સુખ ધનનામી,
આપો અંતરજામી હો જિનજી. લાગી૦ તું૦ ૪

(૨૫૫) શ્રી ગુરુદેવ-સ્તવન.

માતાને સ્વપ્નાં લાધ્યાંને, ઝબકીને જાગ્યા ઉજમબા;
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાને, દુદુંભી વાગ્યા ઉજમબા. ૧

જોયું હૃદયમાં જાગીને નીંદડી, ત્યાગી ઉજમબા,
કુંખે આવ્યા છે વડભાગીને, ભાવઠ ભાંગી ઉજમબા. ૨

માતાને ઉછરંગ આવ્યો ને, સંદેશો સુણાવ્યો ઉજમબા;
માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા. ૩

જોષીએ જોષ એમ જોયાં ને, મનડાં મોહ્યાં ઉજમબા;
કાં કોઈ નગરીનો રાયા કે, જગ તારણહારો ઉજમબા. ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મીઠડાં ફળ એમ સુણ્યાં ને, ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને, તેજ ઉભરાણા ઉજમબા. ૫

તેજ દેખીને સંત મોહ્યાંને, કાન નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા. ૬

કહાને એવી બંસરી બજાવી કે, આત્મનાદ ગજાવ્યા ઉજમબા;
થયો ધર્મ ધુરંધર ધોરી કે. જગ તારણહારો ઉજમબા. ૭

(૨૫૬) શ્રી ગુરુદેવ–સ્તવન.

શાસન ઉદ્ધારક પ્રભુ જન્મ દિવસ છે આજનો રે
સહુ જન સંગે હળીમળી મહોત્સવ કરીએ આજ
મારા હૃદયે આજે આનંદના ઉભરા વહેરે. શાસન૦

સાખી

ઉમરાળામાં જનમીયા ઉજમબા કુંખ નંદ,
કહાન તારૂં નામ છે જગત વંદ્ય અનુપ;
જયજયકાર જગતમાં થાયે તુજનો આજ
મહિમા તુજ ગુણની હું શી કહું મુખથી સાહીબારે. શા૦

જ્ઞાન ભાનુ પ્રકાશીયો ઝળકયો જગત મોઝાર,
સાગર અનુભવ જ્ઞાનનો રેલાવ્યો ગુરુરાજ;
વિષમ કાળે વરસ્યો અમૃતનો વરસાદ,
તારી ભક્તિતણો આલ્હાદ ઇચ્છે ઇંદ્રોપતિરે. શાસન૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સીમંધર જિનરાજના નંદન રૂડા કહાન,
ઉછળ્યા સાગર શ્રુતના તુજ આતમ મોઝાર;

તારા જન્મે તો હલાવ્યું આખા હિંદનેરે,
પંચમકાળે તારો અદ્વીતીય અવતાર
સારા ભરતે તારો મહિમા અખંડ વ્યાપી રહ્યોરે. શા૦

સેવા ચરણકમળતણી ઇચ્છું નીશદીન દેવ,
તુજ ચરણ સમીપ રહી, કરીએ આત્મ કલ્યાણ.

તારા ગુણ તણો મહિમા છે અપરંપાર
તારા જન્મે ગગને દેવ દુદુંભી વાગીયારે;
ઇંદ્રો ચંદ્રો તારા જન્મ દિવસને ઉજવે રે. શાસન૦

---

(૨૫૭) શ્રી ગુરુદેવ-સ્તવન.

મારા નાથની વધાઈ આજે છે, મારા સ્વામીની વધાઇ આજે છે;
ગુરુદેવની વધાઈ આજે છે, એના શબ્દ ગગનમાં ગાજે છે. મારા૦

વીર માર્ગ પ્રવર્તક ભરતે ગાજે છે, ધર્મ ધ્વજનો ડંકો બજાવે છે;
શાસન ઉન્નતિ આજે છે. મારા૦

મુમુક્ષુ હૃદયો ઉલસે છે, આજે અમૃત વરસા વરસે છે;
જૈન શાસનનો જયકાર ગાજે છે. મારા૦

આજે સ્વર્ગેથી ભક્ત દેવો આવે છે, આવી ભક્તિની ધૂન મચાવે છે;
ગુરુરાજનો જયકાર ગજાવે છે. મારા૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વૃક્ષો ને વેલડીયો નાચે છે, ફળ ફૂલ આજે પાય લાગે છે;
ગુરુ ભક્તિમાં સહકાર આપે છે. મારા૦
અજોડ સંતની વધાઈ વાગે છે, કેસરી સિંહની વધાઈ વાગે છે;
એ તો ગુણમાં વધતો ગાજે છે. મારા૦
દિવ્ય ધ્વનિના રહસ્યો જેણે ખોલ્યા છે, શાસ્ત્રના ઊંડા મર્મ ઉકેલ્યા છે;
એ તો જગના તારણહાર જાગ્યા છે. મારા૦
પ્રભુ સેવક લળી પાય લાગે છે, આત્મલાભની વધાઈ આજે આગે છે;
કૃપાનાથ કૃપા વરસાવે છે. મારા૦

(૨૫૮) શ્રી ગુરુદેવ–સ્તવન.

ભારતખંડમાં સંત એક ઊગીયો, ભાગ્યવાન આંગણે કહાન એ પાકીયો;
ચૈતન્ય જ્યોતિ અખંડ, સંત એવા પૂજવા પધારજો. ૧
જાગીયો એ સંત આજ, જગતને જગાડવા;
મુક્તિમંત્ર આપીયો, સ્વતંત્રતાને પામવા.
શક્તિ એની છે પ્રચંડ. સંત૦ ૨
સીમંધરદેવના ચરણ ઉપાસક, પૂર્ણાનંદ સ્વરૂપતણો ગ્રાહક;
જાગ્યો એ સંત એકાએક. સંત૦ ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કુંદકુંદપ્રભુનો કેહાયત સંત એ,
સમયસાર શાસ્ત્રનો પચાવનાર સંત એ;
ખોલ્યા રહસ્ય અણમૂલ. સંત૦ ૪

અજ્ઞાન અંધારા નશાડવા એ શુરવીર,
જ્ઞાન પ્રકાશ પ્રકાશવા એ ભડવીર;
ભવ્યનો ઉદ્ધારનાર વીર. સંત૦ ૫

નિજ સ્વરૂપની મસ્તીમાં મસ્ત એ,
આત્મ અખંડમાં થયા અલમસ્ત એ;
વાણીએ ઝરે અમીરસ. સંત૦ ૬

ઉત્તમ ભાગ્યથી સંત એ સેવીયા,
સેવકના સર્વ કાર્ય સુધરીયા,
વંદન હોજો અનંત. સંત૦ ૭

(૨૫૯) શ્રી ગુરુદેવ–સ્તવન

(રાગ–ભેટે ઝુલે છે તલવાર.)

વૈશાખ સુદ બીજને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યા;
ગાજ્યાં દુદુંભીના નાદ, ઉમરાળા ગામે કહાન પધાર્યા,
ન માય આનંદ કુટુંબીજનહૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ.
ઉજમબા૦

લાગી ધૂન આતમાની માંહી. ઉજમબા૦
વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા;

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વૈરાગી કહાને ત્યાગ જ લીધો, કાઢયું અલૌકીક કાંઈ. ઉજમણા;
પાકયા છે યુગ પ્રધાની સંત એ, સેવકને હરખ ન માય.
ઉજમણા૦
એવા સંતની ચરણ સેવાથી, ભવના આવે છે અંત;
ઉજમણા૦
પંચમકાળે અહો ભાગ્ય ખીલ્યા છે વંદન હોજો અનંત.
ઉજમણા૦

(૨૬૦) શ્રી ગુરુદેવ–સ્તવન.

(રાગ–ભેટે ઝુલે છે તલવાર.)

સુવર્ણપુરે વસે એક સંત, ભવ્ય સહુ આવો જોવાને;
અપૂર્વ અલખ કોઇ એણે જગાડયો, જગાડયા અનેક ભવ્ય
જીવ. ભવ્ય૦ ૧
સોળ કળાએ જ્ઞાન સુર્ય પ્રકાશ્યો, પ્રકાશ્યો ચૈતન્ય રાજ;
ભવ્ય૦
જેની મુદ્રામાં શાંતરસ છવાણા, વાણીમાં અમીરસ ધાર.
ભવ્ય૦ ૨
અંતરપટમાં ગૂઢતા ભરી છે, કળવી મહા મુશ્કેલ; ભવ્ય૦
અંતરહૃદયમાં કરુણાનો પીંડ છે, દ્રઢતાનો નહિ પાર. ભ૦ ૩
દર્શનથી સતરૂચિ જાગે છે, વાણીથી અંતર પલટાય; ભ૦
સદ્‌ગુરુદેવ અમૃત પીરસે છે, સેવક વારી વારી જાય. ભ૦ ૪

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain: Digitized by Sarayu Trust/eGangotri

સિંહ કેસરીના સિંહ નાદેથી, હલાવ્યું છે આખું હિંદ; ભ૦
સુવર્ણપુરીમાં નિત્ય ગાજે છે, આત્મ બંસી કેરા સુર. ભ૦ ૫
જ્ઞાતા અકર્તાનું સ્વરૂપ સમજાવે, સ્વપરનો બતાવે ખરો ભેદ;
કલ્પવૃક્ષ અમ આંગણે ફળીયો, આનંદનો નહિ પાર. ભ૦
શ્રી ગુરુદેવની ચરણ સેવાથી, મારૂં અંતર ઉછળી જાય. ભ૦
તન મન ધન પ્રભુ ચરણે અર્પું, તોયે પુરું નવ થાય. ભ૦ ૭

(૨૬૦) શ્રી ગુરુદેવ–સ્તવન.

(સંવત ૨૦૦૦માં શ્રી ગુરુદેવ સોનગઢમાં પધાર્યા
તે વખતનું સ્તવન.)

અપૂર્વ અવસર સ્વર્ણપુરીમાં, પધાર્યા સદ્‌ગુરુદેવ રે;
ધન્ય દિન આજે ઉગ્યો રે.

ભવ્ય હૃદયમાં તત્ત્વ રેડીને, પધાર્યા તીર્થધામ રે; ધન્ય૦
પ્રભાવનાનો ધ્વજ ફરકાવી, ભેટયા આજે ભગવાન રે; ધ૦
દેશો દેશ જયકાર ગજાવી, પધાર્યા શ્રી પ્રભુ કહાન રે. ધ૦
મીઠો મ્હેરામણ આંગણે દીઠો, શ્રી સદ્‌ગુરુદેવ રે; ધન્ય૦
સોળ કળાએ સુર્ય પ્રકાશ્યો, વરસ્યા અમૃત મેહરે. ધન્ય૦
સત્ય સ્વભાવને બતાવવા પ્રભુ અજોડ જાગ્યો તું સંત રે; ધ૦
અજબ શક્તિ પ્રભુ તાહરી દેખી, ઇંદ્રો અતિ ગુણ ગાય રે. ધ૦
શ્રીગુર રાજની પધરામણીથી, આનંદ અતિ ઉલસાય રે; ધ૦
મંદિરને આ ધામો અમારા, દીસે અતિ રસાળ રે. ધન્ય૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વૃક્ષો અને વેલડીયો પ્રભુજી, લળી લળી લાગે પાય રે; ધ૦
ફળ ફૂલ આજે નીચા નમીને, પુજન કરે પ્રભુ પાય રે; ધ૦
મોર ને પોપટ સહુ કહે, આવો આવોને કહાનપ્રભુ દેવ રે. ધ૦
પ્રભુ ચરણના સ્પર્શથી આજે ભૂમિ અતિ હરખાય રે; ધ૦
રંકથી માંડી રાયને, પ્રભુ આનંદ આનંદ થાય રે. ધન્ય૦
દેવો આજે વૈમાનથી ઉતરી, વધાવે કહાનપ્રભુ દેવ રે. ધ૦
શ્રી ગુરુરાજના પુનિત ચરણથી, સુવર્ણપુરે જયકાર રે; ધ૦
તીર્થધામની શોભા અપાર જ્યાં, બિરાજે દેવ ગુરુ શાસ્ત્ર રે. ધન્ય૦

(૨૬૧) શ્રી જિન-સ્તવન.

(રાગ-મોહે પ્રેમકે ઝુલે ઝુલાદો કોઈ)

મોહે જીનકા રાહ બતાદો કોઈ,
મૈને જિનપ્રભુ કો બતાદો કોઈ.
આતમ કિનારે મુક્તિકા વાસા,
મેરી આતમ કો વ્હાં વસાદો કોઈ. મોહે૦
દર્શન જ્ઞાનકી પ્યાસ મુઝે હૈ,
મ્હેર કરીને બુઝાદો કોઈ. મોહે૦
પ્રભુ શાસનકા રંગ લગા હૈ,
પૂર્ણ પ્રાપ્તિ ઉસકી કરાદો કોઈ. મોહે૦
આત્મ ભૂમિમેં જીનવર પ્યારા,
શ્રી ગુરુવર ચરણે વસાદો કોઈ. મોહે૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(૨૬૨) શ્રી જિનેંદ્ર સ્તુતિ.

(છંદ ૧૬ માત્રા.)

જય જિનંદ સુખકંદ નમસ્તે, જય જિનંદ જિતફંદ નમસ્તે; જય જિનંદ વરબોધ નમસ્તે, જય જિનંદ જિતક્રોધ નમસ્તે. ૧. પાપતાપહર ઇંદુ નમસ્તે, અર્હવર્ણજીતબિંદુ નમસ્તે; શિષ્ટાચાર વિશિષ્ટ નમસ્તે, ઇષ્ટ મિષ્ટ ઉત્કૃષ્ટ નમસ્તે. ૨. પર્મ ધર્મ વર શર્મ નમસ્તે, મર્મભર્મઘન ધર્મ નમસ્તે; દૃગ વિશાલ વરભાલ નમસ્તે, હૃદ-દયાલ ગુનમાલ નમસ્તે. ૩. શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ નમસ્તે, રિદ્ધિસિદ્ધિ વરવૃદ્ધિ નમસ્તે; વીતરાગ વિજ્ઞાન નમસ્તે, ચિદ્વિલાસ ધૃત ધ્યાન નમસ્તે. ૪. સ્વચ્છગુણાંબુધિ રત્ન નમસ્તે, સત્ત્વ હિંતકરયત્ન નમસ્તે, કુનયકરીમૃગરાજ નમસ્તે, મિથ્યાખગવરબાજ નમસ્તે. ૫. ભવ્યભવોદધિપાર નમસ્તે, શર્મામૃતશિવસાર નમસ્તે; દરશ-જ્ઞાન-સુખવીર્ય નમસ્તે, ચતુરાનનધરધીર્ય નમસ્તે. ૬ હરિહરબ્રહ્મા વિષ્ણુ નમસ્તે, મોહમર્દમનુજિષ્ણુ નમસ્તે; મહાદાન મહભોગ નમસ્તે, મહાજ્ઞાન મહજોગ નમસ્તે. ૭. મહાઉગ્રતપસૂર નમસ્તે, મહા મૌનગુણભૂરિ નમસ્તે; ધરમચક્રિ વૃષકેતુ નમસ્તે, ભવસમુદ્રશતસેતુ નમસ્તે; વિદ્યા ઈશ મુનીશ નમસ્તે, ઇંદ્રાદિકનુતશીસ નમસ્તે; જય રત્નત્રયરાય નમસ્તે. સકલ જીવસુખદાય નમસ્તે. ૮. અસરણશરણસહાય નમ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સ્તે, ભવ્યસુપંથલગાય નમસ્તે; નિરાકાર સાકાર નમસ્તે, એકાનેક આધાર નમસ્તે. ૧૦. લોકાલોક વિલોક નમસ્તે, ત્રિધા સર્વગુણથોક નમસ્તે; સલ્લદલ્લદલમલ્લ નમસ્તે, કલ્લમલ્લજિતછલ્લ નમસ્તે. ૧૧. ભુક્તિમુક્તિદાતાર નમસ્તે, ઉક્તિસુક્તિશ્રૃંગાર નમસ્તે; ગુણઅનંત ભગવંત નમસ્તે, જૈ જૈ જૈ જયવંત નમસ્તે. ૧૨.

---

(૨૬૩) દર્શનસ્તુતિ.

(હરિગીતિકા.)

પુલકંત નયન ચકોર પક્ષી, હઁસત ઉર ઇંદીવરો; દુર્બુદ્ધિ ચકવી વિલખ વિછુરી, નિબિડ મિથ્યાતમ હરો; આનંદ અંબુધિ ઉમગિ ઉછર્યો, અખિલ આતપ નિરદલે, જિનવદન પૂરનચંદ્ર નિરખત, સકલ મનવાંછિત ફલે. ૧. મમ આજ આતમ ભયો પાવન, આજ વિઘન વિનાશિયા, સંસારસાગર નીર નિવટ્યો, અખિલ તત્ત્વ પ્રકાશિયા; અબ ભઈ કમલા કિંકરી મમ, ઉભય ભવ નિર્મલ થયે, દુઃખ જર્યો દુર્ગતિ વાસ ટળીયો, આજ નવ મંગલ ભયે. ૨. મનહરન મૂરતિ હેરિ પ્રભુકી, કૌન ઉપમા લાઇયે; મમ સકલ તનકે રોમ હુલસે હર્ષઓર ન પાઇયે, કલ્યાણકાલ પ્રતચ્છ પ્રભુકો, લખૈં જે સુરનર ઘને; તિહસમયકી આનંદ મહિમા, કહત ક્યોં મુખ સોં બને. ૩. ભર નયન નિરખે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નાથ તુમકો ઔર વાંછા ના રહી, મન ઠઠ મનોરથ ભયે પૂરન રંક માનોં નિધિ લહી; અબ હોઉ ભવ ભવ ભક્તિ તુમ્હરી, કૃપા એસી કીજિયે; કર જોર ભૂધરદાસ વિનવે, યહી વર મોહિ દીજિયે. ૪.

---

(૨૬૪) જિનેંદ્ર સ્તુતિ.

(ગીતા છંદ.)

મંગલસરૂપી દેવ ઉત્તમ હમ શરણ્ય જિનેશજી, તુમ અધમતારણ અધમ મમ લખિ મેટ જન્મકલેશ જી. ટેક. તુમ મોહ જિત અજિત ઇચ્છાતીત શર્મામૃત ભરે, રજનાશ તુમ વર ભાસદૃગ નભ જ્ઞેય સબ ઇક ઉડુચરે; રટરાસ ક્ષતિ અતિ અમિત વીર્ય સુભાવ અટલ સરૂપ હો, સબ રહિત દૂષણ ત્રિજગભૂષણ અજ અમલ ચિદ્રૂપ હો. ૧. ઇચ્છા વિના ભવિભાગ્યતૈં તુમ, ધ્વનિ સુ હોય નિરક્ષરી; ષટદ્રવ્યગુણપર્યય અખિલયુત એકછિનમૈં ઉચ્ચરી; એકાંતવાદી કુમત પક્ષવિલિપ્ત ઇમ ધ્વનિ મદ હરી, સંશય તિમિરહર રવિકલા ભવિશસ્યકોં અમરિત ઝરી. ૨. વસ્ત્રાભરણ વિન શાંતમુદ્રા, સકલ સુરનરમન હરૈ; નાશાગ્રદૃષ્ટિ વિકારવર્જિત નિરખિ છબિ સંકટ ટરૈ; તુમ ચરણપંકજ નખપ્રભા નભ કોટિસૂર્ય પ્રભા ધરે, દેવેંદ્ર નાગ નરેંદ્ર નમત સુ, મુકુટમણિદ્યુતિ વિસ્તરૈ. ૩. અંતર બહિર ઇત્યાદિ લક્ષ્મી, તુમ અસાધારણ લસૈ; તુમ જાપ પાપકલાપનાસૈ, ધ્યાવતે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શિવથલ બસૈ; મૈં સેય કુદગ કુબોધ અવ્રત, ચિર ભ્રમ્યો ભવવન સબૈ, દુઃખ સહે સર્વ પ્રકાર ગિરિસમ, સુખ ન સર્ષપસમ કબૈ. ૪. પરચાહદાહદહ્યો સદા કબહૂં ન સામ્ય-સુધા ચખ્યો; અનુભવ અપૂરવ સ્વાદુવિન નિત, વિષય રસચારો ભખ્યો; અબ બસો મો ઉરમેં સદા પ્રભુ, તુમ ચરણ સેવક રહોં; વર ભક્તિ અતિ દ્દઢ હોહુ મેરે, અન્ય વિભવ નહીં ચહોં. ૫. એકેંદ્રિયાદિક અંતગ્રીવક, તક તથા અંતરઘની; પર્યાય પાય અનંતબાર અપૂર્વ, સો નહિં શિવધની; સંસૃતિભ્રમણતે થકિત લખિ નિજ, દાસકી સુન લીજિયે; સમ્યકદરશ વરજ્ઞાનચારિતપથ ' વિહારી ' કીજિયે. ૬.

---

(૨૬૫) શ્રી જિનેંદ્ર-સ્તવન.

(હરિગીત.)

